દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 279 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 November 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૬ નવેમ્બર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯




## સૈકાઓ જૂના ઘા રૂઝાઈ રહ્યા છેઃ મોદી

### અયોધ્યામાં રામમંદિર પર ધર્મધજાના આરોહણ પ્રસંગે વડા પ્રધાને ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાની માગરિખા પણ જાહેર કરી






અયોધ્યાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે ભારત રામમંદિરના બાંધકામની પૂર્ણાહુતિ તરફ જઈ રહ્યું છે ત્યારે સદીઓ જૂના ઘા અને વેદનામાં રૂઝ આવી રહી છે. મોદીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પૂરું કરવાની વ્યાપક રાષ્ટ્રીય રૂપરેખા જાહેર કરી હતી. બાંધકામ પૂરું થવાના સંકેત દેવા માટે મોદીએ રામમંદિરની ઉપર ધર્મધજા ફરકાવી હતી. તેમણે આ નિમિત્તે લોકોને સંબોધન કરતાં કહ્યું હતું કે આ ક્ષણ દેશનું સાંસ્કૃતિક પુનરુત્થાન બતાડે છે. મોદીએ કહ્યું હતું કે આજે આખો દેશ અને વિશ્વ રામમય થઈ ગયો છે.



સદીઓ જૂના ઘા રૂઝાઈ રહ્યા છે. સદીઓ જૂની વેદના જતી રહી છે. ૫૦૦ વર્ષથી પેટેલી ચિનગારી આજે સાકાર થઈ છે, એમ તેમણે કહ્યું હતું.

ધ્વજારોહણને એક અજોડ દિવ્ય ક્ષણ ગણાવતા મોદીએ કહ્યું હતું કે રામમંદિર એ હકીકતનો પુરાવો

(જુઓ પાનું ૨) ▸▸

## ૧૫મી ફેબ્રુઆરીએ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન જંગ

મુંબઈઃ આગામી ફેબ્રુઆરી-માર્ચમાં રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં કટ્ટર હરીફો ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે અને એમની વચ્ચેનો મુકાબલો ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં થશે. ડિફેન્ડિંગ ચૅમ્પિયન કેપ્ટન રોહિત શર્માને આઇસીસીના બ્રૅન્ડ ઍમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.

આઇસીસીના ચૅરમૅન જય શાહે ગઈ કાલે સત્તાવાર રીતે ટાઇમટેબલની જાહેરાત કરી હતી. ભારત અને શ્રીલંકા આ વિશ્વ કપના સંયુક્ત યજમાન છે અને સમજૂતી મુજબ પાકિસ્તાનની

(જુઓ પાનું ૨) ▸▸

## ભાજપને મૂળસોતાં ઉખેડી નાખીશઃ મમતા

### એસઆઈઆરના મુદ્દે પશ્ચિમ બંગાળનાં સીએમ ભડક્યાં

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મંગળવારે ઉત્તર ૨૪ પરગણાના બનગાંવમાં એક રેલીને સંબોધન કરતાં મતદારયાદી સુધારણાની કવાયત (એસઆઈઆર)ને મામલે કેન્દ્ર સરકાર અને ભાજપ પર આક્રમક પ્રહાર કર્યા હતાં.

તેમણે એસઆઈઆર-વિરોધી રૅલીમાં કહ્યું હતું કે, અમે ભાજપને મૂળસોતાં દેશમાંથી ઉખેડી નાખીશું.

તેમણે કહ્યું હતું કે એક એસઆઈઆર પૂરું થતાં ત્રણ વર્ષ લાગે છે. અમે તેનો વિરોધ નથા કર્યો. બસ એટલું જ કહ્યું છે કે કોઈ પણ વાસ્તવિક મતદાતાનું નામ મતદારયાદીમાંથી રદ કરી શકાય નહીં.

(જુઓ પાનું ૨) ▸▸









## ઈથિયોપિયાના જ્વાળામુખીની રાખનું ભયંકર વાદળ દિલ્હી થઈ ચીન રવાના

### ઍર ઈન્ડિયાની અનેક ફ્લાઈટ કેન્સલઃ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર હોવાની નાગરિક ઉડ્ડયન ખાતાની ધરપત

નવી દિલ્હી : ઈથિયોપિયાનો હાયબી ગુબી જ્વાળામુખી ફાટતાં આકાશમાં ઊડેલાં રાખનાં વાદળે ભારત છોડવાનું શરૂ કર્યું હતું એવી માહિતી ભારતીય હવામાન ખાતાએ આપી હતી. રાખનું વાદળ સોમવારે સાંજે યમન, ઓમાન અને અરબી સમુદ્ર પસાર કરીને ગુજરાત અને રાજસ્થાન પહોંચ્યું હતું. મધ્યરાત્રિએ તે દિલ્હી પહોંચ્યું હતું. મંગળવારે મોડેથી તે પૂર્વ અને ઈશાન ભારતમાંથી ચીનમાં જતું રહ્યું હતું.

હવામાન ખાતાએ કહ્યું હતું કે અમે એવી આશા રાખીએ છીએ કે બુધવાર સુધી રાખનું વાદળ ભારતમાંથી જતું રહેશે. આ રાખનાં રજકણો છે જે આઠ કિલોમીટરથી ૧૫ કિલોમીટરની ઊંચાઈએ આગળ વધી રહ્યા છે. આની મુખ્ય અસર દિલ્હી, કોલકતા અને મુંબઈના એવિયેશન અને વિમાનના ઓપરેશન્સ પર પડી રહી છે. આને લીધે ઍર ઈન્ડિયાની

(જુઓ પાનું ૨) ▸▸




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ધર્મેન્દ્રએ હિંદી ફિલ્મોના હીરોને મરદાના બનાવ્યા?

હિંદી ફિલ્મોના અત્યંત લોકપ્રિય અભિનેતા ધર્મેન્દ્રના નિધન સાથે એક યુગ પૂરો થઈ ગયો. હિંદી ફિલ્મ સિનેમાના પહેલા હી-મેન, મેચો મેન સહિતનાં બિરૂદોથી નવાજાયેલા ધર્મેન્દ્રે શોલે સહિતની એક-એકથી ચડિયાતી જબરદસ્ત સુપરહીટ ફિલ્મો આપીને હિદી સિનેમાને લોકપ્રિય બનાવવામાં બહુ ભારે યોગદાન આપ્યું. ધર્મેન્દ્રના માથે રાજેન્દ્ર કુમાર, રાજેશ ખન્ના કે અમિતાભ બચ્ચનની જેમ કદી સુપરસ્ટારનું છોગું ના લાગ્યું પણ સામે કદી તેમનો યુગ પણ પૂરો ના થયો. હિંદી સિનેમામાં સ્ટાર્સ આવ્યા, સુપરસ્ટાર્સ પણ આવ્યા ને જતા રહ્યા પણ ધર્મેન્દ્ર ધર્મેન્દ્ર જ રહ્યા. હિંદી સિનેમાની સૌથી સફળ ફિલ્મ 'શોલે' સફળતાની રીતે ધર્મેન્દ્રની કારકિર્દીનું સર્વોચ્ચ શિખર છે પણ 'શોલે'ની પહેલાં અને પછી પણ ધર્મેન્દ્રનો દબદબો હતો અને હંમેશાં રહ્યો.

ધર્મેન્દ્રના સમકાલીન કલાકારોમાંથી મોટા ભાગના બહુ લાંબો સમય પહેલાં જ પરવારી ગયા છે અને તેમના પછીની પેઢીના કલાકારો પણ નવરા થઈ ગયા છે. અમિતાભ બચ્ચન હજુ સક્રિય છે પણ બચ્ચને વચ્ચે લાંબો બ્રેક લઈ લીધેલો જ્યારે ધર્મેન્દ્ર નોન-સ્ટોપ સાડા છ દાયકા લગી ફિલ્મોમાં કામ કરતા રહ્યા. ૧૯૬૦થી ૨૦૦૪ સુધીનાં ૪૫ વર્ષ સુધી તો એક પણ વર્ષ એવું નથી ગયું કે જ્યારે ધર્મેન્દ્રની બે-ત્રણ ફિલ્મો રિલીઝ ના થઈ હોય. ૧૯૮૦ના દાયકામાં ધર્મેન્દ્રે માર-ધાડવાળી ફિલ્મો ધડાધડ સાઈન કરવા માંડી પછી તો વરસમાં ૧૦-૧૦ ફિલ્મો રિલીઝ થતી ને ઘણાં વરસમાં તો ૧૨ ફિલ્મો રિલીઝ થયેલી. મતલબ કે, દર મહિને સરેરાશ એક ફિલ્મ રિલીઝ થઈ છે. ૨૦૦૪ પછી ક્વોન્ટિટી ઘટી છતાં દર વરસે સરેરાશ એક ફિલ્મની બેસે એટલી ફિલ્મો તો ધર્મેન્દ્રે કરી જ છે. ધર્મેન્દ્રે ૧૯૬૦માં આવેલી 'દિલ ભી તેરા હમ ભી તેરે'થી શરૂ કરીને ૨૦૨૪માં આવેલી 'તેરી બાતોં મે ઐસા ઉલઝા જિયા' સુધીમાં ૬૫ વર્ષની કારકિર્દીમાં ૩૦૦થી વધારે ફિલ્મો કરી અને દિનેશ વિજાનની 'ઈક્કીસ' આવતા વરસે રિલીઝ થવાની છે એ જોતાં ધર્મેન્દ્રની હિંદી સિનેમામાં હાજરી તેમની અંતિમ વિદાય પછી પણ વર્તાશે.

ધર્મેન્દ્ર જેવો હેન્ડસમ હીરો હિંદી સિનેમાના ઈતિહાસમાં બીજો કોઈ આવ્યો નથી તેથી ધર્મેન્દ્રને હી-મેન કે મેચો મેન સહિતનાં વિશેષણો મળે તેમાં કશું ખોટું નથી. ધર્મેન્દ્ર એ જમાનાના હી-મેન હતા જ્યારે ભારતમાં જીમમાં જઈને કે પાવડરો ખાઈને બોડી બનાવવાનું ચલણ નહોતું. સિક્સ પેક કે એઈટ પેક એબ્સ જેવા શબ્દો ચલણમાં નહોતા ને પ્રેમનાથ કે સજ્જન જેવા અપવાદરૂપ કલાકારોને બાદ કરતાં ફિટ એક્ટર્સ જ નહોતા.

ધર્મેન્દ્ર ફિલ્મોમાં આવ્યા ત્યારે દિલીપ કુમાર, રાજકપૂર, દેવ આનંદની ત્રિપુટીના વર્ચસ્વના દિવસો પતી ગયેલા. આ ત્રિપુટીમાં દેવ આનંદ હેન્ડસમ હતા પણ રાજકપૂર કે દિલીપ કુમાર તો યુવાનીમાં પણ એકદમ તરોતાજા યુવાન નહોતા લાગતા. હિંદી ફિલ્મોમાં મમરાના કોથળા જેવા એક્ટર્સ હીરો બનતા કે જેમની ચરબી ગમે ત્યાંથી છલકાઈને બહાર આવી જતી. જે નવા હીરો આવેલા એ બધા પણ મરદાના નહોતા લાગતા. એક તરફ પ્રદીપ કુમાર અને ભારત ભૂષણ જેવા હીરો હતા કે જે કદી યુવાન લાગતા હશે કે કેમ તેમાં જ શંકા છે ને બીજી તરફ શમ્મી કપૂર અને રાજેન્દ્ર કુમાર જેવા નવા ઊભરી રહેલા હીરો હતા કે જે પ્રદીપ કુમાર અને ભારત ભૂષણ જેવા સાવ ચોયણા છાપ નહોતા પણ મરદાના પણ નહોતા લાગતા.

ધર્મેન્દ્ર આ બધાથી અલગ હતા ને તેમને જોઈને પહેલી વાર હિંદી સિનેમાના દર્શકોને સાચા અર્થમાં હેન્ડસમ કોને કહેવાય એ વાતનો અહેસાસ થયો. સાવ મડદાલ હીરો સાથે ફિલ્મો કરતી મીનાકુમારી સહિતની એક્ટ્રેસીસને પણ આ વાતનો અહેસાસ થયો તેથી ધર્મેન્દ્ર એ જમાનાની હીરોઈનોમાં પણ છવાઈ ગયેલા. ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં ધર્મેન્દ્ર સાથે કામ કરીને તેમનું સાનિધ્ય પામવા હીરોઈનોમાં પડાપડી થતી. ૧૯૬૦ના દાયકામાં ફિલ્મી મેગેઝિનોમાં ધર્મેન્દ્રના હીરોઈનો સાથેના ગરમાગરમ રોમાન્સની ગોસિપો છપાતી ને એ વાંચવા પડાપડી થતી. હીરોઈનોમાં ગરમ ધરમ તરીકે જાણીતા થઈ ગયેલા ધર્મેન્દ્ર સાથે કામ કરનારી તમામ હીરોઈન તેમના પ્રેમમાં પડી જતી એવું કહેવાતું.

આ તો ધર્મેન્દ્રની ઈમેજની વાત કરી પણ ધર્મેન્દ્રનું હિંદી ફિલ્મોમાં યોગદાન પહેલા મરદાના હીરોથી બહુ વધારે છે. ધર્મેન્દ્ર હિન્દી ફિલ્મોમાં ઘણી બધી રીતે ટ્રેન્ડ સેટર છે. જે જમાનામાં કહેવાતા મોટા હીરો હીરોઈન પ્રધાન ફિલ્મોમાં કામ કરવાથી દૂર ભાગતા એ જમાનામાં ધર્મેન્દ્રે આવી ફિલ્મોમાં કામ કરવાની હિંમત બતાવેલી. શર્મિલા ટાગોર સાથેની અનુપમા, નૂતન સાથેની બંદિની, મીના કુમારી સાથેની ફૂલ ઔર પથ્થર વગેરે આવી ફિલ્મો છે. ધર્મેન્દ્ર પોતાની કારકિર્દીમાં એકદમ સફળ થઈ ગયેલા ત્યારે પણ હેમા માલિની સાથેની રઝિયા સુલતાન કરીને તેમણે આ હિંમતનાં દર્શન કરાવ્યાં જ હતાં. હિન્દી ફિલ્મોમાં અત્યારે હીરોમાં બોડી બતાવવા માટે શર્ટ કાઢીને ઊભા રહી જવાનો ટ્રેન્ડ છે ને આ ટ્રેન્ડની શરૂઆત પણ ધર્મેન્દ્રે કરી હતી. એ જમાનાના બીજા કોઈ હીરો પાસે બતાવવા જેવું બોડી જ નહોતું તેથી બધા શરમાતા પણ મીનાકુમારી સાથેની ફૂલ ઔર પથ્થરમાં શાકા બનતા ધર્મેન્દ્રએ પડદા પર શર્ટ કાઢીને સનસનાટી મચાવી દીધેલી ને સિસકારા પણ કઢાવી દીધેલા.

ધર્મેન્દ્રે કારકિર્દીની શરૂઆત રોમેન્ટિક ફિલ્મોથી કરી હતી ને ૧૯૭૦ના દાયકામાં ટ્રેન્ડ બદલાતાં એક્શન ફિલ્મો તરફ વળ્યા પછી સુપરહીટ ફિલ્મોની વણઝાર કરી નાખી પણ એ પહેલાં ધર્મેન્દ્ર પોતાના અભિનયથી પણ સૌને પ્રભાવિત કરી ચૂક્યા હતા. સત્યકામ તો ધર્મેન્દ્રની કારકિર્દીમાં માઈલસ્ટોન જ છે પણ એ સિવાય પણ ધર્મેન્દ્રે અનેક ફિલ્મોમાં લાજવાબ અભિનય કર્યો છે. ધર્મેન્દ્રની ઈમેજ રોમેન્ટિક હીરોમાંથી એક્શન હીરો તરીકેની બની રહી હતી ત્યારે પણ તેમણે ચૂપકે ચૂપકે, પ્રતિજ્ઞા વગેરે ફિલ્મોમાં અદભુત કોમેડી કરીને પોતાની એક્ટિંગ રેન્જનો પરચો આપેલો. હિંદી ફિલ્મોમાં સૌથી સંવેદનશીલ અને અલગ જ પ્રકારની ફિલ્મો બનાવનારા સર્જકોમાં એક નામ ઋષિકેશ મુખરજીનું છે. ઋષિદા સાથે ધર્મેન્દ્રએ અનુપમા, મંઝલી દીદી, સત્યકામ, ગુડ્ડી, ચૂપકે ચૂપકે, ચૈતાલી એમ છ ફિલ્મો કરી. ઋષિદા જેની સાથે આટલી બધી ફિલ્મોમાં કામ કરે તેની એક્ટિંગમાં દમ તો હોય ને ?

ધર્મેન્દ્ર પર ફિલ્માવાયેલાં ગીતોની વાત કરવા બેસીએ તો એક લેખ પણ નાનો પડે એટલાં અદભુત ગીતો તેમના પર ફિલ્માવાયાં છે તેથી તેની વાત નથી કરતા. યુ ટ્યુબ પર સર્ચ કરીને એ ગીતો સાંભળશો તો ધર્મેન્દ્રની સંગીત વિશેની સમજની પણ ખબર પડશે.

ધર્મેન્દ્રની ૬૫ વર્ષની કારકિર્દીને એક લેખમાં સમેટવી અઘરી છે પણ ટૂંકમાં એટલું જ કહી શકાય કે, ધર્મેન્દ્ર જેવો હીરો હિંદી સિનેમામાં કોઈ આવ્યો તો નથી જ પણ ભવિષ્યમાં આવશે પણ નહીં.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૨૬-૧૧-૨૦૨૫, સ્કંદ ષષ્ઠી, ચંપાષષ્ઠી

- ભારતીય દિનાંક ૫, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬થો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રે ક. ૨૫-૩૨ સુધી, પછી ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૨, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- બપોરે ક. ૧૪-૫૯, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૦ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૪, રાત્રે ક. ૨૦-૫૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - ષષ્ઠી. સ્કંદ ષષ્ઠી, ચંપાષષ્ઠી, માર્તંડ ભૈરવોત્થાપન, અન્નપૂર્ણા પ્રતારંભ, સુબ્રહ્મણ્યમ ષષ્ઠી (દક્ષિણ ભારત), શુક્ર વૃશ્ચિકમાં.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૧-૧૨ પછી શુભ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ. આજથી તા. ૧૬ ડિસે. માગશર વદ-૧૨ સુધી અન્નપૂર્ણા વ્રતનો મહિમા છે. ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, વાહન સવારી, દુકાન-વેપાર, માલ લેવો, હજામત, વિદ્યારંભ, પ્રયાણ શુભ, બાળકને અન્નપ્રાશન, દેવદર્શન, નામકરણ, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, વૃક્ષારોપણ, બગીચાના કામકાજ, રાજ્યાભિષેક, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, ધાન્ય ભરવું, ખેતીવાડી.

આચમનઃ શુક્ર-ગુરુ ત્રિકોણ ગુલાબી સ્વભાવના, શુક્ર-શનિ ત્રિકોણ વેપારમાં નાણાં રોકાણથી લાભ થાય.

- ખગોળ જ્યોતિષઃ શુક્ર-ગુરુ ત્રિકોણ, શુક્ર-શનિ ત્રિકોણ (તા. ૨૭)
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા/વૃશ્ચિક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ઑપરેશન સિંદૂરે દેખાડ્યું કે ભારત આતંકવાદ સામે ઝૂકતું નથીઃ મોદી

### 'ગુરુ તેગબહાદુર કહેતા કે સત્યનું રક્ષણ એ જ ધર્મ'

કુરુક્ષેત્રઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે ગુરુ તેગબહાદુર કહેતા હતા કે સત્ય, ન્યાય તેમ જ વિશ્વાસનું રક્ષણ જ મારો ધર્મ છે અને એ માટે હું જીવનનં બલિદાન આપવા પણ તૈયાર છું.

નવમા શીખ ગુરુની ૩૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે સરકાર ગુરુ તેગબહાદુરની પરંપરાને એ જ પ્રમાણે આગળ વધારશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઑપરેશન સિંદૂર દુનિયાને દેખાડી આપ્યું કે ભારત આતંકવાદ સામે ઝૂકતું નથી. ગુરુ તેગબહાદૂરની ૩૫૦મી જન્મજયંતી નિમિત્તે મોદીએ તેમની સ્મૃતિમાં વિશેષ સિક્કો અને સ્ટેમ્પ બહાર પાડ્યા હતા. મોદીએ કહ્યું હતું કે સવારે હું રામાયણની નગરીમાં હતો અને અત્યારે કૃષ્ણની ભૂમિ પર છું.

૯, નવેમ્બર ૨૦૧૯ના સુપ્રીમ કોર્ટે રામમંદિર અંગે ચુકાદો આપ્યો હતો ત્યારે હું કતારપુર કોરિડોરના ઉદ્ઘાટન માટે પંજાબમાં દેરા બાબા નાનક ગયો હતો અને ત્યાં મેં રામમંદિરના નિર્માણનો માર્ગ મોકળો થાય અને તમામ શ્રદ્ધાળુઓનું સપનું સાકાર થાય તે માટે પ્રાર્થના કરી હતી. (એજન્સી)

# ધર્મ જ્યોત તો અનંતઃ યોગી

અયોધ્યાઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મંગળવારે અયોધ્યાસ્થિત રામ મંદિરના શિખર પર ભગવો ધ્વજ લહેરાવાયો હોવાની બાબતને નવા યુગનો આરંભ લેખાવી હતી અને ધર્મજ્યોતનો પ્રકાશ અનંત હોવાનું કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરએસએસના વડા મોહન ભાગવત સાથે રામ મંદિરના શિખર પર ધર્મધજા લહેરાવ્યા બાદ એક સભાને સંબોધન કરતાં યોગી આદિત્યનાથે કહ્યું હતું કે આ ધજા વિકસિત ભારતના દૃષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરે છે. છેલ્લાં ૧૧ વર્ષથી દેશ સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે સાંસ્કૃતિક વારસો અને વિકાસ અને સમપ્રમાણમાં સહઅસ્તિત્વ ધરાવે છે. રામ મંદિર ૧૪૦ કરોડ દેશવાસીઓના વિશ્વાસ, આત્મસમ્માન અને આત્મગૌરવનું પ્રતીક છે અને તે મંદિરના નિર્માણના કાર્યમાં અમૂલ્ય યોગદાન આપનારાં સાધુસંતો સહિતના લોકો પરત્વે આદર વ્યક્ત કરે છે. (એજન્સી)

# રામમંદિર માટે બલિદાન આપનારાઓની આત્માને હવે શાંતિ મળીઃ ભાગવત

અયોધ્યાઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે મંગળવારે કહ્યું હતું કે રામ મંદિરના શિખર પરલ ભગવો ધ્વજ લહેરાયો એ બાબતે મંદિરના નિર્માણનું કાર્ય પૂરું થયું હોવાનાં સંકેત આપતાં રામ મંદિર માટે બલિદાન આપનારાંઓને આજે શાંતિ મળી હશે.

આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતની ઉપસ્થિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું.

ઉત્તર પ્રદેશના ગવર્નર આનંદીબહેન પટેલ અને મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પણ આ સમારોહમાં હાજર રહ્યા હતા.

વર્ષ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે વિવાદાસ્પદ ૨.૭૭ એકર જમીન રામ મંદિર માટે ફાળવવાનો સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યાના છ વર્ષ બાદ અથાક પરિશ્રમને અંતે મંદિર અને તેનાં સંપૂર્ણ પરિસરના નિર્માણનું કામ પૂરું થતાં કરોડો દેશવાસીઓનું સપનું સાકાર થયું છે. મંદિરના નિર્માણ માટે બલિદાન આપનાર અશોક સિંઘલજી, મહંત રામચંદ્રદાસજી મહારાજ, દાલમિયાજી, અનેક સાધુસંતો, ગૃહસ્થો અને વિદ્યાર્થીઓનાં જીવને આજે શાંતિ મળી હશે, એમ ભાગવતે કહ્યું હતું. ૫૦૦ વર્ષના સંઘર્ષને બાજુએ રાખીએ તો પણ રામ મંદિર પર ધ્વજારોહણ કરતાં ૩૦ વર્ષ લાગ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

આ ધજા મારફતે મૂળભૂત મૂલ્યોનો ઉત્કર્ષ થયો છે અને આ મૂલ્યો જ વિશ્વ, પરિવાર, વ્યક્તિ અને સંપૂર્ણ બ્રહ્માંડને માર્ગદર્શન આપશે. ધજાનો ભગવો રંગ ધર્મનું પ્રતિનિધિત્વ કરતો હોવાને કારણે જ તેને ધર્મધજા કહેવામાં આવે છે. (એજન્સી)

## પ્રજામત

### વિદ્યાઉટ એની કોમેન્ટ

-ભારતની બૅન્કોએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં ૯.૯૦ લાખ કરોડ રૂપિયાની લોન રાઈટ-ઓફ કરી દીધી છે.

-દેશના ૮૪ ટકા જિલ્લા હિટવેવના હોટસ્પોટ બન્યા છે.

- દેશમાં દર વર્ષે દોઢ લાખ લોકો માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામે છે એવો એક અંદાજ છે.

- ઊર્જાની આયાત પાછળ દેશ વર્ષે ૧૬ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે.

- ભારતમાં દર વર્ષે વીસ લાખ જેટલા લોકોને ટીબી થાય છે અને ૨.૮૦ લાખ લોકોના તેના કારણે મોત થાય છે.

- દેશના ૧૨ ટકા મસાલા સુરક્ષા માનકમાં નિષ્ફળ ગયા છે.

**- જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ, અમદાવાદ**

### સંસ્કારોની વિદ્યાપીઠ

જીવન સફરમાં સંસ્કારોની વિદ્યાપીઠના કુલપતિ માતાશ્રીને ખૂબ ખૂબ વંદન. જેના માતુશ્રી જીવિત છે. તેઓ ખૂબ જ નસીબદાર છે. માતુશ્રીનું છત્ર ઈશ્વરના મંદિર પરની અજોડ, લહેરાતી ધજા જેવું છે. જેમના માતુશ્રી હયાત નથી તેમના માટે માતાની યાદ જીવનભરની યાદગીરી બની રહે છે. તેમનાં સ્મરણ માત્રથી જ નવું જોમ, સાહસ, હિંમત પ્રાણમાં પુરાઈ જાય અને અશક્યને પણ સફળ બનાવી દે છે. સંસ્કારોની વિદ્યાપીઠના ઉપકુલપતિ તે પિતાશ્રી જે જિંદગીભર કુટુંબના વડા તરીકે સંતાનોના રક્ષાકવચ બની મુસીબતમાં ટકી રહેવા માટેની ગજબની શક્તિ અર્પણ કરે છે.

પિતાશ્રીનું છત્ર હોવું તે દુનિયાની સર્વશ્રેષ્ઠ શક્તિ હોવાનું ઈશ્વરીય વરદાન છે, જ્યારે તેમની ગેરહાજરી હોય તો એવું લાગે છે કે જાણે જીવન જ થંભી ગયું હોય! બસ... નતમસ્તક થઈને આવા જીવનના શ્રેષ્ઠ સંસ્કારોની વિદ્યાપીઠના કુલપતિ અને ઉપકુલપતિને પ્રણામ.

**- હર્ષદ દડિયા, ઘાટકોપર**

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.

**E-mail: prajamat@bombaysamachar.com**

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

# ધર્મધજાનું આરોહણ સનાતન સંસ્કૃતિ માટે ગૌરવની ક્ષણઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે કહ્યું કે અયોધ્યામાં રામ મંદિર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસના વડા મોહન ભાગવત દ્વારા ભગવો ધ્વજ ફરકાવવો એ સનાતન સંસ્કૃતિ અને ભગવાન રામના ભક્તો માટે ખૂબ જ ગૌરવની વાત છે.

હિન્દીમાં એક એક્સ પોસ્ટમાં શાહે કહ્યું કે, ભગવાન રામચંદ્રની જય!

સમગ્ર માનવતા માટે ધર્મ અને કર્મનો આદર્શ સ્થાપિત કરનારા ભગવાન શ્રી રામના જન્મસ્થળ પર બનેલા ભવ્ય અને દિવ્ય મંદિરના શિખર પર, પવિત્ર ધર્મધ્વજ ઔપચારિક રીતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી અને સરસંઘચાલક મોહન ભાગવતજીના પવિત્ર હાથે, સંત સમુદાયની પવિત્ર હાજરીમાં સ્થાપિત કરવામાં આવ્યો. શાહે કહ્યું કે ધ્વજ ''માતા સીતા અને ભગવાન શ્રી રામના લગ્નના પવિત્ર દિવસે'' ફરકાવવામાં આવ્યો હતો. તેમણે લખ્યું કે ''આ સનાતન સંસ્કૃતિ અને રામ ભક્તો માટે ખૂબ જ ગર્વનો દિવસ છે. આ ધર્મધ્વજ ભગવાન શ્રી રામના જીવન અને આદર્શોને જાણવા અને તેમના પગલે ચાલવા માટે લોકોને પ્રેરણા આપશે.''

# પડોશમાં યુદ્ધના ભણકારાઃ અફઘાન પર પાકિસ્તાનનો હુમલો, નવ બાળકનાં મોત

ઇસ્લામાબાદ : પાડોશી દેશ અફઘાનિસ્તાનમાં ફરી એકવાર પાકિસ્તાન તરફથી હવાઈ હુમલા કરવામાં આવ્યા છે. પાકિસ્તાને એરસ્ટ્રાઇક માટે એવો સમય પસંદ કર્યો જ્યારે લોકો પોતપોતાના ઘરોમાં સૂઈ રહ્યા હતા. અફઘાનિસ્તાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદના જણાવ્યા અનુસાર, ગત રાત્રે લગભગ ૧૨ વાગ્યે થયેલા આ હુમલામાં નવ બાળકો સહિત કુલ દસ લોકોનાં મોત થયા છે, જ્યારે પાંચ નાગરિકો ઘાયલ થયા છે. આ સાથે જ ભારતની પડોશમાં યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે કારણ કે કાબૂલે પણ ઇસ્લામાબાદને જડબાતોડ જવાબ આપવાની તૈયારી કરી લીધી છે. આ હુમલાઓ અફઘાનિસ્તાનના ખોસ્ત અને કુનર-પક્તિકા જેવા સરહદી વિસ્તારોમાં કરવામાં આવ્યા હતા, જ્યાં મોટી સંખ્યામાં જાનમાલનું નુકસાન થયું છે. ખોસ્ત પ્રાંતના ગર્બજો જિલ્લાના મગલગઈ વિસ્તારમાં પાકિસ્તાની સેના દ્વારા એક નાગરિકના ઘર પર બોમ્બમારો કરવામાં આવ્યો, જેમાં પાંચ છોકરાઓ અને ચાર છોકરીઓ સહિત એક મહિલાનું કરુણ મૃત્યુ થયું અને ઘર સંપૂર્ણપણે તબાહ થઈ ગયું. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદી વિસ્તારોને લઈને તણાવ છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહ્યો છે. પાકિસ્તાનનો આરોપ છે કે અફઘાનિસ્તાનમાં શરણ લેનાર ટીટીપી (તહરિક-એ-તાલિબાન પાકિસ્તાન)ના આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવા માટે તે આ પ્રકારના હવાઈ હુમલા કરે છે. પાકિસ્તાનનું કહેવું છે કે ટીટીપી અફઘાનિસ્તાનની ધરતી પરથી સુરક્ષિત રીતે ઓપરેટ થઈ રહ્યું છે. જોકે, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે હંમેશા આ આરોપોનો ઇનકાર કર્યો છે. તેમનું કહેવું છે કે પાકિસ્તાનની આંતરિક અસુરક્ષાનો મામલો પોતાનો છે અને અફઘાનિસ્તાન તેની જમીનનો ઉપયોગ કોઈ પણ દેશ વિરુદ્ધ થવા દેતું નથી. અફઘાનિસ્તાન દ્વારા પાકિસ્તાનની આ કાર્યવાહીને 'દંભ ગણાવવામાં આવી છે.

# બદરીનાથ ધામના કપાટ બંધ થતાં ચારધામ યાત્રાનું સમાપન

ગોપેશ્વરઃ ઉત્તરાખંડના ગઢવાલ ક્ષેત્રમાં સ્થિત બદરીનાથ ધામના કપાટ શિયાળા માટે બંધ થતાં મંગળવારે ચારધામ યાત્રાનું સમાપન થયું હતું.

શ્રી બદરીનાથ કેદારનાથ મંદિર સમિતિના અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાસ પૂજા પછી, મંગળવારે બપોરે ૨.૫૬ વાગ્યે બદરીનાથ ધામના દરવાજા ભક્તો માટે બંધ કરવામાં આવ્યા હતા. ઠંડી હોવા છતાં, ભારત અને વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો બદરી વિશાલના દર્શન માટે હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દરવાજા બંધ કરવાની પ્રક્રિયા સવારે શરૂ થઈ હતી. બંધ પહેલાંની છેલ્લી પૂજા બદ્રીનાથ મંદિરના મુખ્ય પૂજારી રાવલ અમરનાથ નંબુદ્રીએ કરી હતી.

આ પ્રસંગે, મંદિર સંકુલને અનેક ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વે પીળા અને નારંગી રંગના ગલગોટાના ફૂલોનો સમાવેશ થાય છે.

બદરીનાથ ધામનું વાતાવરણ સવારથી જ પરંપરાગત લોકનૃત્યો અને ભજન કીર્તનોથી ભક્તિથી ભરેલું હતું, જેમાં સેનાના ગઢવાલ સ્કાઉટ બૅન્ડની મધુર ધૂન પણ સંભળાઈ હતી. ભગવાન બદરીનાથની 'ઉત્સવ ડોલી' બુધવારે તેમના શિયાળુ નિવાસસ્થાન જ્યોતિર્મઠ સ્થિત નરસિંહ મંદિર માટે રવાના થશે, જ્યાં શિયાળા દરમિયાન ભક્તો એમના દર્શન કરી શકશે.

## પહેલા પાનાનું ચાલુ

### સૈકાઓ જૂના

હશે કે સત્ય અંતે અસત્ય પર વિજય મેળવે જ છે. મંદિરના બાંધકામમાં યોગદાન આપનાર રામભક્તોને અભિનંદન આપતા તેમણે કહ્યું હતું કે અયોધ્યા હંમેશાં એ ભૂમિ છે જે તમારી વર્તણૂક બદલાવી નાખે છે.

ભગવાન રામની યાત્રાને યાદ કરતા મોદીએ કહ્યું કે ભગવાન રામ એક રાજકુમાર તરીકે વનમાં ગયા હતા અને 'મર્યાદા પુરુષોત્તમ' તરીકે પાછા ફર્યા હતા. સંતોના સમાગમ, ગુરુઓના માર્ગદર્શન, નિશાદ રાજની મિત્રતા, શબરીની ભક્તિ અને અગણિતોની પ્રતિબદ્ધતાએ તેમનું ઘડતર કર્યું. વિકસિત ભારતને આવી જ સામૂહિક તાકાતની જરૂર છે.

મોદીએ એમ પણ કહ્યું હતું કે ભારતે વર્તમાનની આગળ જોવું જોઈએ અને ભાવિ પેઢી માટે આયોજન કરવું જોઈએ. જે લોકો ફક્ત વર્તમાનનું વિચારે છે એ લોકો ભાવિ પેઢીને અન્યાય કરે છે. આપણે નહોતા ત્યારે પણ દેશ હયાત હતો અને આપણે નહીં હોઈએ ત્યારે પણ હયાત હશે. ૨૦૪૭ સુધી વિકસિત ભારતની યાત્રા માટે જરૂરી છે કે આપણી અંદરનો રામ જાગે. રામ એ વ્યક્તિ નહીં, પરંતુ શિસ્ત, દિશા અને મૂલ્ય છે. (પીટીઆઈ)

### ૧૫મી ફેબ્રુઆરીએ

તમામ મૅચો શ્રીલંકામાં રમાશે.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતીય ટીમ મુંબઈમાં સાતમી ફેબ્રુઆરીએ અમેરિકા સામેની મૅચથી સ્પર્ધાની શરૂઆત કરશે. ભારતની બીજી ગ્રૂપ-મૅચ દિલ્હીમાં ૧૨મી ફેબ્રુઆરીએ નામિબિયા સામે, ત્રીજી ગ્રૂપ-મૅચ કોલંબોમાં ૧૫મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે અને ચોથી ગ્રૂપ-મૅચ અમદાવાદમાં ૧૮મી ફેબ્રુઆરીએ નેધરલૅન્ડ્સ સામે રમાશે.

આખા વર્લ્ડ કપમાં કુલ પંચાવન મૅચ રમાશે. લીગ રાઉન્ડમાં રોજની ત્રણ મૅચ રમાશે જેના સમય આ મુજબ છેઃ સવારે ૧૧.૦૦ વાગ્યે, બપોરે ૩.૦૦ વાગ્યે, સાંજે ૭.૦૦ વાગ્યે.

### ભાજપ મતદારયાદીનું

મમતાએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ પોતાનાં કાર્યાલયમાં બેસીને મતદારયાદીનું ફિક્સિંગ ફિક્સ કરી રહ્યો છે. ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલ ઉઠાવતાં મમતાએ કહ્યું હતું કે ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયા (ઈસીઆઈ)નું કામ નિષ્પક્ષ હોવું જોઈએ અને તેણે બીજેપી કમિશન નથી બનવાનું.

જો મતદાર (ગેરકાયદે) છે તો વર્ષ ૨૦૨૪માં તમે જે સરકારને મત આપીને ચૂંટી કાઢી હતી એ સરકાર પણ ગેરકાયદે છે. મતુઆ સમુદાયને સંબોધન કરતાં મમતાએ કહ્યું હતું કે તમે બધા અસલી મતદાર છો. વર્ષ ૨૦૨૪માં તમે મોદી સરકારને મત આપ્યો હતો. જો તમે ગેરકાયદે છો તો સરકાર પણ ગેરકાયદે થઈ જશે.

મમતાએ દાવો કર્યો હતો કે એસઆઈઆરના નામે બંગાળના લોકોને ડરાવવામાં આવી રહ્યા છે અને આ સંપૂર્ણ કવાયત રાજકીય આશયથી કરવામાં આવી રહી છે.

ભાજપ મારી સાથે લડીને મને હરાવી નથી શકતો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભાજપ જો બંગાળમાં મારી સાથે રમત કરવાનો પ્રયાસ કરશે તો હું સંપૂર્ણ દેશમાં તેનાં પાયા હચમચાવી નાખીશ.

મમતાએ દાવો કર્યો હતો કે ચૂંટણી અગાઉ રૂપિયા વહેંચવાનો પ્રયાસ કરવામાં આવશે, પરંતુ લોકો રૂપિયા લઈ લેશે અને ભાજપને મત પણ નહીં આપે.

### ઈથિયોપિયાના

અનેક ફ્લાઈટ રદ થઈ હતી. નાગરિક ઉડ્ડયન ખાતાએ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર હોવાની ધરપત આપી હતી. વાદળ જે ઊંચાઈએ છે એ ઊંચાઈએ પવનની ઝડપ એક કલાક દીઠ ૧૦૦થી ૧૫૦ કિલોમીટર હોવાથી ચિંતાની વાત નથી. આ વાદળ પૂર્વ અને ઈશાન ભારતમાંથી ચીન જતું રહેશે. ઇથિયોપિયાના હાઇલી ગુબી જ્વાળામુખી ફાટવાથી ફેલાયેલી રાખના કારણે ભારતીય એરલાઇન્સ અને મુસાફરોની ચિંતા અંગે કેન્દ્ર સરકારે એક નિવેદન બહાર પાડ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું કે મુસાફરો અને એરલાઇન્સને ચિંતા કરવાની જરૂર નથી કારણ કે ફ્લાઇટનું સંચાલન સ્થિર અને સરળતાથી થઈ રહ્યું છે. મંત્રાલયે કહ્યું કે તે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એર ટ્રાફિક કંન્ટ્રોલ અને ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) સાથે મળીને ઇથિયોપિયામાં જ્વાળામુખી ફાટવાથી ફેલાયેલી રાખની સ્થિતિ પર નજર રાખી રહ્યું છે જેનાથી ફ્લાઇટ કામગીરી પર અસર પડી રહી છે. રાખના કારણે કેટલીક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે અને ઘણી ફ્લાઇટ્સમાં વિલંબ થયો છે. મંત્રાલયે કહ્યું કે હાલમાં ચિંતાનું કોઈ કારણ નથી અને પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.અગાઉ, એર ઇન્ડિયાએ સોમવારથી ૧૩ ફ્લાઇટ્સ રદ કરવાની જાહેરાત કરી હતી, જેમાં કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ઉડાન ભરનારા તેના કેટલાક વિમાનોની તપાસ ચાલી રહી છે.

યુવા કાર્યક્રમ એવં ખેલ મંત્રાલય MINISTRY OF YOUTH AFFAIRS AND SPORTS

"હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી"



## ચાલો, એકતાનો સંદેશ પ્રસરાવીએ - રાષ્ટ્રના ઉત્કર્ષ માટે સમર્પિત થઈએ

### સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીના અવસરે આયોજિત

# સરદાર@150 યુનિટી માર્ચ

**એક ભારત, આત્મનિર્ભર ભારત**

રાષ્ટ્રીય પદયાત્રા પ્રસ્થાન સમારોહ

**26 નવેમ્બર 2025, બુધવાર**
**સવારે 09:00 વાગે**

શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર,
જિ. આણંદ

:: વર્ચ્યુઅલ ઉપસ્થિતિ ::

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

:: મુખ્ય મહેમાન ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી માણિક સાહા**
માનનીય મુખ્યમંત્રી, ત્રિપુરા

:: વિશેષ ઉપસ્થિતિ ::

**ડૉ. મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર

**શ્રીમતી નિમુબેન બાંભણીયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી, ભારત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, નિકોલ

**શ્રી જીતુભાઈ વાઘાણી**
માનનીય મંત્રી, ગુજરાત

## :: પદયાત્રાની મુખ્ય વિશેષતાઓ ::

સરદાર સાહેબના એકતા અને શિસ્તના મૂલ્યોને જન-જન સુધી પહોંચાડતી 182 કિમી લાંબી પદયાત્રા

દેશવ્યાપી જનસહભાગિતાથી સજ્જ રાષ્ટ્રીય પદયાત્રાનો આરંભ


યાત્રામાર્ગમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન, સરદાર ગાથા અને ગ્રામસભા

યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ તથા સમાજના દરેક વર્ગનું જોડાણ



"એકતા અને અખંડિતતાના આ પવિત્ર પર્વને આપણે સૌ સાથે મળીને સફળ બનાવીએ.
'યુનિટી માર્ચ' પદયાત્રા ઉત્સાહ, ઉમંગ અને દેશભક્તિની ઊર્જાની ત્રિવેણી બનશે"

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



:: વધુ માહિતી માટે ::

/SARDAR150YATRA SARDAR150.IN

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### શુભ મંગલ સાવધાન

કાંદિવલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નગુજરાતી ભાષાભવનપ અને નસંવિત્તિથ સંસ્થાના ઉપક્રમે વૈદિક પરંપરાના મહત્ત્વને ઉજાગર કરતાં એક વિશિષ્ટ કાર્યક્રમ શુભ મંગલ સાવધાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કારોમાં ષોડશ સંસ્કારોમાં એક અગત્યનો સંસ્કાર એટલે વિવાહ સંસ્કાર. આપણો સમાજ આ વિધિ પાછળનું વિજ્ઞાન જાણે છે ખરા? એથી લગ્નવિધિના માર્મિક રહસ્યોને ૨૨ નવેમ્બરે આયોજિત આ કાર્યક્રમમાં ઉજાગર કરવામાં આવ્યા હતા.

### નેત્રહીનોને સહાય

રોટરી ક્લબ ઓફ કાંદિવલી વેસ્ટે વાઇટ કેન ડે નિમિત્તે નેશનલ એસોસિયેશન ઓફ બ્લાઇન્ડના નેત્રહીનોને સફેદ લાકડી આપી હતી. એનો અનેક નેત્રહીનોએ લાભ લીધો હતો.

### મિલેનિયલ સમિટ

રોટરી ક્લબ ઓફ મુંબઈ નરીમાન પોઈન્ટ અને રોટરેક્ટ ક્લબ ઓફ મુંબઈ નરીમાન પોઈન્ટના સહયોગથી મિલેનિયલ સમિટ-૨૦૨૫નું ભવ્ય રીતે આયોજન ૧૬ નવેમ્બરે કરવામાં આવ્યું હતું. આ સમિટમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ, સર્જકો, યુવા ઉદ્યોગસાહસિકો, કલાપ્રેમીઓ અને પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ યુવાઓની ક્ષમતાઓને ઓળખવામાં મદદ કરવાનો હતો.

### મહિલાઓ માટે સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

રોટરી ક્લબ ઓફ કાંદિવલી વેસ્ટે મનોરીની ઋષિ વાલ્મીકિ સ્કૂલ ખાતે મહિલાઓના કૌશલ્ય વિકાસ માટે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. અક્ષય શક્તિ વેલફેર એસોસિયેશન સાથે મળીને ત્રણ મહિના દરમિયાન ૧૫૦ કલાકના ધાગા કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં પચીસ મહિલાઓએ સીવણકામ શીખ્યું હતું.

# મહારાષ્ટ્રમાં રોડ કનેક્ટિવિટી સુધારવા માટે એડીબીએ ૪૦૦ મિલિયન ડોલરની લોન મંજૂર કરી

નવી દિલ્હી: એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)એ મંગળવારે જણાવ્યું હતું કે તેણે મહારાષ્ટ્રમાં રોડ કનેક્ટિવિટી સુધારવા માટે ૪૦૦ મિલિયન ડોલરના પરિણામ-આધારિત ધિરાણ (આરબીએલ) કાર્યક્રમને મંજૂરી આપી છે.

આ લોનનો ઉપયોગ ૩૪ જિલ્લાઓમાં, ખાસ કરીને આબોહવા-સંવેદનશીલ અને આર્થિક રીતે પાછળ રહેલા મરાઠવાડા અને વિદર્ભ પ્રદેશોમાં રોડ કનેક્ટિવિટી સુધારવા માટે કરવામાં આવશે, જે ગ્રામીણ સમુદાયોને બજારો, લોજિસ્ટિક્સ હબ, આરોગ્યસંભાળ, શિક્ષણ અને અન્ય આવશ્યક સેવાઓ સાથે જોડશે.

બેંકે એક નિવેદનમાં એમ પણ જણાવ્યું હતું કે, સુધારેલા રસ્તાઓથી ૧.૭ મિલિયનથી વધુ લોકોને લાભ થશે, જેમાં ઓછામાં ઓછા ૮૦ ગામડાઓ અને લગભગ ૪૧૦ ગ્રામીણ સમુદાયોના રહેવાસીઓનો સમાવેશ થાય છે.

આ સુધારાઓ લગભગ ૩૫૦ કિલોમીટર (કિમી) રાજ્ય ધોરીમાર્ગો અને ૨,૫૭૭ કિલોમીટર ગ્રામીણ રસ્તાઓને આવરી લેશે.

આ કાર્યક્રમ ગ્રામીણ ગામડાઓ, લણણી પછીના કેન્દ્રો અને આવશ્યક સામાજિક સેવાઓ સાથે રોડ કનેક્ટિવિટી સુધારીને મહારાષ્ટ્રમાં સંતુલિત અને સર્વ સમાવેશક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે, એમ એડીબીના ભારત માટેના કન્ટ્રી ડિરેક્ટર મિઓ ઓકાએ જણાવ્યું હતું.

# હવે ફ્લાયઓવરની જવાબદારી મહાપાલિકાના માથે: સાત દિવસમાં એસએસઆરડીસી પાસેથી હસ્તાંતરણ

મુંબઈ: મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં બાંધવામાં આવેલા ૩૪ ફ્લાયઓવરની દેખરેખની જવાબદારી મહાનગરપાલિકાના માથે નાખી દીધી છે.

રાજ્ય સરકારે સાત દિવસમાં આ ફ્લાયઓવરને તાબામાં લેવાનો સંબંધિત મહાનગરપાલિકાઓને આદેશ આપ્યો છે. તે મુજબ મુંબઈ મેટ્રોપોલિટન રિજનના ૩૪ ફ્લાયઓવરની દેખરેખની જવાબદારી હવેથી સંબંધિત મહાનગરપાલિકાઓની રહેશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનની ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે એમએસઆરડીસી દ્વારા ૧૯૯૬માં પંચાવન ફ્લાયઓવર બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

એ બાદ ૩૪ ફ્લાયઓવર બાંધવામાં આવ્યો હતો, જેમાં મુંબઈના ૨૭ ફ્લાયઓવરનો સમાવેશ થાય છે. આ ફ્લાયઓવરની દેખરેખ અને સમારકામની જવાબદારી હાલ એમએસઆરડીસી અને સંબંધિત ટોલ વસૂલ કરનારા કૉન્ટ્રેક્ટર પર છે.ચોમાસામાં ફ્લાયઓવર પર ખાડાઓની સમસ્યા નિર્માણ થતી હોય છે.

# મુંબઈમાં ઠંડી ગાયબ: હવાની ગુણવત્તા કથળી, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૧૧

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગયા અઠવાડિયાથી ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ઉકળાટ અને ગરમીનું પ્રમાણ વધી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. મંગળવારે લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. લઘુતમની સાથે જ મહત્તમ તાપમાનમાં પણ વધારો નોંધાયો હતો.

ગયા શનિવારે લઘુતમ તાપમાન ૧૯.૬ ડિગ્રી નોંધાયા બાદ તેમાં સતત વધારો થઈ રહ્યો છે. દિવસ દરમ્યાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૯ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૯ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ મધ્ય મહારાષ્ટ્ર પર નિર્માણ પામેલું એન્ટિસાયક્લોન ઉત્તરીય પવનોના પ્રવાહમાં અવરોધ લાવી રહ્યું છે. ઉત્તરીય પવનો શહેરને ઠંડુ કરે છે. આ સાથે જ ઉત્તરીય-પૂર્વીય ચોમાસું દક્ષિણ ભારતમાં ફરી શરૂ થયું છે. આ બંને પરિબળો સાથે કામ કરી રહ્યા હોવાથી ગરમ અને ભેજવાળા દક્ષિણ-પૂર્વીય પવનો લઘુતમ અને મહત્તમ આ બંને તાપમાન વધારી રહ્યા છે. આ પરિબળની અસર ૨૬ નવેમ્બર, બુધવાર સુધી ચાલુ રહેવાની ધારણા છે, જેને કારણે દિવસ વધુ ગરમ થશે અને રાત ભેજવાળી રહેશે. આ પરિબળ હેઠળ મુંબઈમાં મહત્તમ અને લઘુતમ તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. આ દરમ્યાન મુંબઈમાં છેલ્લાં બે ત્રણ દિવસથી વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ પણ વધી ગયેલું જણાઈ રહ્યું છે. મુંબઈમાં મંગળવારે સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૧૧ નોંધાયો હતો. તો બીકેસીમાં એક્યુઆઈ ૨૨૬, બાન્દ્રામાં ૧૯૮, ભોઈવાડામાં ૨૩૪, કોલાબામાં ૨૨૬, જુહુમાં ૧૯૯, કાંદિવલી પૂર્વમાં ૨૦૧, મલાડમાં ૨૧૫, મઝગાંવમાં ૨૨૩, શિવાજી નગરમાં ૨૩૬, વરલીમાં ૨૦૫, સાયનમાં ૧૯૨ અને વડાલામાં ૨૩૨ નોંધાયો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### ૫૭ સ્થાનિક

સંસ્થાઓની ચૂંટણીઓમાં અનામતના મુદ્દા પરની સુનાવણી ૨૮ (અઠાવીસ) નવેમ્બર સુધી મુલતવી રાખતા આ અવલોકનો કરવામાં આવ્યા હતા.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મહારાષ્ટ્ર સરકારવતી ક્વોટા પર પચાસ ટકાના મર્યાદાના પાલન અંગે રાજ્ય ચૂંટણી પંચ પાસેથી સલાહ લેવા માટે સમય માંગ્યો હતો. અગાઉ ૧૯ નવેમ્બરે ખંડપીઠે રાજ્ય સરકારને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ માટે નામાંકન પ્રક્રિયા મુલતવી રાખવાનો વિચાર કરવા જણાવ્યું હતું જ્યાં સુધી અન્ય પછાત વર્ગ (ઓબીસી) માટે ૨૭ ટકા અનામત આપવાના મુદ્દા પર નિર્ણય ન આવે.

મંગળવારે, ચૂંટણી પંચ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ બલબીર સિંહ દ્વારા બેન્ચને જાણ કરવામાં આવી હતી કે ૨૪૨ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૪૨ નગર પંચાયતો, કુલ ૨૮૮ સંસ્થાઓની ચૂંટણીઓ બીજી ડિસેમ્બર માટે પહેલાથી જ સૂચિત કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે આમાંથી ૫૭ સંસ્થાઓમાં, ૫૦ ટકા અનામત મર્યાદાનો ભંગ થયો છે. આની નોંધ લેતા, બેન્ચે જણાવ્યું હતું કે પહેલાથી જ સૂચિત ૫૭ સંસ્થાઓમાં ૫૦ ટકાથી વધુ અનામતના કેસ પર ચાલી રહેલી કાર્યવાહીના અંતિમ પરિણામને આધીન રહેશે. આ પહેલાં સોલિસિટર જનરલે ચૂંટણી પંચ સાથે પરામર્શ માટે સમય આપવા માટે મુલતવી રાખવાની માગણી કરી હતી.

વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે એવી દલીલ કરી હતી કે બાંઠિયા પંચની ભલામણોને મંજૂરી આપતા જસ્ટિસ એ એમ ખાનવિલકરની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા જુલાઈ ૨૦૨૨માં આપેલા નિર્દેશ સહિત અગાઉના આદેશોએ મૂંઝવણ ઊભી કરી હતી.

#### કોર્ટમાં શું થયું?

દેવદત્ત પાલોદકરે કોર્ટમાં થયેલી સુનાવણી વિશે વિગતવાર માહિતી આપતાં કહ્યું હતું કે સોલિસિટર જનરલ અને ચૂંટણી પંચે આજે સુપ્રીમ કોર્ટ પાસેથી રાજ્યમાં અનામત મર્યાદા વધારવામાં આવી છે તે સ્થળોનો વિગતવાર ડેટા રજૂ કરવા માટે સમય માંગ્યો છે. નિયમ એ છે કે એસસીસ, એસટી અને ઓબીસી માટેની અનામત પચાસ ટકાથી વધવી ન જોઈએ. કે કૃષ્ણમૂર્તિની બેન્ચના આ નિર્ણયનું પાલન કરવા માટે અરજીઓ દાખલ કરવામાં આવી છે અને સુનાવણી ચાલી રહી છે.

#### ક્યાં મર્યાદા વળોટાઈ?

મહારાષ્ટ્રના પાંચ આદિવાસી જિલ્લાઓ અને કેટલાક અન્ય જિલ્લાઓમાં અનામતની મર્યાદા વધારવામાં આવી છે અને તે ૫૦ ટકાથી વધુ થઈ ગઈ છે. આવી ૧૫૭ સ્થાનિક સંસ્થાઓ છે. અને તેમાં બે નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. તેથી, હવે રાજ્ય ચૂંટણી પંચ અને રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટ સમક્ષ માહિતી રજૂ કરશે. સુપ્રીમ કોર્ટે તમામ રાજકીય પક્ષોને ટૂંકી નોંધ રજૂ કરવા પણ કહ્યું છે.

#### પચાસ ટકાથી વધુ જિલ્લા પરિષદોમાં મર્યાદાનું ઉલ્લંઘન

અધિકારીઓએ જણાવ્યું હતું કે, તાલુકા સ્તરની ગ્રામીણ સંસ્થાઓ, ૨૨ ટકાથી વધુ પંચાયત સમિતિઓમાં પણ તેમની અડધાથી વધુ બેઠકો અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે અનામત રાખવામાં આવી છે. જિલ્લા પરિષદોમાં ૨,૮૮૨ બેઠકોમાંથી, ૧,૮૭૫ એસસી, એસટી અને ઓબીસી શ્રેણીઓ માટે અનામત છે, જ્યારે સામાન્ય શ્રેણી માટે ફક્ત ૧,૦૦૭ બેઠકો લડવા માટે ઉપલબ્ધ છે. ૩,૮૫૮ પંચાયત સમિતિની બેઠકોમાંથી, ૧,૯૦૬ અનામત છે.

#### ૪૦ મ્યુનિસિપલ કાઉન્સિલોમાં અનામત મર્યાદાનું ઉલ્લંઘન

વિકાસ ગવળી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કેટલીક સ્થાનિક સંસ્થાઓમાં અનામત ગુણોત્તર ૫૦ ટકાની બંધારણીય મર્યાદા કરતા વધારે રાખવામાં આવ્યો છે, જે કાયદાની વિરુદ્ધ છે. જો કે, રાજ્ય સરકારે બાંઠિયા કમિશનના અહેવાલનો ઉલ્લેખ કરીને એવો દાવો કર્યો હતો કે અનામત યોગ્ય રીતે રચવામાં આવી છે. આ દરમિયાન, રાજ્યની ૪૦ નગર પરિષદોમાં ૫૦ ટકા અનામત મર્યાદાનું ઉલ્લંઘન થયું હોવાની માહિતી પણ પ્રકાશમાં આવી છે.

### એલ્ફિન્સ્ટન બ્રિજનું

જોડવામાં આવ્યા છે, સૂત્રોએ જણાવ્યું હતું કે સૌથી મહત્વપૂર્ણ પાસું બ્રેકેટ ઇન્સ્યુલેટર અને વાયર છે. આને કાઢવાની અને ખસેડવાની પ્રક્રિયા સમય માંગી લેશે, સેન્ટ્રલ રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું. ફાસ્ટ અને સ્લો કોરિડોર પર બે-બે લાઇનો છે અને સાઈડિંગ માટે એક વધારાની લાઇન (એક ટૂંકો રેલ્વે ટ્રેક જે મુખ્ય લાઇનથી અલગ પડે છે) છે જે મધ્ય રેલવે પર ૧૦૦ વર્ષથી વધુ જૂના આરઓબી નીચેથી પસાર થાય છે. દરેક લાઇનમાં પુલના પાયા પર વેલ્ડ કરેલા એક કે બે બ્રેકેટ ઇન્સ્યુલેટર હોય છે.

### વસઈમાં

૧૦૦ કિલોગ્રામ ક્ષમતા ધરાવતી ક્લોરિન ગેસ ટાંકી પાછળના ભાગમાં બેન્ચ પર રાખવામાં આવી હતી.

વાલ્વ રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે, એક કર્મચારીએ ટાંકીને ટક્કર મારી અને ટાંકી જમીન પર પડી ગઈ. ટાંકી પડતાં જ તેમાંથી ક્લોરિન ગેસ લીક થવા લાગ્યો અને ગેસ રસ્તા પર અને રહેણાંક સંકુલમાં ફેલાવા લાગ્યો. આ કારણે, વિસ્તારના રહેવાસીઓને ઉલટીઓ થવા લાગી અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. કેટલાક લોકો ગભરાઈને દોડવા લાગ્યા.

શરૂઆતમાં, આ ઘટનામાં કુલ ૧૯ લોકોને ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં મ્યુનિસિપલ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ, ફાયર વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકોનો સમાવેશ થાય છે. આમાંથી દેવ કાંતીલાલ પારડીવાલા (૫૯)નું મૃત્યુ થયું છે. જ્યારે બીજા અગિયાર ગુજરાતીઓને વસઈની વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટનાની સંપૂર્ણ માહિતી મેળવ્યા પછી સંપૂર્ણ તપાસ કરવામાં આવશે, એમ ઝોન-૨ ના ડેપ્યુટી પોલીસ કમિશનર પૂર્ણિમા ચૌગુલે-શ્રૃંગીએ જણાવ્યું હતું.

#### પવનની ગતિને કારણે બે ઇમારતો ખાલી કરાવાઈ

દિવાનમાન વિસ્તારમાં ગેસ લીકેજને કારણે નાગરિકોમાં ભયનું વાતાવરણ હતું. કોઈ જાનહાનિ ન થાય તે માટે, મ્યુનિસિપલ સત્તાવાળાઓએ પાણીની ટાંકીની સામેની બે ઇમારતોને તત્કાળ ખાલી કરાવી નાખી હતી.

#### કોણ કઈ હોસ્પિટલમાં?

મળતી માહિતી અનુસાર પાલિકાના કર્મચારીઓ સનસિટી પ્રભારી કેન્દ્ર અધિકારી વિજય રાણે, ડ્રાઈવર પ્રમોદ પાટીલ, ફાયરમેન કલ્પેશ પાટીલ, ફાયરમેન કુણાલ પાટીલને આઈસીયુમાં ભરતી કરવામાં આવ્યા હતા અને ડ્રાઈવર સચિન મોરેને સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી.

આ ઉપરાંત ચૌદ નાગરિકોને ગળતરની અસર થઈ હતી, જેમાંથી કાંતીલાલ નગીનદાસ મિસ્ત્રી, પુષ્પા કાંતીલાલ મિસ્ત્રી, મનીષા દેવ પારડીવાલાને ડિવાઈન હોસ્પિટલમાં આઈસીયુમાં ભરતી કરવામાં આવ્યા હતા જ્યારે નાઝનીન ડોંગારિયા, મુમતાઝ ડોંગારિયા અને ઈકબાલ ડોંગારિયાને ડિવાઈન હોસ્પિટલમાં સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી.

દેવ કાંતિલાલ પારડીવાલાનું ડી. એમ. પેટીટ હોસ્પિટલમાં નિધન થઈ ગયું હતું જ્યારે અનિષ સોલંકી, દેવાંગ શાહ, અનિલ પાટીલ, યોગેશ પાટીલ અને શાંતા સોલંકીને ડીએમ પેટીટ હોસ્પિટલમાંથી કાર્ડિનલ ગ્રેસિયસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અંજલી રાઠોડ અને પ્રિયા રાઠોડને ડી. એમ. પેટીટ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે અને તેમની હાલત સારી હોવાનું હોસ્પિટલના સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### મેટ્રો-થ્રી રૂટ

આરે અંડર ગ્રાઉન્ડ મેટ્રો-થ્રીને કારણે મુંબઈગરા પશ્ચિમ ઉપનગરથી દક્ષિણ મુંબઈમાં કફ પરેડ સુધી ઝડપથી પહોંચતા થયા છે. આ રૂટ પર દિવસેને દિવસે પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. ખાસ કરીને સવારના અને સાંજના પીક અવર્સમાં મેટ્રો-થ્રીમાં ભારે ભીડ રહેતી હોય છે. તેમા મંગળવારે સવારના આરે-જેવીએલઆરથી કફ પરેડ માટે નીકળેલી મેટ્રો સવારના ૧૦ વાગ્યાની આસપાસ સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશન પર પહોંચી હતી અને અચાનક ટ્રેન બંધ પડી ગઈ હતી. લગભગ ૧૦ મિનિટિ સુધી ટ્રેન સ્ટેશન પર જ થોભી હતી.

### મીરા-ભાયંદરને

થશે.તાજેતરમાં મીરા-ભાયંદર મહાનગરપાલિકા કમિશનર રાધા શર્મા, એમએમઆરડીએના અધિકારી, જળ સંસોધન વિભાગના અધિકારી સહિત મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની લિમિટેડના અધિકારીઓની આ મુદ્દે બેઠક થઈ હતી. સુર્યા જળ યોજનામાં પંપ યંત્રણા પૂર્ણ ક્ષમતાથી શરૂ થવા માટે જરૂરી વીજ દબાણ ઉપલબ્ધ ન હોવાથી પૂર્ણ ક્ષમતાએ પાણીપુરવઠો કરવામાં અડચણ આવી રહી હતી.

મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની લિમિટેડે સુર્યા જળયોજના માટે ૧૩૨ કેવ્હી ઉચ્ચ દબાણ વીજપુરવઠો ઉપલબ્ધ કરી આપવા માટે ટેક્નિકલ સંમતી આપી છે. આ વીજપુરવઠો દિવા માર્ગે નવેસરથી તૈયાર કરવામાં આવનારા ૧૩૨ કેવ્હી ઈલેક્ટ્રિસિટી સિસ્ટમ દ્વારા મળવાની છે.

### પાંચ વર્ષની

લતીફ અબ્દુલ શેખ (૫૨), કરન સણસ અને વૃંદા ચવ્હાણ (૬૦) તરીકે થઈ હતી. આરોપી લૉરેન્સ અને મંગલ અપહૃત બાળકીનાં મામા-મામી હોવાનું પોલીસનું કહેવું છે.

પોલીસ ફરિયાદ અનુસાર સાંતાક્રુઝ પૂર્વમાં રહેતી મહિલાની પાંચ વર્ષની બાળકીનું શનિવારના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ કથિત અપહરણ કરાયું હતું. આ પ્રકરણે વાકોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં જ તપાસ માટે ઝોનનાં દરેક પોલીસ સ્ટેશનોના ચુનંદા અધિકારીઓની સાત ટીમ બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે બાળકીનું અપહરણ એક પુરુષ અને મહિલાએ રિક્ષામાં કર્યું હતું. એ સિવાય ત્રણ જણ બાઈક પર સંબંધિત પરિસરમાં નજર રાખી રહ્યા હતા. જે રિક્ષામાં બાળકીને લઈ જવાઈ હતી તેનું વર્ણન પોલીસને મળ્યું હતું. એ રિક્ષા પનવેલ જઈને ફરી સાંતાક્રુઝમાં આવી હોવાનું પણ જણાયું હતું.

## હિન્દુ મરણ

**કોળી પટેલ (માધુના)**

ગામ ખરસાડ ઓરી ફળિયું, હાલ ખેતવાડી સ્વ. શંકરભાઈ ઈશ્વરભાઈ પટેલ (માધુના)ના ધર્મપત્ની સ્વ. પાર્વતીબેન (ઉં. વ. ૭૬)ના સોમવાર તા. ૨૪-૧૧-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. પ્રવિણભાઈ, સ્વ. જિતેન્દ્રભાઈ, સ્વ. ગીતાબેન, રાજેશભાઈ તથા ભરતભાઈના માતુશ્રી. ગં. સ્વ. પારુલબેન, અ.સૌ. આરતીબેનના સાસુ. ગં.સ્વ. લક્ષ્મીબેન મોહનભાઈ, ગં. સ્વ. પાર્વતીબેન શ્યામભાઈના જેઠાણી. પિયુષ, સંસ્કાર, અક્ષરા, ધ્રુમીના દાદી. તેમનું બેસણું બુધવાર તા. ૨૬-૧૧-૨૫ના બપોરે ૨ થી ૫. પુચ્છપાણી શનિવાર તા. ૬-૧૨-૨૫ના ૩ થી ૫. ઠે. ૧૦, અરબ હાઉસ, (પાવરી સ્કૂલની સામે), પહેલે માળે, ખેતવાડી ૧૨મી ગલ્લી, મુંબઈ-૪.

**કપોળ**

સિહોરવાળા હાલ મુંબઈ, ગં.સ્વ. ગીતાબેન ભુપતરાય પારેખના પુત્ર સ્વ. અરૂણભાઈના ધર્મપત્ની અ.સૌ. નિરંજના (ઉં. વ. ૮૨) સોનલનાં માતુશ્રી, રાજેશ વસંતરાય દોશીનાં સાસુ. ધ્રુવભાઈ, યોગેશભાઈ, પંકજભાઈનાં ભાભી. પીયરપક્ષે સિહોરવાળા સ્વ. વામનરાય અમૃતલાલ પારેખનાં દીકરી. રવિવાર તા. ૨૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

હડિયાના નિવાસી હાલ મલાડ, અરવિંદભાઈ મનુભાઈ રાવલ (ઉં. વ. ૮૭) તે રમાબેનના પતિ. લીનેશભાઈના પિતાશ્રી. રીટાબેનના સસરા, જીલના દાદા. રોહિણીબેનના જેઠ. સ્વ.રાજુભાઈ, સ્વ. હર્ષાબેન પ્રકાશ દવે, સ્વ. સરલાબેન મનુભાઈ ઉપાધ્યાય, સ્વ. ઉષાબેન પ્રવિણચંદ્ર વેદાંતના ભાઈ. સોમવાર તા. ૨૪/૧૧/૨૫ના કૈલાશવાસી થયેલ છે. લૌકિક વહેવાર પ્રથા બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

બિલખા નિવાસી હાલ બોરીવલી, સંદીપ (ઉં. વ. ૫૫) તા. ૨૩/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અમિતાના પતિ. ભૂમિના પિતા. સ્વ.દિલીપ નરભેરામ ફોજદાર, સ્વ. લતાબેન દિલીપ ફોજદારના પુત્ર. શૈલેષ ફોજદાર તથા અલકા પ્રદીપ વોરાના ભાઈ. સ્વ. ગોવિંદ વાલજી પડાયા, ગં. સ્વ. હેમલત્તા ગોવિંદ પડાયાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ મુંબઇ સ્વ. લીલાવતીબેન મથુરાદાસ ગોરડિયાના પુત્ર કિશોરભાઇ (કિસનદાસ) (ઉં. વ. ૯૧) તા. ૨૪-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કલાવતીબેનના પતિ. રેખા, વિપુલ, અમીતા અને ઉમેશના પિતા. પ્રમોદકુમાર, ધીમંતકુમાર, કેતકી તથા રીમા (રાગિણી)ના સસરા. સ્વ. ગંગાદાસભાઇ, સ્વ. ધીરુભાઇ, સ્વ. જયેન્દ્રભાઇ, સ્વ. સાવિત્રીબેન, સ્વ. રમાબેન, સ્વ. મંજુબેન તથા સ્વ. શશિબેનના ભાઇ. તે સ્વ. હરિલાલ જગજીવનદાસ શોરાના જમાઇ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ર સાઠા બ્રાહ્મણ**

ટીંટોઇ નિવાસી હાલ અમદાવાદ સ્વ. જ્યોતિન્દ્રકુમાર ચંદ્રશંકર વ્યાસના ધર્મપત્ની અનિલાબેન (ઉં. વ. ૭૬) રવિવાર, તા. ૨૩-૧૧-૨૫ના કૈલાસવાસી પામ્યા છે. તે હિમાંશુ, ફાલ્ગુની દીપકકુમારનાં માતુશ્રી. સૌ. દર્શના, દીપકકુમારના સાસુ. ગં. સ્વ. દેવયાનીબેન કિરીટભાઇ, કોકીલાબેન સુધીરભાઇ, લીનાબેન સતીષભાઇ, સ્વ. કુસુમબેન વાસુદેવ, સ્વ. સુમનબેન ચીમનલાલ, ગં. સ્વ. હસુમતીબેન ચંદુલાલ, રમીષ્ઠાબેન પ્રદ્યુમનભાઇ, સરોજબેન વિનોદચંદ્રના ભાભી. તે કમલભાઇ, હેમંતભાઇ, શરદભાઇ, અનિલભાઇ, સ્વ. ભાવનાબેન, સંજયભાઇ રાવલના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા.૨૭-૧૧-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. પેરેડાઇઝ બેન્કવેટ, દેવીદાસ લેન, અદાણી ઇલેક્ટ્રિસિટી ઓફિસની સામે, બોરીવલી (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**પ્રભાસ પાટણ વિશા ઓશવાલ જૈન**

હાલ મુંબઇ સ્વ. કાંતિલાલ પાનાચંદ જેઠાભાઇ શાહના ધર્મપત્ની ગં. સ્વ. ધનવંતીબેન (ઉં. વ. ૯૦) તે નરેશચંદ્ર અને જયંતકુમારના માતુશ્રી. રેખાબેન અને પ્રજ્ઞાબેનના સાસુ. કુણાલ અને ધ્રુમિનના દાદી. તારાવંતીબેન, કલાવંતીબેન, ભદ્રમણીબેન, નયનબાળાના ભાભી. મોસાળ પક્ષે સ્વ. જેકોરબેન વર્ધમાન રતનજીની સુપુત્રી. મંગળવાર, તા. ૨૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઠે. એ-૧૧, સર્વોદય નગર પહેલે માળે, ૧લી પાંજરાપોર લેન, સી.પી.ટેન્ક, મુંબઇ-૪૦૦૦૦૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વિસાવદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લીલાવતી ધારશીભાઇ કાપડિયાના પુત્ર સ્વ. બિપીનભાઇની ધર્મપત્ની નયનાબેન (ઉં. વ. ૬૯) તા. ૨૩-૧૧-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે ઋષભ, આભા અને ડોલીના માતુશ્રી. મિશ્કાના દાદી. પિયરપક્ષે સ્વ. લીલાવતી પુરુષોત્તમ રૂપાણીની પુત્રી. સ્વ.પંકજભાઇ, સરલાબેન, અરુણાબેન, સ્વ. દેવીબેન, પ્રવીણાબેન, સ્વ. શોભનાબેન, સ્વ. સુરેખાબેન, કલ્પનાબેનના ભાભી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૭-૧૧-૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**વિસા લાડ વણિક**

મૂળ વતન દમણ, હાલ કાંદિવલી સૌ. ખ્યાતીબેન મરચંટ તે અનીલભાઇ મરચંટના ધર્મપત્ની. સ્વ. શોભનાબેન તથા વસંતલાલ મરચંટના પુત્રવધૂ. તસ્મયના માતુશ્રી. અ. સૌ. કિંજલના સાસુ. આર્થવના દાદી. અ. સૌ. દિપ્તી અનંતભાઇ વોરાના ભાભી. સ્વ. કાંતાબેન મહેન્દ્રલાલ છત્રપતીના પુત્રી. તા. ૨૩-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

અફલાતુન અરદેશર ઇરાની તે મરહુમો ખારમીન તથા અરદેશરના દીકરા. તે ફિરોઝ ઇરાની તથા મરહુમ બેરામ ઇરાની. (ઉં. વ. ૭૪) રે. ઠે. ખુશરૂબાગ, સ્કૂલ બિલ્ડિંગ, ફ્લેટ નં-૧, એસ. બી. એસ. રોડ, કોલાબા મુંબઇ-૪૦૦૦૦૧.ઉઠમણાંની ક્રિયા તા. ૨૬-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે ખુશરૂબાગ મધે કરાની અગિયારીમાં.

સાવક નરીમાન કરકરીઆ તે ગુલ સાવક કરકરીઆના ખાવીંદ. તે મરહુમો જરબાઇ તથા નરીમાન કરકરીઆના દીકરા. તે કેરમાન સાવક કરકરીઆના પપ્પા. તે દીના કેરમાન કરકરીઆના સસરા. તે દારા, હોશી, જીમી, ડોલી તથા મરહુમો મીનુ, સામ, ફ્રેની ને નરગીશના ભાઇ. તે ડો. મેહેર કેરમાન કરકરીઆ ને સરોશ કેરમાન કરકરીઆના બપાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૪૦/બી. મહાડા રોડ હાઉસ, રોયલ હીલ, ગોરેગામ પૂર્વ, મુંબઇ-૪૦૦૦૬૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે જોગેશ્વરી મધે માલકમબાગ અગિયારીમાં.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જાળીલા નિવાસી ઘાટકોપર હાલ કાંદિવલી, સ્વ.કમળાબેન જગજીવનદાસ ડેલીવાળાના સુપુત્ર સ્વ. પ્રતાપરાય (ઉં. વ. ૮૯) તે સ્વ.મંજુલાબેનના પતિ તા. ૨૪/૧૧/૨૫ના સોમવાર અરિહંતશરણ પામેલ છે. સ્વ. હસમુખરાય, સ્વ. મુગટલાલ, સ્વ. હર્ષદરાય, મહેન્દ્રભાઈ, દિલીપભાઈ, સ્વ. સરોજ વાડીલાલ શાહ, અનસુયા જયસુખલાલ દોશીના ભાઈ. સ્વ. સાંકળીબેન મોહનલાલ રતનશી ટોળીયાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૭/૧૧/૨૫ના ૧૦ થી ૧૨. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), એસ. વી. રોડ, પારેખ લેન કોર્નર, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નરેડીના કિયાંશ સન્ની નાગડા (ઉં. વ. ૧) તા. ૨૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. હીના રમણીકના પૌત્ર. શીતલ સન્નીના સુપુત્ર. સિકરાના સુનીતા રસીકલાલ ગાંધીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. રમણીક નાગડા, રૂમ નં. ૨૪, ૧લે માળે, જેમ્સ હાઉસ, ડીસોઝાવાડી, વાગલે ઇસ્ટેટ, થાણે.

ભુજપુરના અ.સૌ. રાજેશ્રી ધીરજ દેઢીયા (ઉં. વ. ૬૪) તા. ૨૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન કાનજી વેલજીના પુત્રવધૂ. ધીરજના ધર્મપત્ની. પ્રિયા, જેનીલના માતુશ્રી. સાયરાના ઝમકુબેન રાયચંદના પુત્રી. સ્વ. તુષાર, ગઢશીશાના જ્યોતિ મુકુંદ, મુંબઇના સ્મિતા સુનીલ, ભાવિનના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ). ટા. ૨ થી ૩.૩૦. તા. ૨૬-૧૧-૨૫, બુધવાર.

વડાલા (હાલે વાપી) ના દામજી વેલજી ગાલા (ઉં. વ. ૭૯) તા.૨૨-૧૧-૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી હીરબાઇ વેલજી ધારશીના સુપુત્ર. ભારતીના પતિ. નાંગલપુરના માતુશ્રી ભાનુબેન શામજી ટોકરશીના જમાઇ. અપેક્ષા, પ્રતિક્ષાના પિતા. પત્રીના લક્ષ્મીબેન દેવજી ઉગમ, પ્રેમજી, હરખચંદ, ભવાનજી, શાંતિલાલ, હરીલાલના ભાઇ. પ્રા. કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા ૪ થી ૫.૩૦.

સાભરાઈના ભારતી હંસરાજ ગડા (ઉં. વ. ૫૬) તા. ૨૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. કેશરબાઈ કુંવરજીના પુત્રવધૂ. સ્વ. હંસરાજના પત્ની. કોમલ, તન્વીના માતુશ્રી. દેઢીયાના લક્ષ્મીબેન કુંવરજીના પુત્રી. સુરેશ, નારણપુર અમૃત હીરાલાલ, ઉનડોઠ ગીતા ભરતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તન્વી ગડા, સી-૭૦૩, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી.

બેરાજાના ભારતીબેન પ્રદિપ ધનાણી (ઉં. વ. ૬૫) તા. ૨૪/૧૧/૨૫ના અવસાન પામેલ છે. મઠાંબાઈ નેમીદાસના પુત્રવધૂ. પ્રદિપના પત્ની. વિમળાબેન મુલચંદના પુત્રી. શૈલેષ, જયેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે) નિ. પ્રદિપ ધનાણી, ૪૨૫, દેવ આશિષ, નાહર નગર, મલાડ (વે). મું-૬૪.

વામકા હાલે ભચાઉના તેજશીભાઇ ગડા (ઉં. વ. ૭૮) શનિવાર, તા. ૨૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે.ગોમાબેન ભચુના પુત્ર. સ્વ. ચોથીબેનના પતિ. નવિન, કીર્તિ, હિતેશ, હેતલ, હર્ષાના પિતાશ્રી. સ્વ. વેરશી, સ્વ. લખમશી, સ્વ. લક્ષ્મી/ગં.સ્વ.દિવાળી, કામલબેનના ભાઇ. સ્વ. કામલબેન ભચુ રાજા કારીઆના જમાઈ. પ્રા. સમય : ૩.૦૦ થી ૪.૩૦, પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ). પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે.

કાંડાગરાના માતુશ્રી લક્ષ્મીબેન રાઘવજી છેડા (ઉં. વ. ૮૪) તા. ૨૪-૧૧-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ ખીમજીના પુત્રવધૂ. શ્રી રાઘવજીના પત્ની. જીતેન્દ્ર, લીના, નિલેશના માતુશ્રી. ડેપા તેજબાઈ ગગુભાઈ ના સુપુત્રી. ચુનિલાલ, દેવચંદ, પ્રભા, ઝવેર, જયાના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ.: નીલેશ છેડા, ૬/૧૬, ગલીયા કોટવાલા એસ્ટેટ, આર. સી. માર્ગ, ચેમ્બુર, મુંબઈ-૭૪.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

સાયલા નિવાસી સ્વ. વિનોદચંદ્ર જેઠાલાલ શાહના ધર્મપત્ની જયશ્રીબેન શાહ (ઉં.વ. ૮૯) મંગળવાર, તા. ૨૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુનીલ, પિનાક, પલ્લવી વોરા અને ડેઝી ટોલિયાના માતુશ્રી. ફાલ્ગુનીબહેન, કિશોરભાઇ ટોલિયા અને કિરીટભાઇ વોરાના સાસુ. લીંબડી નિવાસી રતિલાલ છગનલાલ શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી વિશા ઓસવાલ જૈન**

અમરેલી નિવાસી હાલ વાલકેશ્વર મુંબઇ ધનસુખલાલ હીરાલાલ શાહ (ઉં.વ.૮૮) તા. ૨૪-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રાબેનના પતિ. સ્વ. હરેશ, પરેશ, સ્વ. રક્ષાના પિતાશ્રી. તે પૂર્ણિમાના સસરા. હાર્દિક અને તીર્થેશના દાદા. સ્વ. જશુમતી ચંદુલાલ, સ્વ. હંસાબેન પ્રવીણચંદ્ર તથા સ્વ. હર્ષદભાઇના ભાઇ. શ્વસુર પક્ષે શિહોર નિવાસી પાનાચંદ પિતાંબરદાસ શાહના જમાઇ. ઠે. ૭/૧૬૮ સમ્રાટ અશોક સોસાયટી, રિજ રોડ, વાલકેશ્વર, મુંબઇ-૪૦૦૦૦૬. સાદડી તથા લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# ઘોડબંદર રોડ પર રાઈટ ટર્ન ટૂંક સમયમાં બંધ કરાશે : આજની બેઠક બાદ લેવાશે નિર્ણય

થાણે – છેલ્લા કેટલાક વર્ષોથી ઘોડબંદર રોડ પરની ટ્રાફિક અને અકસ્માતોને કારણે આ રૂટ પરની મુસાફરી જોખમી બની ગઈ છે. આ રૂટ પર સર્વિસ રોડને મુખ્ય રોડ સાથે જોડવાનું કામ પણ ચાલી રહ્યું છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે. આ સમસ્યાના ઉકેલ માટે થાણે ટ્રાફિક પોલીસે રૂટ પર સર્વિસ રોડના વળાંકોનું નિરીક્ષણ કર્યું છે, જેના કારણે આ સમસ્યા ઊભી થઈ છે. હવેથી અહીં જમણી બાજુ વળીને મુખ્ય માર્ગ પર આવતા વાહનોને પ્રવેશબંધી કરીને તેના માટે વૈકલ્પિક માર્ગનું આયોજન કરવામાં આવશે. આ સંદર્ભમાં ૨૬ નવેમ્બર, બુધવારના રોજ ટ્રાફિક પોલીસ, સામાજિક સંગઠનો, રાજકીય પક્ષના પદાધિકારીઓ અને રિક્ષા સંગઠનોની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તેમના સૂચનો અને વાંધાઓ પર વિચાર કર્યા પછી આ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. ઘોડબંદર રોડ પર કપૂરબાવડીથી ગાયમુખ વિસ્તારમાં સર્વિસ રોડને મુખ્ય રસ્તા સાથે જોડવાનું કામ શરૂ છે, તેમજ આ વિસ્તારમાં મેટ્રો લાઇનના નિર્માણનું કામ પણ ચાલી રહ્યું છે, કેટલીક જગ્યાએ ખોદકામ ચાલી રહ્યું છે. ઉપરાંત વિવિધ પ્રોજેક્ટ્સના કામ અને સર્વિસ રોડ પર જમણા વળાંક લેતા વાહનોને કારણે, સિગ્નલ વિસ્તારમાં વાહનો એકબીજા સાથે સામસામે આવી જાય છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યામાં વધારો થાય છે. કેટલીક જગ્યાએ સર્વિસ રોડ મુખ્ય રસ્તા સાથે જોડાયેલો હોવા છતાં વાહનચાલકો આ લેન પર વિરુદ્ધ દિશામાં જોખમી રીતે મુસાફરી કરે છે. તેથી થાણે ટ્રાફિક પોલીસે આનંદનગર, બ્રહ્માંડ, આર મોલ સહિતના કેટલાક મહત્વપૂર્ણ ચોકમાં સર્વિસ રોડ પરથી વાહનો માટે વન-વે બનાવવાનો નિર્ણય લીધો છે.

ટ્રાફિક જામ ટાળવા માટે જમણા વળાંક લેતા વાહનો પર પ્રતિબંધ મૂકીને, આ વાહનોને આંતરિક માર્ગો પરથી મુસાફરી કરવાની સૂચનાઓ આપવામાં આવશે. તેથી આ વાહનો આંતરિક માર્ગો પરથી મુખ્ય માર્ગ પર આવી શકશે. આનાથી ઘોડબંદરના મુખ્ય માર્ગો પરના ચોકમાં થતા ટ્રાફિક જામ અને વિરુદ્ધ દિશામાંથી આવતા વાહનોની સમસ્યામાંથી રાહત મળશે. ■

# નવી મુંબઈમાં પાણીની તંગી દૂર કરવા નવી પાણીની પાઈપલાઈન નખાશે

નવી મુંબઈ: પોતાનો ડેમ અને પૂરતું પાણી હોવા છતાં શહેરના કેટલાક ઉપનગરોમાં વારંવાર સર્જાતી પાણીની તંગી જેવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નવી મુંબઈ મહાનગરપાલિકાએ ફરી એકવાર શહેરનું જળ આયોજન કરવાનો નિર્ણય લીધો છે. કોપરખૈરણેથી ઐરોલી સુધીના વિસ્તાર માટે પારસિક હિલથી મહાપે સુધી પાંચ ફૂટ વ્યાસની નવી પાણીની પાઇપલાઇન નાખવામાં આવશે.

મોરબે ડેમનું પાણી હાલમાં બેલાપુરના પારસિક ટેકરી પરના જળાશયમાં સંગ્રહિત થાય છે અને પછી બેલાપુરથી ઐરોલી-દિઘા સુધીના વિવિધ ઉપનગરોમાં વિતરણ કરવામાં આવે છે. પાણી પુરવઠા વિભાગે એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે જો આ વિતરણ વ્યવસ્થામાં કોઈ ખામી સર્જાય તો કોપરખૈરણેથી દિઘા સુધી પૂરતા દબાણથી પાણી પૂરું પાડવામાં આવતું નથી. આના ઉકેલ તરીકે પારસિક ટેકરીથી મહાપે સુધી પાંચ ફૂટ વ્યાસની નવી પાણીની પાઇપલાઇન નાખવામાં આવશે.

મુંબઈ પછી નવી મુંબઈ એ રાજ્યની બીજા નંબરની મહાનગરપાલિકા છે, જેનો પોતાનો ડેમ છે. આ ડેમમાંથી મળતા ૪૫૦ એમએલડી પાણીમાંથી ૫૦ એમએલડી પાણી નવી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સિડકો વિસ્તારના ઉપનગરો જેવા કે ખારઘર અને કલંબોલીને પણ વહેંચવામાં આવે છે. મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમના બારવી ડેમમાંથી નવી મુંબઈ મહાનગરપાલિકાને ૮૦ એમએલડી પાણી મળવું જોઈએ તેવો પ્રસ્તાવ અગાઉથી જ મંજૂર થયેલો છે. આમ છતાં, મંજૂર કરેલા કોટા કરતાં ઘણું ઓછું એટલે કે માત્ર ૫૫ થી ૬૦ એમએલડી પાણી જ નવી મુંબઈ મહાનગરપાલિકાને મળે છે. તેથી પાણી વિતરણ વ્યવસ્થા સુવ્યવસ્થિત જાળવવા માટે મહાનગરપાલિકાએ ઘણા પ્રયત્નો કરવા પડે છે. નવી મુંબઈના તમામ ઉપનગરોને યોગ્ય અને પર્યાપ્ત રીતે પાણી પુરવઠો પૂરો પાડવા માટે રચાયેલ આ પ્રોજેક્ટ શહેરના પાણી આયોજનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બનશે. નવી મુંબઈ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા સક્ષમ અને તેની કેન્દ્રીય સ્તરે પણ પ્રશંસા કરવામાં આવી છે. ■

**૪૦મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**પિતાશ્રી નરસીદાસ મેઘજીભાઈ કામદાર**

(ગઢડા નિવાસી હાલ ઘાટકોપર)
અરિહંત શરણ : ૨૬-૧૧-૧૯૮૫

"તમારુ જીવન એજ તમારો સંદેશ હતો" સત્ય, પ્રમાણિક્તા, ધાર્મિક, પરોપકારવૃત્તિ, જીવદયા, માનવતા વિ. આપના સદ્ગુણો અમોને પ્રાપ્ત થાય. આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રભુ પાસે પ્રાર્થના.

સ્વ. રતિલાલભાઈ, સ્વ. રમણીકભાઈ,
સ્વ. રમેશભાઈ, જશવંતભાઈ,
ધીરજલાલ કામદાર, શીતલ કામદાર
મૌલિક, પૂજા, ચિ. વેદાંત
તથા કામદાર પરિવાર

**DNK Developers**

## લાડકી બહિણ યોજના અને ખેડૂતો માટેની યોજના ક્યારેય બંધ નહીં થાય: ફડણવીસ

રાહતા : લાડકી બહિણ યોજના, ખેતી માટે મફત વીજળી, પાક વીમો, તેમજ ખેડૂતો માટે લેવાયેલા નિર્ણયો સરકાર ક્યારેય બંધ નહીં કરે. અમે એવા લોકો નથી, જે માત્ર ચૂંટણી જીતવા પૂરતા આશ્વાસન આપે, અમે લોકોની સાથે રહીને તેમના જીવનમાં પરિવર્તન લાવનારા લોકો છીએ, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. ફડણવીસે કહ્યું કે, રાજ્યમાં અમને મોટી જીત મળી, ત્યારબાદ વિરોધીઓ કહેતા હતા કે તેમણે શરૂ કરેલી યોજનાઓ બંધ થઈ જશે, પરંતુ એક વર્ષ થઈ ગયું છે છતાં તમામ યોજનાઓના પૈસા ચાલુ છે. ■




# ચેમ્બુરમાં માતા કાલીને મધર મેરીનો શણગાર, પૂજારીની ધરપકડ બાદ પોલીસ કસ્ટડી




મુંબઇ : મહારાષ્ટ્રના મુંબઈથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મંદિરમાં દર્શન કરવા આવેલા ભક્તો ત્યારે ચોંકી ગયા જ્યારે તેમણે જોયું કે ગર્ભગૃહમાં સ્થાપિત દેવી કાલીની મૂર્તિને માતા મેરી જેવા કપડાં પહેરાવીને શણગારવામાં આવી હતી. આ અસામાન્ય દૃશ્યથી મંદિરમાં આવેલા ભક્તો ગુસ્સે થયા હતા. પરિસ્થિતિ વધુ વણસતા પોલીસે પૂજારીની ધરપકડ કરી હતી અને હાલમાં તેની પૂછપરછ કરી રહી છે. આ ઘટના મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં બની હતી. વાશી નાકા ખાતે આવેલા કાલી માતા મંદિરમાં દર્શન કરવા ગયેલા એક ભક્તે દેવી કાલીની મૂર્તિ માતા મેરી જેવી દેખાતી જોઈ. આ સમાચાર આખા વિસ્તારમાં આગની જેમ ફેલાઈ ગઇ. ભક્તોએ તાત્કાલિક પોલીસને ઘટનાની જાણ કરી અને પૂજારી સામે કડક કાર્યવાહીની માગ કરી. જેના પગલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા કેસ નોંધ્યો. જ્યારે લોકોએ મંદિરના પૂજારી રમેશને આ વિવાદાસ્પદ કૃત્ય વિશે પૂછ્યું ત્યારે તેમણે ચોંકાવનારો જવાબ આપ્યો. પૂજારીએ દાવો કર્યો કે દેવી કાલી પોતે તેમના સ્વપનમાં આવ્યા હતા અને તેમને માતા મેરી જેવો પોશાક પહેરાવીને શ્રૃંગાર કરવાની સૂચના આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે પૂજારીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, કોર્ટે તેને બે દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. ■




## ડ્રગ્સના કેસમાં શ્રદ્ધા કપૂરનો ભાઈ સિદ્ધાંત પોલીસ સમક્ષ હાજર

મુંબઈ: ડ્રગ્સ જપ્તિના કેસમાં પોતાનું નિવેદન નોંધાવવા માટે અભિનેત્રી શ્રદ્ધા કપૂરનો ભાઈ સિદ્ધાંત કપૂર મંગળવારે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સમક્ષ હાજર થયો હતો.

અભિનેતા શક્તિ કપૂરનો પુત્ર અને બોલીવૂડનો ઍક્ટર-ડિરેક્ટર સિદ્ધાંત કપૂર એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના ઘાટકોપર યુનિટની ઑફિસે પહોંચ્યો હતો. પોલીસે સિદ્ધાંતનું નિવેદન નોંધ્યું હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસમાં સિદ્ધાંત ઉપરાંત, ઈન્ફ્લુએન્સર ઓરહાન અવતરામાણી ઉર્ફે ઑરીને પણ એએનસીએ ૨૬ નવેમ્બરે બોલાવ્યો હતો.એએનસીએ ૨૫૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ જપ્ત કર્યું હતું. આ કેસના મુખ્ય આરોપી મોહમ્મદ સલીમ મોહમ્મદ સુહેલ શેખની પૂછપરછમાં બોલીવૂડની બે સેલિબ્રિટીનાં નામ સામે આવ્યાં હતાં, જેને પગલે એએનસીના ઘાટકોપર યુનિટે બન્નેને સમન્સ પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ડ્રગ્સના સેવન પ્રકરણે ૨૦૨૨માં બેંગલુરુમાં સિદ્ધાંતને પકડી પાડવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ શેખે દાવો કર્યો હતો કે ભારત અને વિદેશમાં તેણે આયોજિત કરેલી રૅવ પાર્ટીઓમાં કેટલીક ફિલ્મ, ફૅશન સિલિબ્રિટી, એક રાજકારણી અને ભાગેડુ ગૅન્ગસ્ટર દાઉદ ઇબ્રાહિમનો સાથી હાજર રહેતા હતા. ■

## અજિત પવારના કાફલાની અડફેટે ઘવાયેલી મહિલાનું મૃત્યુ

બીડ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના કાફલામાંના વાહને બાઈકને ટક્કર મારતાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાનું આખરે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટનામાં બાઈક પર સવાર મહિલાનો પતિ અને બે પુત્રી પણ જખમી થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતની ઘટના ધારુર તહેસીલમાં તળેગાંવ-ધારુર રોડ પર શનિવારે બની હતી.

નાયબ મુખ્ય પ્રધાન જાલના જિલ્લાના પરતુરથી લાતુર જિલ્લાના ઔસા ખાતે જઈ રહ્યા હતા ત્યારે તેમના કાફલામાંના ફાયર બ્રિગેડના વાહને એક બાઈકને ટક્કર મારી હતી. બાઈક પર વિષ્ણુ સુદે (૩૫) પત્ની કુસુમ (૩૦) અને છ અને નવ વર્ષની બે પુત્રી સાથે ઘર તરફ જઈ રહ્યો હતો. અકસ્માતમાં બાઈક સવાર ચારેય જણ ગંભીર રીતે ઘવાયા હતા. સારવાર માટે તેમને ધારુર ગ્રામીમ હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. જોકે વધુ સારવાર માટે તેમને બાદમાં લાતુરની સહ્યાદ્રી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, એમ ધારુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે કુસુમની હાલત અત્યંત ગંભીર હતી. સારવાર દરમિયાન મંગળવારની સવારે તેણે છેલ્લા શ્વાસ લીધા હતા. કુસુમના પતિ અને બન્ને દીકરીનો ઉપચાર ચાલી રહ્યો છે. આ ઘટના બાદ પોલીસે ફાયર બ્રિગેડના વાહનના ડ્રાઈવર વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવવા બદલ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■



















ગણતરીમાં છબરડો

## શિક્ષકોના પગારની વધારાની રકમ હપ્તે હપ્તે વસૂલ કરાશે

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ના શિક્ષણ વિભાગે ખાનગી સહાયિત શાળાઓમાં પહેલી જાન્યુઆરી ૨૦૦૪ના રોજ નિમણૂક કરવામાં આવેલા શિક્ષકોના પગાર નક્કી કરવામાં મોટી ભૂલો દર્શાવી છે. આ શિક્ષકો શરૂઆતમાં શિક્ષણ સેવક અથવા સહાયક શિક્ષકો તરીકે જોડાયા હતા અને અમુક વર્ષો બાદ તેમને કાયમી (પર્મેનન્ટ) બનાવી ઉચ્ચ ગ્રેડ પગાર ધોરણમાં સામેલ કરવામાં આવ્યા હતા.

મહાનગરપાલિકાના વિભાગ દ્વારા તાજેતરમાં જારી કરાયેલા આદેશ મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૬ પહેલા કાયમી બનેલા શિક્ષકોના પગાર ધોરણ નક્કી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલી ગણતરી ખોટી હતી. આ ખોટી ગણતરીને કારણે ૨૦૧૬ સુધીમાં સિનિયર પે સ્કેલ માટે લાયક બનેલા ઘણા શિક્ષકોને તેમના હક કરતા વધુ પગાર ચૂકવવામાં આવ્યો હતો. આ છબરડાને કારણે શિક્ષકોને બે વર્ષનું વધુ મહેનતાણું મળ્યું હતું.

શિક્ષણ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે છબરડાને પરિણામે પગાર નક્કી કરવામાં ભૂલ થઈ હતી.ભૂલ ધ્યાનમાં આવતા શિક્ષકોને ચૂકવવામાં આવેલી વધારાની રકમ વસૂલ કરવામાં આવશ એવો નિર્દેશ બીએમસીએ આપ્યો છે. દરેક શિક્ષક પાસેથી વસૂલ કરવાની રકમને આધારે વસૂલાત ૧૦ કે તેથી વધુ હપ્તામાં કરવામાં આવશે. ■

માનસ વંદે માતરમ્ રામકથાના ચોથા દિવસે પૂજ્ય બાપુએ કર્યું આહ્વાન

# ૧૫૧ કરોડ વૃક્ષારોપણની જવાબદારી ફક્ત એક સંસ્થાની નથી, દરેક નાગરિકની સામૂહિક ફરજ છે







સદ્ભાવના વૃદ્ધાશ્રમની નિઃસ્વાર્થ સેવા, ૧૫૧ કરોડ વૃક્ષારોપણનો દિવ્ય સંકલ્પ, જૂનાગઢમાં કેશ કાઉન્ટર વિનાની સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલનું નિર્માણ અને રાષ્ટ્રગીત વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષ, આ સમસ્ત પાવન આશયોને અર્પિત ૯૬૭મી રામકથા માનસ વંદે માતરમ્‌નો ચોથો દિવસ ઘાટકોપર પૂર્વના ચિત્રકૂટ ધામ આચાર્ય અત્રે મેદાનમાં આધ્યાત્મિક મહોત્સવ બની પ્રગટ્યો. તા. ૨૫ નવેમ્બર, મંગળવારનો આ દિવસ જાણે ભક્તિ અને ભાવનો પાવન સંગમ બની ગયો.

### અયોધ્યામાં ધર્મ ધ્વજારોહણ સમયે ઉપસ્થિત ભાવિકો થયા ભાવુક

ગઈકાલે અયોધ્યામાં શ્રી રામમંદિરના શિખરે ૨૨ ફૂટની ધર્મધ્વજાનું આરોહણ થતું હતું. આ દૈવી ક્ષણ કથાસ્થળે લાઈવ દર્શાવતા જ પૂજ્ય મોરારિબાપુ અને હજારો ભક્તો પર મર્મસ્પર્શી ભાવવર્ષા થઈ. ‘‘જય શ્રી રામ’’ના ઉલ્લાસમય નાદે વાતાવરણ દિવ્યતાથી દીપી ઊઠ્યું હતું. અનેક ભાવિકોની આંખોમાં સંતોષ અને આનંદના ઝળહળતા અશ્રુઓ આખા પવિત્ર પ્રસંગને ધન્યતા આપી રહ્યા હતા. વધુ એક વિશેષતા એ રહી કે આ દિવસ માગશીર્ષ સુદ પંચમી પ્રભુ શ્રીરામ અને માતા જાનકીના લગ્ન દિવસનો પુણ્યપ્રસંગ હતો.

### પ્રસિદ્ધ ભાગવતાચાર્ય પૂજ્ય ભૂપેન્દ્રભાઈ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિ

ગઈકાલે પોતાના જન્મદિને પ્રસિદ્ધ ભાગવતાચાર્ય પૂજ્ય ભૂપેન્દ્રભાઈ પંડ્યા વિશેષરૂપે બાપુના ચરણોમાં આશીર્વાદ લેવા પધાર્યા હતા. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં તેમણે સાધુભાવની એવી મર્મગત્ય વ્યાખ્યા કરી કે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા. પરોપકારને સાધુતાની સાથે સુંદર રીતે જોડતા હૃદયસ્પર્શી ઉદાહરણો આપ્યા. આ પ્રસંગે ૧૫૧ કરોડ વૃક્ષારોપણનાં આ મહાસંકલ્પને વધાવતા તેમના ૧૧ વૃક્ષોના યોગદાનનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.

### વિવિધ પુસ્તકોનું વિમોચન અને અર્પણ

કથાના પ્રારંભે પરાગભાઈ શાહે પોતાના ‘‘થર્ડ આય’’ પુસ્તકનું પૂજ્ય બાપુને અર્પણ કરવું એ ક્ષણ પણ ભાવપૂર્ણ બની. બાદમાં નીતિનભાઈ વડગામા દ્વારા લખાયેલા કથા-સાર પુસ્તકોનું પૂજ્ય બાપુના હસ્તે વિમોચન થયું. ચિત્રકૂટ ધામ તલગાજરડા દ્વારા દરેક રામકથાનો વિનામૂલ્યે પ્રકાશિત થતો કથા-સાર ભક્તિ અને સેવા બંનેનું સુંદર સંયોજન બતાવે છે.

### કવિ, કલાકાર અને સાહિત્યકારને સ્મરણાંજલિ

કથા શરૂ થતા પહેલા પૂજ્ય બાપુએ ફિલ્મ જગતના પ્રિય કલાકાર ધર્મેન્દ્રના અવસાન પર હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. બાદમાં કવિ કલાપીની સુમધુર રચના ‘‘જ્યાં જ્યાં નજર મારી ઠરે...’’ ગાઈને બાપુએ પોતાના સાહિત્યરસને ફરી ઉજાગર કર્યો હતો. લોકકવિ દાદ બાપુની લોકપ્રિય રચના ‘‘દરિયો પહેરે નહીં મોતીડાંની માળા રે...’’ના પઠનથી માતૃભાષા અને સાહિત્ય પ્રત્યેની શ્રદ્ધાને અર્પિત કરતા પરોપકારની ભાવનાને વધુ ઉજાગર કરી હતી.

### ચોથા દિવસની કથાનો સાર

માતૃપંચકનો સંવાદ આગળ વધારતાં બાપુએ પાંચ આધ્યાત્મિક માતાઓ શ્રી, ક્ષમા, શ્રદ્ધા, પ્રજ્ઞા (બુદ્ધિ) અને શાંતિ વિષે એવો હૃદયસ્પર્શી, જીવનમૂલ્યોને ઝળહળતો ઉપદેશ આપ્યો કે શ્રોતાઓના અંતરમનમાં નવી પ્રેરણાનો દિપ પ્રગટ્યો. ત્યારબાદ બાપુએ ભારદ્વાજજીના પ્રસંગ સાથે શિવચરિત્રનું વર્ણન કરતા માતા સતીના માનસિક ત્યાગથી લઈને ભગવાન શિવે હનુમાનજી રૂપે બ્રહ્મચર્ય ધારણ કરવાના સંકલ્પ સુધીની આધ્યાત્મિક ગાથાને અનોખી કરુણાશીલતા અને ગાઢ અર્થસભરતા સાથે રજૂ કરી. આ ભાગે કથા મેરુભાવના ઊંચાઈને સ્પર્શી ગઈ.

### લોકકલ્યાણના કાર્યમાં મનોરથી પરાગભાઈ શાહની આર્થિક જાહેરાત

આ અવસરે પરાગભાઈએ ભક્તોને કથાનો લાભ આપવાની તક આપવા બદલ બાપુનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો અને ત્રણ વિશેષ યોગદાન જાહેર કર્યા હતા. જૂનાગઢની નિઃશુલ્ક મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ માટે રૂપિયા એક કરોડ, સદ્ભાવના વૃદ્ધાશ્રમ માટે એક કરોડ તથા ૧૫૧ કરોડ વૃક્ષારોપણ માટે રૂપિયા એક કરોડનું અનુદાન જાહેર કર્યું હતું. વિવિધ લોકકલ્યાણના કાર્યો અર્થે તેમણે કુલ ત્રણ કરોડનું અનુદાન જાહેર કર્યું હતું. સેવા અને સદ્ભાવનો આ ઉમદા સંદેશ સમગ્ર કથાસ્થળે આનંદ અને પ્રેરણાનો નવો પ્રવાહ બની રહ્યો.

### ભજન સાથે ભોજનપ્રસાદની પણ વ્યવસ્થા

પૂજ્ય બાપુના પવિત્ર વચન મુજબ કથાસ્થળે ભજન સાથે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી રામ રસોડામાં દરરોજ સવારનું શિરામણ, બપોરે ભોજન અને રાત્રિના વાળામાં આશરે પાંચ હજાર ભક્તો ભોજન પ્રસાદનો આનંદ માણે છે. જે રામકથામાં માતા અન્નપૂર્ણાના આશીર્વાદનું જીવંત સાક્ષ્ય છે.



સદ્ભાવનાના વૃદ્ધાશ્રમ દ્વારા ૧૫૧ કરોડ વૃક્ષારોપણના સંકલ્પને ફળિભૂત કરતા કથાસ્થળ ચિત્રકૂટ ધામે વૃક્ષારોપણ કરી રહેલા પૂજ્ય મોરારિબાપુ, નાગરેચા પરિવાર સાથે કથાના મનોરથી પરાગભાઈ શાહ અને અન્ય માન્યવર

## ગિફ્ટ સિટીની તમામ જમીન ૨૦૨૮ સુધીમાં ફાળવી દેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના પહેલા સ્માર્ટ સિટી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્સ સિટી (ગિફ્ટ સિટી)માં સામાન્ય લોકોની સગવડ માટે બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત બહારથી આતાં લોકો માટે શરૂ કરાયેલી મેટ્રો રેલના નવા બે સ્ટેશનને પણ મંજૂરી મળી ગઇ છે.

ગિફ્ટ સિટીમાં ઈન્ટર્નલ ટ્રાન્સપોર્ટેશન માટે ઈ-ટેક્સી પણ શરૂ કરવામાં આવશે. હાલ ગિફ્ટ સિટીમાં ૫૦ ટકા જમીન ટેન્ડર દ્વારા અપાઇ ગઇ છે. જેમ જેમ ડિમાન્ડ આવશે તેમ તેમ બાકીની જમીન આપવામાં આવશે. અત્યારે ગિફ્ટ સિટીની જમીનની સારી ડીમાન્ડ હોવાથી ૨૦૨૮ સુધીમાં ગિફ્ટ સિટીની તમામ જમીન ફાળવી દેવામાં આવશે એવો વિશ્વાસ ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર સંજય કૌલે વ્યક્ત કર્યો હતો. કૌલે ગિફ્ટ સિટીમાં ચાલી રહેલાં વિકાસકાર્ય વિશે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં કામ કરનારાં લોકોના મનોરંજન અને સ્વાસ્થ્ય માટે સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાઈ રહ્યું છે. તેના ભાગરૂપે ગિફ્ટ સિટીમાં એક વિશાળ સેન્ટ્રલ પાર્ક વિકસાવવામાં આવી રહ્યું છે.

આ સેન્ટ્રલ પાર્કમાં ફૂડ કોર્ટ, સ્પોર્ટ્સ એરિના અને અન્ય મનોરંજન સુવિધાઓનો સમાવેશ થશે. તેમણે કહ્યું કે, સ્પોર્ટ્સ એરેના ૨૦૨૬ના માર્ચ સુધીમાં ચાલુ થઈ જશે. આ ઉપરાંત ડિસેમ્બરથી કલ્ચરલ પ્રોગ્રામ્સ પણ શરૂ થશે અને દર મહિને લગભગ ત્રણ કાર્યક્રમો યોજવાનું આયોજન છે. ગિફ્ટ સિટીમાં કામ કરનારા હળવા થઈ શકે એ ઉદ્દેશથી આ કાર્યક્રમો કરાઈ રહ્યા છે. કૌલે જણાવ્યું કે, ફૂડ કોર્ટનો કરાર રાષ્ટ્રીય પ્રસિદ્ધ બ્રાન્ડને આપવામાં આવ્યો છે. આ સેન્ટ્રલ પાર્ક સમગ્ર રાજ્યમાંથી મુલાકાતીઓને આકર્ષશે એવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી. કૌલે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં લોકોની અવરજવર માટે બસ સેવા શરૂ કરવા એસ.ટી. તંત્ર સાથે ચર્ચા ચાલી રહી છે. બહુ જલદી આ બસ સેવા શરૂ કરાશે અને એ માટે એક સ્ટડી પણ ચાલી રહ્યો છે. તેનો રિપોર્ટ આવી ગયા બાદ કયા સમયે બસ સેવા શરૂ કરવી તેનો નિર્ણય કરવામાં આવશે. મેટ્રોના નવા બે સ્ટેશન માટે મંજૂરી મળી ગઇ છે અને તેની કામગીરી પણ બહુ જલદી શરૂ કરાશે. કૌલે વધુમાં જણાવ્યું કે, ગિફ્ટ સિટીમાં અત્યાર સુધીમાં કુલ ૭૧ બિલ્ડિંગને મંજૂરી મળી છે અને તેમાંથી ૨૫ બિલ્ડિંગ કાર્યરત થઈ ગયા છે. આ સિવાય ૬ બિલ્ડિંગનું બાંધકામ ચાલુ છે અને ૧૦ બિલ્ડિંગના પ્લાન પાસ થવાની કાર્યવાહીમાં છે. ગિફ્ટ સિટીમાં ૧૧૦૦ ફ્લેટ આવેલા છે અને ૨૭ હજાર કર્મચારી કામ કરી રહ્યા છે. કૌલે ભવિષ્યમાં ગિફ્ટ સિટીની સીમા વધારવામાં આવશે કે નહીં એ અંગે કોઈ સ્પષ્ટ જવાબ નહોતો આપ્યો. તેમણે કહ્યું કે, હાલ ગિફ્ટ સિટીમાં ૫૦ ટકા જમીન ટેન્ડર દ્વારા અપાઇ ગઇ છે. જેમ જેમ ડિમાન્ડ આવશે તેમ તેમ બાકીની જમીન આપવામાં આવશે. અત્યારે ગિફ્ટ સિટીની જમીનની સારી ડીમાન્ડ હોવાથી ૨૦૨૮ સુધીમાં ગિફ્ટ સિટીની તમામ જમીન ફાળવી દેવામાં આવશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, ગિફ્ટ સિટીનું આયોજન કરાયું ત્યારે નક્કી થયા પ્રમાણે, કુલ જમીનમાંથી ૬૭ ટકા જમીન કોમર્શિયલ હેતુ માટે વપરાશે જ્યારે ૨૭ ટકા રેસિડન્ટ, ૧૧ ટકા જમીન સોશ્યલ એક્ટિવિટી અને ૫ ટકા યુટિલિટી માટે ઉપયોગ કરવામાં આવશે.

## ગુજરાત સરકારની ૧૨મી વાર્ષિક ચિંતન શિબિર ૨૭મી નવેમ્બરથી ધરમપુરમાં યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિર આગામી ૨૭ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન વલસાડ જિલ્લાના ધરમપુર નજીકના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાશે. સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફની થીમ પર આયોજિત ચિંતન શબિરમાં રાજ્ય મંત્રીમંડળના પ્રધાનો, વરિષ્ઠ સચિવો અને સનદી અધિકારીઓ સહભાગી થશે તેમ પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

પ્રવક્તા પ્રધાને ઉમેર્યુ હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં યોજાનાર ૧૨મી ચિંતન શિબિરમાં પ્રધાન મંડળના સભ્યો સહિત ૨૪૧ જેટલા આઈ.એ.એસ, આઈ.પી. એસ સહિત ઉચ્ચ સનદી અધિકારીઓ સહભાગી થશે. જેમાં વિવિધ ચર્ચા સત્રો થકી ગુજરાતના વિકાસનો રોડમેપ તૈયાર કરાશે.

પ્રવક્તાએ વધુમાં કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્ય વહીવટને વધુ નાગરિક-કેન્દ્રિત બનાવી તેની અસરકારકતામાં વધારો કરવાના હેતુથી વર્ષ ૨૦૦૩થી ચિંતન શિબિરની શરૂઆત કરી હતી. ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ પરંપરાને આગળ ધપાવતા પ્રશાસનિક સમયાનુરૂપ ટેકનોલોજી અને પારદર્શકતા સાથે સંવેદનશીલતાની નવી દિશા આપવા આ વર્ષે ૧૨મી વાર્ષિક ચિંતન શિબિરનું આયોજન કર્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ વર્ષની ચિંતન શિબિરમાં પોષણ અને જાહેર આરોગ્ય, સેવાક્ષેત્રની વૃદ્ધિ અને વૈવિધ્યકરણ, વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ, જાહેર સલામતી, હરિત ઊર્જા અને પર્યાવરણ જેવા વિષયો પર સામૂહિક ચિંતન-મંથન કરવામાં આવશે. ચિંતન શિબિરનો પ્રારંભ તા.૨૭ નવેમ્બરના રોજ ઉદ્ઘાટન સત્રથી થશે તથા બાકીના બે દિવસોમાં સમગ્ર દિવસ દરમિયાન વિવિધ ચર્ચા સત્ર, જૂથ ચર્ચા, બેઠકો યોજાશે. ત્રિ- દિવસીય ચિંતન શિબિર દરમિયાન વિવિધ વિષયોના નિષ્ણાત વક્તાઓના વ્યાખ્યાનો પણ યોજાશે.

આ ઉપરાંત શિબિરના સમાપન સમારોહમાં વર્ષ ૨૦૨૪-૨૫ના કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

## સુરતમાં નકલી પનીર મામલે સુરભી ડેરીના માલિક શૈલેષ પટેલ વિરુદ્ધ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં પનીરના નમૂના ફેલ થતાં પ્રથમવાર કોઈ ડેરીમાલિક વિરુદ્ધ ગુનો નોંધાયો છે. સુરભિ ડેરીમાંથી લેવાયેલા પનીરના નમૂના ફેલ થતાં એસ.ઓ.જી. પોલીસે ખટોદરા પોલીસ મથકમાં સુરભી ડેરીના માલિક શૈલેષ પટેલ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે ૭૫૪ કિલો જેટલું પનીર પણ જપ્ત કર્યું હતું, જે અલગ-અલગ હોટલો અને લારીઓ પર સસ્તા ભાવે વેચાણમાં આપવામાં આવતું હતું.

આ સમગ્ર મામલો ૧૦ નવેમ્બરના રોજ પ્રકાશમાં આવ્યો હતો, જ્યારે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) અને આરોગ્ય વિભાગે સંયુક્ત રીતે સુરભી ડેરીના ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. આ ઓપરેશન દરમિયાન, અધિકારીઓએ ગોડાઉનમાંથી આશરે ૭૫૦ કિલોગ્રામથી વધુ નકલી પનીર જપ્ત કર્યું હતું. સ્થળ પર જ માલિક શૈલેષ પટેલે કબૂલાત કરી હતી કે આ પનીર નકલી છે. જપ્ત થયેલા નકલી પનીરના સેમ્પલને તાત્કાલિક લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. લેબ રિપોર્ટમાં આ પનીરની ગુણવત્તા અત્યંત ખરાબ અને માનવ વપરાશ માટે અયોગ્ય હોવાનું સ્પષ્ટ થયું હતું. આ રિપોર્ટના આધારે, શૈલેષ પટેલ વિરુદ્ધ ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી અને ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

## અમદાવાદ ઍરપોર્ટ પાસેનાં ૪૬ બિલ્ડિંગનો સર્વે પૂર્ણ, વિમાન ઉડ્ડયનને નડતરરૂપ ૧૩ બાંધકામ તોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એરપોર્ટની આસપાસ વિમાનના ટેકઓફ, લેન્ડિંગમાં અવરોધરૂપ ૪૬ બિલ્ડિંગનો સરવે કરાયો હતો, જેમાંથી ૧૩ બિલ્ડિંગના નડતરરૂપ બાંધકામ હટાવાશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સંકલનમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશનએ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અમદાવાદની આસપાસ બિલ્ડિંગોની ઊંચાઈના ઉલ્લંઘનને રોકવા માટે કડક અમલીકરણ શરૂ કર્યું છે. વિમાનના ટેક-ઓફ અને લેન્ડિંગ દરમિયાન અવરોધમાં આવતી બિલ્ડિંગોના છેલ્લા કેટલાંક વર્ષોમાં નિયમો અનુસાર અનેક એરોનોટિકલ સર્વેક્ષણો અને સલામતી ઓડિટ હાથ ધરવામાં આવ્યાં છે. આ સર્વેક્ષણો બાદ કેટલાક બાંધકામો અવરોધ મર્યાદા (ઓએલએસ)નું ઉલ્લંઘન કરતાં હોવાનું બહાર આવ્યું હતું. નવેમ્બર ૨૦૨૨ની સમીક્ષા બાદ ડીજીસીએએ જાન્યુઆરી ૨૦૨૪માં એરક્રાફ્ટ નિયમો ૧૯૯૪ હેઠળ એરપોર્ટની આસપાસની ૪૬ બિલ્ડિંગોના અંતિમ આદેશ જાહેર કર્યા હતા, જેમાં ૨૮ મકાન માલિકોએ આદેશનું પાલન કર્યું હતું. જ્યારે ચાર અપીલ હેઠળ છે અને એકને એરોનોટિકલ અભ્યાસ માટે મોકલવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિ. દ્વારા ૧૩ બિલ્ડિંગોના નડતરરૂપ અવરોધ દૂર કરવાના બાકી છે.

## ગુજરાતમાં શાકભાજીના ભાવ આસમાને, 30 થી ૪0 ટકાનો વધારો

અમદાવાદઃ ગુજરાતમાં જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. ખાદ્યતેલ બાદ શાકભાજીની કિંમતો ડબલ થઈ છે. આ વર્ષે શિયાળાની શરૂઆતમાં જ થયેલા ભારે કમોસમી વરસાદથી શાકભાજી સહિતનો પાક નિષ્ફળ ગયો છે. આ ઉપરાંત હાલમાં લગ્નસરાની સીઝનને પગલે શાકભાજીની માગમાં વધારો થતા ઓળાના રીંગણા, ટામેટા, કોથમરી સહિતના શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. દિવાળી બાદથી ધીરે-ધીરે વધતો શાકભાજીના ભાવ છેલ્લા ૨૦ દિવસમાં ડબલ થઈ ગયો છે. શાકભાજીના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો નોંધાયો છે. આગામી દિવસોમાં લીલા શાકભાજીના ભાવમાં વધારો ચોક્કસ થશે, પરંતુ ઘટાડો થવાની શક્યતા નહિવત્ હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. કમોસમી વરસાદના લીધે ખેતરમાં પાણી ભરાતા ઘણી શાકભાજી બળી ગઈ છે. કેટલીક શાકભાજીને પાણીના કારણે નુકસાન પહોંચ્યું હોવાથી ઉતારી મોડો આવી રહ્યો છે. જેથી માગની સરખામણીએ આવક ઓછી નોંધાતા ભાવમાં બમણો વધારો થયો છે. શાકભાજીના નવા ભાવ પર એક નજર કરીએ તો રીંગણા પ્રતિ કિલો રૂ.૧૨૦-૧૫૦, કોબીજ પ્રતિ કિલો રૂ.૫૦-૬૦, કોથમિર પ્રતિ કિલો રૂ.૮૦-૧૦૦, ટમેટા પ્રતિ કિલો રૂ.૭૦-૮૦, ભીંડા પ્રતિ કિલો રૂ.૧૨૦-૧૪૦, ફ્લાવર પ્રતિ કિલો રૂ.૮૦-૧૦૦ નો વધારો થયો છે.

## નવસારીમાં ₹ ૮૨.૦૭ કરોડના ખર્ચે બનેલા અદ્યતન બસ સ્ટેશનનું મુખ્ય પ્રધાનના હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીમાં રૂ. ૮૨.૦૭ કરોડના ખર્ચે બનેલા ગુજરાતના સૌથી આધુનિક એસટી બસ સ્ટેશનનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ બસ સ્ટેશન એરપોર્ટ જેવી સુવિધાઓથી સજ્જ છે, જેમાં મલ્ટિપ્લેક્સ, સ્વિમિંગ પૂલ, હાઈ ક્લાસ રેસ્ટરૂમ, વિશાળ ફૂડ કોર્ટ અને ૧૫૦ સીસીટીવી કેમેરાની સુરક્ષાથી સજ્જ છે. મુસાફરોની સુવિધા અને મનોરંજનને ધ્યાનમાં રાખીને અહીં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે. આ હાઈટેક ડેપોમાં અનેક વિશેષતાઓ છે. આ બસ પોર્ટમાં થિયેટર, સ્વિમિંગ પૂલ, શોપ સહિત મુસાફરોને લગતી દરેક જાતની સુવિધાઓ છે. મુસાફરો મનોરંજન માટે ૩ મલ્ટિપ્લેક્સ થિયેટર, જ્યારે ફૂડ ઝોનમાં ૧૧ ફૂડ કોર્ટ છે, જ્યાં એકસાથે ૩૦૦૦ લોકો ભોજન કરી શકશે.

આ ઉપરાંત મુસાફરોના રોકાણ માટે ૬૭ રૂમની આલીશાન હોટલ અને સ્વિમિંગ પૂલની સુવિધા પણ ઉપલબ્ધ છે. શોપિંગ માટે ગ્રાઉન્ડ પ્લસ ટૂ (જી+૨) હાઇપર માર્કેટ અને ૨ સુપર માર્કેટ બનાવાયા છે તેમજ સામાજિક પ્રસંગો માટે ૪ ભવ્ય બેન્ક્વેટ હોલ પણ છે. આ ઉપરાંત જાહેર સ્થળોએ પાર્કિંગની સમસ્યાને ધ્યાનમાં રાખીને આ ડેપોમાં ૧,૧૭,૦૦૦ સ્ક્વેર ફીટના વિશાળ અંડરગ્રાઉન્ડ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ૭૫૩ ટૂ-વ્હીલર અને ૨૫૨ ફોર-વ્હીલર પાર્ક કરી શકાશે.

## નવસારી ખાણ ખનિજ વિભાગના નિવૃત્ત અધિકારી પાસેથી ₹ ૧,૦૨,૪૬,૯૪૯ની અપ્રમાણસર મિલકત મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એન્ટિ કરપ્સન બ્યુરો (એસીબી)એ નવસારી ખાણ ખનીજ વિભાગના તત્કાલીન મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી અને હાલ નિવૃત્ત અધિકારી સંદિપ મધુકર ખોપકર સામે અપ્રમાણસર મિલકત રાખવાના ગંભીર આક્ષેપોને આધારે ગુનો દાખલ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપીએ પોતાની કાયદેસરની આવકની સરખામણીમાં રૂપિયા ૧,૦૨,૪૬,૯૪૯ જેટલી ગેરકાયદેસર સંપત્તિ એકઠી કરી હતી. એસીબીની ઊંડાણપૂર્વકની તપાસમાં આ મામલો બહાર આવતા વિભાગમાં ચર્ચાનો વિષય બન્યો છે. મળતી માહિતી મુજબ સંદીપ ખોપકર દ્વારા જમા કરેલી આ મિલકત તેમની કુલ આવક કરતાં ૬૨.૧૩ ટકા જેટલી વધારે હોવાનું ખૂલ્યું હતું. આ ગેરકાયદેસર સંપત્તિ માટે આરોપીએ ફરજ દરમ્યાન પદ અને સત્તાનો દુરુપયોગ કરીને વિવિધ સ્રોતો દ્વારા ગેરકાયદેસર રીતે નાણાં મેળવ્યાં હતાં. આ નાણાંનો ઉપયોગ તેમણે સ્થાવર મિલકતો જેમ કે જમીન, મકાન તેમજ જંગમ મિલકતો જેમ કે વાહનો અને બેંક ખાતામાં જમા રકમરૂપે કર્યો હતો. તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સંપત્તિનું કોઈ પણ કાયદેસર સ્રોત મળ્યું નથી, જેનાથી કેસ વધુ ગંભીર બની રહ્યો છે. આ મામલે સરકારી ફરિયાદી તરીકે નવસારી એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરે ફરિયાદ નોધાવી હતી. ફરિયાદના આધારે આરોપી સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કેસની વધુ કાર્યવાહીમાં વડોદરાના માંજલપુર ખાતે રહેતા સંદિપ મધુકર ખોપકરને એસીબીએ ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ધરપકડ કરી હતી. ધરપકડ પછી તેમના બેંક ખાતા, મિલકતો તથા આર્થિક લેવડદેવડની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## વડોદરામાં ૧.૬૨ કરોડની નકલી નોટો અને ત્રણ કિલો નકલી સોનું મળતાં ચકચાર

અમદાવાદઃ વડોદરામાં ઠગ ઈલિયાસ અજમેરીના ભાઈ ઈદ્રીશના ઘરેથી ૧.૬૨ કરોડની નકલી નોટો અને ત્રણ કિલો નકલી સોનું મળ્યું હતું. આ કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. કર્ણાટક ખાતે રહેતા ફરિયાદીને સસ્તામાં સોનું આપવા તથા રૂપિયા ૧૦ કરોડની લોન પાસ કરાવવાનું કહી ખોટા વાયદા આપી મહિલા સહિતની ગેંગે રૂપિયા ૪.૯૨ કરોડ પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ વડોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ મામલે તપાસ કરતા મુખ્ય સૂત્રધાર ઇલિયાસ અજમેરી તથા તેના ભાઈ ઇદ્રીશ અજમેરીના ઘરે તપાસ કરતા ૧.૬૨ કરોડની નકલી નોટો અને ત્રણ કિલો નકલી સોનાના બિસ્કિટ મળ્યાં હતાં. મુખ્ય આરોપી લોકોને નકલી પોલીસ બનીને ઠગાઈ આચરતો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે ડીસીપી ઝોન બે મંજીતા વણઝારાએ જણાવ્યું હતું કે, ગત ૨૧ તારીખે આ ગુનો જે પી રોડ પોલીસ મથકમાં દાખલ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી જેમાં ભરત પ્રજાપતિ અને વિરલ સાકરિયા નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. આ ફરિયાદમાં ઘણા આરોપીઓ છે જેઓની તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહીમાં મુખ્ય સૂત્રધાર રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસ અજમેરીના ઘરે તપાસ કરવામાં આવી હતી. તે દરમિયાન ગુનાને લગતો મુદ્દામાલ તેના ભાઈ ઇદ્રીશના ઘરે મૂક્યો હોવાની વિગતો બહાર આવી હતી. વધુમાં ડીસીપીએ જણાવ્યું હતું કે, આ અગાઉ પાંચ જેટલા ગુનાઓ નોંધાયા હતા. તેની મોડસ ઓપરેન્ડીમાં તે લોકોને નકલી પોલીસ તરીકેની ઓળખ આપી છેતરપિંડી આચરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. તમામ તપાસ કરવામાં આવી રહી છે. અન્ય કોઈ રાજ્યમાં કઈ રીતે ઠગાઈ આચરી છે તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

## કચ્છ બોર્ડર પરથી ઘૂસણખોરી કરતો પાકિસ્તાની નાગરિક ઝડપાયો, સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન પૂછપરછ

અમદાવાદઃ કચ્છની સરહદ પરથી વધુ એક પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો હતો. બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને સુરક્ષા જવાનોની સતર્કતાને કારણે આ પાકિસ્તાની નાગરિકને ઝડપી લેવામાં આવ્યો હતો.

આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ વિવિધ સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝડપાયેલા શખસની એસજી, લોકલ આઈબી, સેન્ટ્રલ આઈબી અને બીએસએફના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે સઘન પૂછપરછ કરવામાં આવી હતી. સરહદ પારથી કોઈ જાસૂસી કે નાપાક ઈરાદા સાથે ઘૂસણખોરી કરવામાં આવી છે કે કેમ તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

જોકે, પ્રાથમિક તપાસ અને તલાશી દરમિયાન આ નાગરિક પાસેથી કોઈપણ પ્રકારના હથિયાર, શંકાસ્પદ દસ્તાવેજો કે વાંધાજનક વસ્તુઓ મળી આવી ન હતી. એજન્સીઓના મતે તે ભૂલથી સરહદ પાર કરીને ભારતીય વિસ્તારમાં આવી ગયો હોવાની શક્યતા છે. હાલ કાયદેસરની કાર્યવાહી માટે તેને સ્થાનિક પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## ભાજપના નેતા જવાહર ચાવડા ગુજરાતમાં બેરોજગારીનો મુદ્દો ઉઠાવતા રાજકારણ ગરમાયું

અમદાવાદઃ ગુજરાતમાં આમ તો ઠંડી જામી છે, પણ સૌરાષ્ટ્રના ભાજપના જ નેતાની સોશ્યલ મીડિયા પોસ્ટથી રાજકીય ગરમાવો આવી ગયો છે. સૌરાષ્ટ્રના ભાજપના દિગ્ગજ નેતા જવાહર ચાવડા ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. તેમણે સોશ્યલ મીડિયામાં મૂકેલા એક વીડિયોની હાલ સર્વત્ર ચર્ચા થઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી ભાજપથી રૂસણા લીધા બાદ તેમણે હવે બેરોજગારીના મુદ્દાને સામે લાવવા માટે ‘રોજગાર સહાયતા અભિયાન’ શરૂ કર્યું છે. આ વિષય પર તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કરીને પોતાના મનની વાત રાખી છે. જવાહર ચાવડાએ તેમના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર અપલોડ કરેલા વીડિયોમાં તેઓ કહી રહ્યા છે કે, નમસ્કાર, આજે આપ સૌની સમક્ષ, મારે યુવા અને બેરોજગાર ભાઈઓ તથા બહેનો સાથેના છેલ્લા આઠ મહિનાના સંવાદનો સાર, અભિપ્રાયો અને પીડાઓને મૂકું છું. મારા પ્રવાસ દરમિયાન એમને કરેલી રજૂઆતો અને તેમના દુઃખો મોટાભાગે આ છે. તેમણે આગળ વાત કરી હતી કે, બેરોજગારી દરેક વર્ગ, સમાજ, જાતિ અને વિસ્તારમાં છે.

સરકારી વિભાગોમાં પણ અનેક સમસ્યાઓ છે અને સંકલનનો અભાવ છે. કે સુચારું વ્યવસ્થા નથી, મોટી કંપનીમાં પણ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. તે ઉપરાંત ઓરમાયું વર્તન કરવામાં આવે છે, વારંવાર પેપર લીક અને પસંદગીની ખોટી પદ્ધતિઓથી યુવાનોમાં આક્રોશ અને હતાશાની લાગણી ફેલાઈ છે. આવા નાના મોટા અનેક પ્રશ્નો રોજગારને લગતા છે, જેને લઈને આપણી યુવા પેઢી મહેનતી અને હોશિયાર હોવા છતાં બેરોજગાર છે.

## છોટાઉદેપુરમાં હિટ એન્ડ રનઃ લગ્નપ્રસંગે જતા ત્રણ લોકોનાં મોત

અમદાવાદઃ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક આવેલા તાંદલજા ગામ પાસેથી પસાર થતી વખતે ગત રાત્રે આશરે ૯ વાગ્યે હીટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહનની ટક્કરથી બાઇક પર સવાર ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે ટક્કર બાદ બાઇક લગભગ ૬૦૦ મીટર દૂર ફંગોળાઈ ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ કરુણ દુર્ઘટનાને કારણે વાસણા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતકોની ઓળખ વાસણા ગામના રહેવાસીઓ કનુભાઈ રોહિત (ઉં.વ. ૬૨), બાબરભાઈ પરમાર (ઉં.વ. ૫૩) અને ધુરાભાઈ પરમાર (ઉં.વ. ૬૬) તરીકે થઈ છે. આ ત્રણેય વ્યક્તિઓ બોડેલી ખાતે એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે બાઇક પર નીકળ્યા હતા. રાત્રે જ્યારે તેઓ તાંદલજા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવેલા અજાણ્યા વાહનચાલકે તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાવહ હતી કે ત્રણેય રોડ પર ફંગોળાઈ ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓને કારણે તેઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

## અમદાવાદ ઈક્વિટી એયુએમમાં મુંબઈ પછી બીજું ઝડપથી વિકસતું શહેર બન્યું

અમદાવાદઃ ગુજરાતીઓ શેર માર્કેટ અને મ્યુચ્યુઅલ ફંડમાં મોટા પ્રમાણમાં રોકાણ કરે છે, તે વાત નવી નથી, પરંતુ અમદાવાદ ઈક્વિટી એયુએમ (અસેટ્સ અંડર મેનેજમેન્ટ)માં દેશનું બીજુ ઝડપથી વિકસતું શહેર બની ગયું છે. એક વર્ષમાં અમદાવાદે ભારતના ટોચના ૧૦ મ્યુચ્યુઅલ ફંડ બજારોમાં બીજા ક્રમનો સૌથી ઝડપી ઇક્વિટી વૃદ્ધિદર નોંધાવ્યો છે, જેમાં ૧૬.૬ ટકાનો વધારો નોંધાયો હતો અને એયુએમ રૂ. ૨.૨૬ લાખ કરોડ થઈ હતી, એમ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયાના ડેટા સૂચવે છે. જોકે સૌથી વધારે ઝડપથી વિકસતું શહેર આજે પણ મુંબઈ છે. જે ૧૭.૩ ટકા વધીને રૂ. ૨૧.૧૮ લાખ કરોડ થયું છે.

નિષ્ણાતોના મતે ગુજરાતીઓની એસઆઈપી કરવાની ઈચ્છા, ડાયરેક્ટ સ્ટોક્સ અથવા મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ઇક્વિટી રોકાણો, વધતી જતી નિકાલજોગ આવક અને લાંબા ગાળાના ઇક્વિટી રોકાણ તરફનું હકારાત્મક વલણ અમદાવાદના ઝડપી વિકાસ પાછળના કારણો છે.

આ સાથે અન્ય કોઈ યોગ્ય અને ઓછો જોખમી વિકલ્પ નથી, આથી મ્યુચ્યુઅલ ફંડ લોકો માટે સરળ રોકાણનું માધ્યમ છે. મોટાભાગના લોકો રિયલ એસ્ટેટમાં રોકાણ કરી શકતા નથી, ફિક્સ્ડ ડિપોઝિટમાં હવે વ્યાજદર સાવ સામાન્ય થઈ ગયા છે. આ સાથે ડિજિટલ પ્લેટફોર્મ્સને લીધે રોકાણ કરવું સરળ અને ટ્રાન્સપરન્ટ થઈ ગયું છે. આથી સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) કરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. માત્ર અમદાવાદ જ નહીં, વડોદરા પણ દેશના ટોચના દસ શહેરોમાં સ્થાન મેળવ્યું છે. વડોદરામાં ૧૫ ટકાનો વધારો નોંધાયો છે અને રૂ. ૬૫,૦૨૭ કરોડનો આંકડો શહેરે હાંસલ કર્યો છે. વડોદરાએ ચેન્નઈ અને હૈદરાબાદ જેવા મોટા મહાનગરોને પાછળ છોડી દીધા છે. જોકે સુરત ટાયર-૨ બજારોમાં સૌથી મજબૂત શહેર હોવા છતાં રૂ. ૫૮,૨૨૨ કરોડ સાથે એક ક્રમ નીચે સરક્યું છે.

મોટા શહેરો ઉપરાંત રાજકોટ ૧૩.૨ ટકા વધીને રૂ. ૨૪,૯૫૨ કરોડ થયું છે, જે હકીકતમાં કોચીન, રાંચી, ભુવનેશ્વર અને વિશાખાપટ્ટનમ જેવા મોટા કેન્દ્રો અને રાજ્યની રાજધાની કરતાં વધુ છે.

પીએસયુ કર્મચારીઓ અને ગિફ્ટ સિટીના સ્પીલઓવરને કારણે ગાંધીનગરે ૧૫.૭ ટકાનો નોંધપાત્ર ઉછાળો નોંધાવ્યો છે. નાનું એવું આણંદ પણ રૂ. ૭,૫૬૧ કરોડ સાથે ચાર્ટમાં ચઢી ગયું છે. આ સાથે વાપી, ભરૂચ અને ભાવનગર પણ ચાર્ટમાં ઉપર ચડતા જાય છે, તેમ એક અહેવાલે જણાવ્યું હતું.

## લગ્નગાળાની શરૂઆત થતાં જ સિંગતેલના ભાવમાં ઉછાળો, ડબ્બે ૨૧૦ વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવ દિવાળી બાદ લગ્નની સિઝન શરૂ થઈ ગઈ છે. ડિસેમ્બર, જાન્યુઆરીમાં ઘણા યુગલો પ્રભુતામાં પગલાં માંડશે. લગ્ન સમારંભના મુખ્ય ખર્ચાઓમાં ભોજનનો ખર્ચ હોય છે. આ ખર્ચમાં વધારો થવાનો છે કારણ કે સિંગતેલના ભાવમાં સારો એવો ઉછાળો જોવા મળ્યો છે.

છેલ્લા ૧૫ જ દિવસમાં સિંગતેલના ડબ્બાના ભાવમાં રૂ. ૨૧૦નો ઉછાળો જોવા મળે છે. અગાઉ રૂ. ૨૪૧૫ આસપાસ મળતો સિંગતેલનો ડબ્બો હવે રૂ. ૨૬૨૫માં મળતો થયો છે, એટલે કે એક પખવાડિયામાં રૂ. ૨૧૦નો વધારો થયો છે.

એક તરફ નવી મગફળીની આવક થઈ રહી છે અને યાર્ડમાં મગફળીના ઢગલા ખડકાઈ ગયા છે ત્યારે સિંગતેલના ભાવમાં આટલા વધારાનું કોઈ સ્વાભાવિક કારણ દેખાતું નથી. અમુક જાણીતી બ્રાન્ડના તેલ રૂ. ૩૦૦૦માં પણ મળી રહ્યા છે.

## અમદાવાદની સેવન્થ ડે સ્કૂલને અપાયેલો પ્લોટ પરત લેવા મનપા કાર્યવાહી કરશે

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા બાદ શાળાની જમીન અને મંજૂરીને લઈ વિવાદ સર્જાયો હતો. મનપા દ્વારા શાળાને આપવામાં આવેલો પ્લોટ પરત લેવા માટે કાર્યવાહી કરશે. ટીપી કમિટીના ચેરમેનના જણાવ્યા મુજબ શાળાને ત્રણવાર નોટિસ આપ્યા બાદ પણ શાળા તરફથી જરૂરી ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા નથી. હવે સીઓપીની પ્રોસિજર કરવામાં આવશે.

સેવન્થ ડે સ્કૂલને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. કોર્પોરેશન દ્વારા સેવન્થ ડે સ્કૂલની જગ્યા ભાડે પટ્ટે આપવામાં આવી હતી જેની શરતોનો ભંગ કરવામાં આવ્યો છે. શૈક્ષણિક હેતુ માટે જે નામથી જગ્યા ફાળવવામાં આવી છે તેના દ્વારા શિક્ષણ આપવામાં આવતું નથી અન્ય સંસ્થા દ્વારા શિક્ષણ આપવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. બિલ્ડિંગમાં વધારાનું બાંધકામ કરવામાં આવ્યું છે ત્યાંના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની પણ કોઈ મંજૂરી લેવામાં આવી નથી જેના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો હતો.



જનરેશન ઝીનો આક્રોશ



પ્રકૃતિનો પ્રકોપ

પ્રાસંગિક___અમૂલ દવે
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશની અસ્થિરતાઃ ભારત માટે નવો સંકટનો સંકેત ?

બાંગ્લાદેશમાં ચાલી રહેલી રાજકીય અને સામાજિક અસ્થિરતા ભારત માટે ચિંતાનો વિષય બની રહી છે. વચગાળાની અસ્થાયી સરકારની ચૂંટણીઓને વિલંબ કરવાની નીતિ, જનરેશન ઝીના યુવાનોના ફરીથી રસ્તા પર ઊતરવાના સંકેતો, પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને મળેલી મૃત્યુદંડની સજા, તાજેતરના ભૂકંપનું વિપત્જનક પરિણામ અને હંગામી વડા મુહમ્મદ યુનુસની ભારત-વિરોધી અને પાકિસ્તાન-પક્ષપાતી છબી આ બધાં પરિબળ દક્ષિણ એશિયાના ભૂ-રાજકીય સમીકરણને અસર કરી રહ્યું છે.

મે ૨૦૨૫માં થયેલી 'ઓપરેશન સિંદૂર' જેવી ઘટનાઓથી પ્રેરિત ત્રણ-ફ્રન્ટ યુદ્ધના જોખમને ધ્યાનમાં રાખીને, ભારતે આ પડકારોનો સામનો કરવો પડશે. બાંગ્લાદેશની કામચલાઉ વચગાળાની સરકાર, જેનું નેતૃત્વ નોબેલ વિજેતા મુહમ્મદ યુનુસ કરી રહ્યા છે અને એ ચૂંટણીઓને વારંવાર મોડી કરી રહ્યા છે.

૨૦૨૪ની 'મોન્સૂન રેવોલ્યુશન'માં જનરેશન ઝીના વિદ્યાર્થીઓએ શેખ હસીનાની ૧૫ વર્ષીય સરકારને ઉથલાવી હતી, પરંતુ હવે ફેબ્રુઆરી ૨૦૨૬માં ચૂંટણીઓની અપેક્ષા વચ્ચે અર્થતંત્ર, રાજનીતિ અને સુરક્ષાના સુધારાઓના વચ્ચે અધીરા બનેલા નાગરિકોનો રોષ વધી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં પક્ષપાત વિહોણી કેરટેકર સિસ્ટમને પુનઃસ્થાપિત કરી છે, જે ચૂંટણીને વધુ પારદર્શક બનાવશે, પરંતુ આ વિલંબથી જનતામાં હતાશા વધી છે. આ વચ્ચે યુવાનો ફરીથી રસ્તા પર ઊતરવાના સંકેત આપી રહ્યા છે, જેમ કે વૈશ્વિક જનરેશન ઝી વિરોધ પ્રદર્શનમાં બાંગ્લાદેશની ભૂમિકા દર્શાવે છે. આ યુવા શક્તિ, જેણે હસીનાને દૂર કરી હતી, એ હવે અસ્થાયી સરકાર પર સુધારાઓની બુલંદ માંગણી કરીને દબાણ વધારી રહી છે.

અમુક તરફદારો યુનુસની નીતિઓને કારણે હતાશ છે. શેખ હસીનાનો કેસ વધુ ચિંતા વધારનારી ઘટના છે. ૧૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઢાકાની વોર ક્રાઇમ્સ ટ્રિબ્યુનલે તેમને ૨૦૨૪ના વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો પર કરાયેલા ક્રૂર કાર્યવાહી માટે માનવતા વિરુદ્ધના અપરાધોના આધારે મૃત્યુદંડની સજા ફટકારી છે. આ કોર્ટની 'કાંગારુ કોર્ટ' તરીકે ટીકા કરવામાં આવી રહી છે, કારણ કે તેમાં આંતરરાષ્ટ્રીય માપદંડ-માનકોનું પાલન થયું નથી અને મૃત્યુદંડનો ઉપયોગ થયો છે.

હસીનાએ હાલ ભારતમાં આશ્રય લીધો છે અને તેમના સમર્થકો સક્રિય બનેલા છે, તેમના પુત્ર સજીબ વાઝેદ, ભારતીય સરકારનો આભાર માને છે. બાંગ્લાદેશે હસીનાને પરત લાવવા માટે પ્રત્યાર્પણની માગણી કરી છે, પરંતુ ભારત આ માગણી સ્વીકારે એની સંભાવના ઓછી છે. હસીના કહે છે કે મેં આ કેસ હોગની આંતરરાષ્ટ્રીય અદાલતમાં ચલાવાની માગણી કરી હતી, પરંતુ શાસકોએ આ માન્ય કર્યું નથી. હસીના કહે છે કે દેશના ચૂંટાયેલા વડા પ્રધાનની સામે આ રીતે ખટલો ચલાવી શકાય નહીં. આ એક પ્રકારની રાજકીય શત્રુતા જ છે...



પૂર્વ વડા પ્રધાન શેખ હસીના

૨૦૧૮ના એક્સટ્રાડિશન સંધિમાં મૃત્યુદંડ અને રાજકીય અપરાધોના ક્લોઝને કારણે ભારતને ઇન્કાર કરવાનો અધિકાર છે. હસીનાના સમર્થકો માને છે કે આ સજા યુનુસ સરકારની દુશ્મનાવટભરી રાજનીતિનું પરિણામ છે, જે લશ્કર-એ-તૈયબા જેવા પાકિસ્તાન આધારિત આતંકી જૂથ સાથે જોડાયેલી છે. આ રાજકીય અસ્થિરતા દરમિયાન ઢાકા નજીક ૫.૫થી ૫.૭ મેગ્નિટ્યુડનો ભૂકંપ આવ્યો. આ કુદરતી આફતે પહેલેથી જ તણાવમાં રહેલા બાંગ્લાદેશને વધુ લાચાર બનાવ્યું છે. આ ભૂકંપને લીધે બાંગ્લાદેશની આર્થિક સ્થિતિ વધુ વકરશે. ક્રાંતિ પછી અર્થતંત્ર સંકટમાં છે. એમાં મુહમ્મદ યુનુસની ભારત-વિરોધી છબી આ બધાને વધુ જટિલ બનાવે છે.

ઓક્ટોબર ૨૦૨૫માં તેમણે પાકિસ્તાનના મિલિટરી ચીફ જનરલ સાહિર શમ્શાદ મિર્ઝાને ભેટમાં આપેલા પુસ્તકમાં અસમ અને અન્ય ઉત્તર-પૂર્વ ભારતીય રાજ્યોને બાંગ્લાદેશના ભાગ તરીકે દર્શાવતો વિવાદાસ્પદ નકશાએ વિવાદ ઊભો કર્યો. આ કાર્યવાહીને ભારતીય મીડિયાએ 'એન્ટી-ઇન્ડિયા મેપ' તરીકે ટાંકવું, જે યુનુસની પાકિસ્તાન-પક્ષપાતી નીતિનું પ્રતીક છે. યુનુસ સરકાર ભારત પરની વેપાર આધારિત નિર્ભરતા ઘટાડીને ચીન, પાકિસ્તાન અને તુર્કી સાથે નવા જોડાણો બનાવી રહી છે, જે દક્ષિણ એશિયામાં ભૂ-રાજકીય પરિવર્તનનું કારણ બની રહ્યું છે. આનાથી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તણાવ વધી રહ્યો છે. હસીના જેવા મિત્રને ભારતે આશ્રય આપ્યો છે અને બાંગ્લાદેશને એને સોંપવાની માગણી કરી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત માટે ત્રણ-ફ્રન્ટ યુદ્ધનું જોખમ વધુ ગંભીર બની રહ્યું છે. મે ૨૦૨૫માં પહલગામ (કાશ્મીર)માં આતંકી હુમલા પછી ભારતે ચલાવેલી 'ઓપરેશન સિંદૂર'માં પાકિસ્તાન અને પીઓકેમાં આતંકી કેમ્પો પર મિસાઈલ હુમલા કર્યા હતાં, જેમાં ચીન અને પાકિસ્તાનના જોડાણની ચિંતા વ્યક્ત થઈ હતી. હવે યુનુસની પાકિસ્તાન-નિકટતા અને બાંગ્લાદેશની અસ્થિરતા પૂર્વીય સરહદ પર નવું ફ્રન્ટ ખોલી શકે છે. પાકિસ્તાન ચીનનું પ્રોક્સી બનીને ભારત વિરુદ્ધ કાર્ય કરી રહ્યું છે અને બાંગ્લાદેશની આ નવી ધરી તેને વધુ મજબૂત બનાવશે.

વિશેષજ્ઞો માને છે કે ભારતે હસીના પર નિર્ભરતા ઘટાડીને બાંગ્લાદેશના નવા નેતૃત્વ સાથે સંવાદ વધારવો જોઈએ, પરંતુ એક્સટ્રાડિશનના કેસમાં તટસ્થતા જાળવવી જરૂરી છે. આખરે, બાંગ્લાદેશની આ સ્થિતિ ભારત માટે એક જાગૃતિનું કારણ છે. જનરેશન ઝીની શક્તિ અને કુદરતી આફતો વચ્ચેના તણાવમાં ભારતે તેની પૂર્વીય નીતિને મજબૂત કરવી પડશે.

યુનુસની વિવાદાસ્પદ નીતિઓ અને પાકિસ્તાન-ચીન જોડાણથી ત્રણ-ફ્રન્ટ જોખમ વધ્યું છે, 'ઓપરેશન સિંદૂર'એ દર્શાવ્યું છે કે ભારતે કૂટનીતિક અને સૈન્ય તૈયારીઓ વધારીને આ પડકારોનો સામનો કરવા સક્ષમ છે, જેથી પ્રાદેશિક સ્થિરતા જળવાઈ રહે. ■

શરદ જોશી સ્પીકિંગ___
સંજય છેલ
feedback@bombaysamachar.com

# છુપાવવાની છૂપી કળા

મને લાગે છે કે, છુપાવવાની કળામાં આપણે ૧૩૨ કરોડ ભારતીયો દુનિયાના બીજા દેશોથી ઘણાં ઘણાં આગળ છીએ. એક હીરોઈને બીજી હીરોઈન માટે થતી ઈર્ષ્યા, એ પોતાના મનમાં છુપાવે છે. એક નેતા, (પોતાની કે બીજાની પાર્ટીના) બીજા નેતા પાસેથી ખુરશી છીનવી લેવાનો ઈરાદો છુપાવે છે. કોણ જાણે કેમ પણ ઘણી ફિલ્મોમાં શરમાળ હીરો છેક છેલ્લે ક્લાઇમેક્સ સુધી પોતાનો પ્રેમ છુપાવીને રાખે છે. સુંદર સ્ત્રી પોતાને અલગ અલગ રીતે ઢાંકીને સૌથી વધુ છુપાવે છે. પૈસાવાળા લોકો પોતાને દુનિયાથી છુપાવવા એમના ઘર અને બંગલાની બહાર ઊંચી દીવાલ ખડી કરી દે છે. કેટલાક લોકો એમના એકાઉન્ટસ છુપાવે છે, તો વળી કેટલાક લોકો એમની ઈન્કમ છુપાવે છે. કેટલાક લોકો એમની જાતિ પણ છુપાવીને રાખે છે. આજકાલ તો લોકો એમના વિચાર તો ઠીક, પણ વિચારધારા સુધ્ધાં છુપાવીને રાખે છે કે રખેને કોઇ સાઇડ લેવી પડે!

આવા દેશમાં, હવે એવા સમાચારથી કોઈને આશ્ચર્ય નથી થતું કે, એક વ્યક્તિ મુંબઇના સહાર ઇંટરનેશનલ એરપોર્ટ પર સોનું છુપાવીને લાવ્યો! સોનું કાં તો છુપી રીતે બહાર આવે છે અથવા તો પકડાઈ જાય છે, પરંતુ જો ખુલ્લેઆમ સોનું લાવવાની છૂટ મળી જાય તોયે લોકો તો સોનું છુપાવીને જ લાવશે, કારણકે સોનું કોણ છુપાવીને નથી રાખતું?

છુપાવવામાં આપણા લોકોને એક જાતનો રોમાંચ થાય છે... કદાચ છુપો આનંદ! આપણા દેશમાં મોટાભાગના લોકોની ટેલેંટ કંઈક ને કંઈક છુપાવવામાં જ બિઝી હોય છે.

કેટલીક છોકરીઓ પોતાની કવિતાઓ છુપાવીને રાખે છે! જાણે કે એમની રચનાઓ કવિતા નહીં પણ પ્રેમપત્ર હોય! જેને લખતા પહેલા જ છુપાવાની તૈયારીઓ શરૂ થઈ જાય છે (જોકે સાહિત્ય માટે એ સારું પણ છે). કેટલીક કન્યા કવિતાની સાથે પોતાના મનના ભાવ પણ છુપાવીને રાખે છે.



ભારતીય પ્રેમી કે પ્રેમીકાના લગ્ન બીજા સાથે થઈ જાય તો પણ એ એકબીજાને એમના મનની વાત જણાવી નથી શકતા. પતિ -પત્ની એકબીજાને પ્રેમ કરે છે આ વાત મહોલ્લાના લોકોને આજીવન ખબર નથી પડતી. એ લોકો વિચારે છે કે એમને બાળક છે એટલે કદાચ એકબીજાને પ્રેમ કરતાં જ હશે!

છુપાવવાનું કામ માત્ર ખાનગી જ નથી થતું, જાહેરમાં પણ થાય છે, જેમ કે કોર્ટમાં એક પછી એક બોલવામાં આવતા સાક્ષીઓ કોઈ જોયેલી સાચી ઘટનાને માનવાનો ઈનકાર કરી દે છે અથવા કોઈ ઓફિસનો બધો સ્ટાફ જાણે છે કે માલિકના ગોડાઉનમાં ચોરીનો માલ રાખવામાં આવ્યો છે, તો પણ તે આ વાતથી આજન્મ અજાણ છે એવું જ દેખાડે છે. એવી જ રીતે એક ઓફિસમાં, મેનેજિંગ ડિરેક્ટરથી લઈ એકાઉન્ટન્ટ અને કેશિયર સુધીના બધા કોઈ એક મોટી રકમ અથવા હિસાબની ગડબડ છુપાવી દેતા હોય છે. અરે! અહીં તો છોકરીઓ ગીત ગાતી વખતે ઝાડની પાછળ છુપાય જાય છે. ઝાડ પાછળ છુપાવું એ પણ એક રહસ્ય છે!

આ બધી બાબતોને કારણે ભારતને રહસ્યોથી ભરેલો દેશ કહેવામાં આવે છે. જો તમે કોઈ વિદેશી ફિલ્મ પરથી એની વાર્તા ચોરીને દેશી ફિલ્મ બનાવી રહ્યા છો, તો એ વાતને ફિલ્મના રિલીઝ થયા પછી પણ છુપાવીને રાખવામાં આવે છે. આપણે ત્યાં આપણી બધી જ ટેલેન્ટ અને કળા કોઇને કોઇ વાતને છુપાવવામાં વપરાય જાય છે. એટલા માટે જ ભારતમાં રહસ્ય ખોલવાની મજા- એ આપણને સૌથી વધુ સુખ આપે છે. સહાર એરપોર્ટ પર સોનું પકડાયું, હીરોઈન પ્રેગ્નેન્ટ થઈ, ઓફિસના એકાઉન્ટમાં ઘોટાળો થયો છે એની ખબર પડવી- જેવાં રહસ્યો રોજ ખુલતાં હોય છે, જેનાથી આપણને રોજ એક જાતનું સુખ મળે છે. આપણો દેશ રહસ્યમય હોવાની સાથે જાતજાતનાં રહસ્ય અચાનક પબ્લિકમાં ખુલવાના નિતનવાં કારણોને લીધે પણ સુખી છે.

લોકોને ચાંદ ગમે છે, પરંતુ જો એ ચાંદ વાદળમાં છુપાયેલો હોય તો એ વધારે ગમવા લાગે છે. જેમ ઘુંઘટમાં ભારતીય સ્ત્રીઓને વધારે સુંદર માનવામાં આવે છે અને છુપી સંપત્તિનો માલિક અહીં બહુ પૈસાવાળો ગણાય છે!

જ્યાં ભગવાનને પણ સામે આવવાં ગીતો કે ભજનો ગવાય છે ત્યાં માણસોની શું વાત કરીએ? ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com


# પશુ, ઘાસચારો, દવા ને કંપની બોગસ, ચુકવણી સાચી!

ખરા અર્થમાં જનપ્રિય લાલુ પ્રસાદ યાદવ પ્રજા અને મીડિયાના ખૂબ વહાલા- માનીતા બની ગયા હતા. આજે લાલુજી ભલે ઘાસચારા કૌભાંડનો પર્યાય બની ગયા હોય પણ ગોળાચારી એમના શાસન અગાઉ શરૂ થઈ ચુકી હતી. સામાજિક ન્યાયના બુંગિયા પોકારનારા લાલુ એમાં કઈ રીતે સપડાઈ ગયા એ જોઈએ.

બિહારની ધરતી પર ભલે પવિત્ર ગંગા વહેતી હોય, મહાવીર-બુદ્ધ અને નાલંદા તક્ષશીલાની ગૌરવવંતી પરંપરા હોય પણ ભ્રષ્ટ રાજકારણીઓએ એને ગંદીગોબરી ભૂમિ બનાવી નાખી. પછી બિહાર જાણે ભ્રષ્ટાચાર અને અપરાધનું પાટનગર બની ગયું. આ વિધાનમાં કદાચ થોડી ઘણી અતિશોક્તિ હોઈ શકે ખરી.

ફોડર સ્કેમ કે ઘાસચારા ગોટાળો પ્રકાશમાં આવ્યો ૧૯૯૦ના દાયકામાં. સમગ્ર દેશને હમમચાવીને અખબારોની હેડલાઈન પર કબજો જમાવી લેનારું આ કૌભાંડ એકદમ અનોખું હતું. આમાં સીધેસીધી રૂપિયાની ચોરી કે ઉઠાંતરી નહોતી પણ શાસન અને ભ્રષ્ટ બુદ્ધિની ગજબનાક મિલીભગત હતી. ટૂંકમાં કહી શકાય કે બનાવટી કે અસ્તિત્વ ન ધરાવતા ગાય-ભેંસ જેવા ઢોરઢાખરને નામે ઠગાઈ થતી હતી. રાજ્યના પશુપાલન વિભાગમાં આ સડાની લાલુપ્રસાદ શાસનના આગમન અગાઉ શરૂઆત થઈ ચૂકી હતી.

૧૯૭૦ના દાયકામાં બિહારનો પશુપાલન વિભાગ ચુપચાપ નાના-નાના ગોટાળા- બનવાનો અડ્ડો બની ગયો હતો. નીચલા સ્તરના કર્મચારીઓ ખોટા બિલ બનાવીને પશુઓ માટે ચારો, દવા અને સાધન- સામગ્રીના નામે નાની-મોટી રકમ ઘરભેગી કરતા હતા. આ બધુ બેરોકટોક અને સરળતાથી ચાલતું હતું. આવી છેતરપિંડીની નાની રમત ધીમે ધીમે મોટી થવા માંડી એટલે એમાં મોટા માથા સામેલ થઈ ગયા. નામવંત નેતાઓ, ટોચના અમલદારો અને સપ્લાયર્સની ટોળકીએ પશુને નામે બેફામ રકમ ચાવવાનું શરૂ કરી દીધું.



આ પહેલીવાર પર્દાફાશ થયું ૧૯૮૫માં. એ સમયના (CAG કોમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ ઑફ ઈન્ડિયા) એટલે કે 'કૅગ' (ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક) દ્વારા આ માલલો બહાર આવ્યો. એ સમયે તે પ્રામાણિક 'કૅગ' ટી. એન. ચતુર્વેદીને બિહારની સરકારી તિજોરીના માસિક ખર્ચના અહેવાલ આપવામાં થતાં વિલંબ અંગે શંકા ગઈ. તેમણે તત્કાળ મુખ્ય પ્રધાન ચંદ્રશેખર સિંહને સાફ શબ્દોમાં ચેતવણી આપી હતી કે આ વિલંબમાં મને ગોટાળાની ગંધ આવે છે. પરંતુ એમની વાત કોઈએ ન સાંભળી અને બધું અગાઉની જેમ ચાલતું રહ્યું.

પછી ૧૯૯૦માં લાલુપ્રસાદ યાદવ બની ગયા બિહારના ચૂંટાયેલા નાથ. આ આખાબોલા, સ્પષ્ટવકતા, હસમુખા અને સામાજિક ન્યાયની દુહાઈ આપનારા નેતાના રાજમાં ય પશુપાલન વિભાગમાં ભ્રષ્ટાચારનો ચારો ચરવાનું ચાલુ જ ન રહ્યું, પરંતુ સતત વધતું ગયું.

અગાઉ માત્ર બનાવટી બિલ બનતા હતા. હવે બનાવટી ગાય, ભેંસ અને બકરી પણ ઉમેરાવા માંડ્યા. એક હજારને બદલે બે હજાર જાનવર માટે ચારો- દવા મંગાવાય. પશુપાલન ખાતામાં સતત જાનવરોની સંખ્યા વધવા માંડી. એમની જરૂરિયાત પણ વધે જ ને? સાચા પ્લસ બનાવટી- અસ્તિત્વહિન જાનવરો ઘાસ-દવા- સામગ્રી આવતા પણ વધારાની સામગ્રી રાજકારણીઓ-અમલદારો ઓહીયા કરી જતા અને કોઈને ઓડકાર સુધ્ધાં સંભળાતો નહોતો. હદ તો જુઓ કે અમુક જાનવરોને હરિયાણા કે પંજાબમાંથી સ્કુટર પર બિહાર લવાયાનું સત્તાવાર દસ્તાવેજોમાં નોંધાયું હતું.


પરંતુ બાબત સારી હોય કે ખરાબ, કંઈ કાયમી હોતું નથી. ૧૯૯૬માં નવો ફણગો ફુટ્યો. એ સમયે નાયક બન્યા અમિત ખરે. તેઓ ચાઈબાસા (ત્યારે બિહારમાં પણ હવે ઝારખંડ)ના નાયબ કમિશનર હતા. ખરેસાહેબે ન જાણે કેમ પશુપાલન ખાતાની કચેરીઓ પર દરોડા પાડ્યા. ૧૯૯૬ની ૨૭મી જાન્યુઆરીએ ભરાયેલા આ પગલામાં એવું-એવું સામે આવ્યું કે દરોડા પાડનારાઓની આંખ અને મોઢા ખુલ્લા ને ખુલ્લા રહી ગયા.

પશુપાલન ખાતાની સરકારી કચેરીઓમાં શું શું હતું? અસ્તિત્વ ન ધરાવતી કંપનીઓને ઘાસચારા અને દવાની ખરીદી પેટે મોટીમસ રકમ ચુકવાઈ હતી. એ સમયે ચાઈબાસા જિલ્લાની સરકારી તિજોરીમાંથી અધધ કહી શકાય એટલા રૂા. ૩૭.૭૦ કરોડની હેરાફેરી થઈ હતી. આ કદાચ જિલ્લા સ્તરનું કૌભાંડ બનીને અખબારોની ફાઈલ, પોલીસના ચોપડા અને અદાલતના કબાટમાં ધૂળ ખાતું સબડી રહ્યું હોત, પરંતુ 'એશિયન એજ' નામના અખબારે એવો ધડાકો કર્યો કે માત્ર બિહાર નહિ, આખા દેશમાં હોબાળો મચી ગયો. તલવાર કરતાં કલમ વધુ તાકાતવાર હોવાનું ફરી પુરવાર થયું. આ કલમને પ્રતાપે ઘણાંના ચહેરા, વ્યક્તિત્વ, વર્તમાન અને ભવિષ્ય પર કાળી મેષ લાગી જવાની હતી. (ક્રમશઃ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## શાંતિનું સરનામું




શહેરના ધમાલિયા જીવનથી કંટાળી શાંતિ મેળવવા લોકો હિલ સ્ટેશને ઉપડી જતા હોય છે. શાંતિ એટલે વાતાવરણના કોલાહલથી દૂર, પણ મોબાઈલ ફોનના કોલાહલ નજીક એવું જોવા મળતું હોય છે. જોકે, યુએસએમાં એક એવી જગ્યા છે જ્યાં તમને ખરા અર્થમાં ટાંકણી પડવાનો અવાજ પણ સંભળાય એવી નીરવ શાંતિનો અનુભવ થશે. આ જગ્યા 'શાંતિનું સરનામું' તરીકે પણ ઓળખાય છે. અમેરિકાના વર્જિનિયા રાજ્યમાં ગ્રીન બેંક નામનું શહેર ટેકનોલોજીના સહારે જીવતા લોકો માટે દુઃસ્વપ્ન છે, જ્યારે એકલતા અને શાંતિ પ્રિય લોકો માટે સ્વર્ગ છે. મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, માઈક્રોવેવ, વાયરલેસ સ્પીકર અને ઇલેક્ટ્રોમેગ્નેટિક વેવ્ઝનો ઉપયોગ કરતાં ઉપકરણો પર અહીં પ્રતિબંધ છે અને એથી મહત્ત્વની વાત એ છે કે અહીં વાઈફાઈ એટલે કે વાયરલેસ ઈન્ટરનેટની સુવિધા નથી. આ સ્થળનું કોઈ લશ્કરી કનેક્શન નથી. અહીં ગ્રીન બેંક નામની વેધશાળા હોવાથી આ વિસ્તાર 'નેશનલ રેડિયો ક્વાયેટ ઝોન' તરીકે જાણીતો છે. ૧૯૫૭માં બંધાયેલી આ વેધશાળામાં આઠ ટેલિસ્કોપ છે. ૩૦૦ ફૂટનો વ્યાસ અને અંદાજે ૭૭ લાખ કિલો વજનનું રેડિયો ટેલિસ્કોપ મુખ્ય છે. ઇલેક્ટ્રોમેગ્નેટિક વેવ્ઝને કારણે વેધશાળાના કામમાં કોઈ ખલેલ ન આવે એ માટે આવો નિર્ણય લેવાયો છે. ૨૦૨૩ની વસતિ ગણતરી પ્રમાણે અહીં માત્ર ૫૧ લોકો રહે છે. અહીં ઉપકરણોથી દૂર કુદરતના ખોળે રહેવાનો આનંદ માણી શકાય છે.

## નિષ્ફળ વિદ્યાર્થી ને હોનહાર શિક્ષક

'લહરોં સે ડરકર નૌકા પાર નહીં હોતી... કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી...' એ પંક્તિ સમજાય તો ભલભલા નિરૂત્સાહીમાં ઉત્સાહનો સંચાર થઈ જાય. મલેશિયામાં રહેતા શખ્સને આ પંક્તિની જાણ છે કે નહીં આપણે નથી જાણતા, પણ તેમણે કરેલી કોશિશમાં આ પંક્તિના સામર્થ્યનું પ્રતિબિંબ જરૂર પડે છે. બીમારીને કારણે ક્લાસમાં ભણેલું યાદ નહોતું રહેતું હોવાથી ભાઈ સાહેબ દસમા ધોરણની પરીક્ષામાં બે - પાંચ વાર નહીં, નવ વાર નાપાસ થયા. લોકોના મેણાં ટોણાં સાંભળવા પડતાં હતાં, સગા - સંબંધી ઠેકડી ઉડાવતાં હતાં અને મિત્રો 'આવાની સાથે દોસ્તી થોડી રખાય' એમ કહી કટ્ટી કરી જતા રહ્યા.




આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શખ્સે હિંમત ગુમાવી નહીં. કવિ દયારામના કરોળિયાની જેમ હિંમત રાખી ૧૦મી વાર પરીક્ષા આપી ફત્તેહ મેળવી. ત્યારબાદ બારમા ધોરણની પરીક્ષા બીજા પ્રયત્ને પાસ કરી. જોકે, બારમામાં એને એટલા સારા પર્સન્ટેજ આવ્યા કે એને યુનિવર્સિટીમાં એડમિશન આસાનીથી મળી ગયું. એટલે એના ઉત્સાહમાં ભરતી આવી. યાદશક્તિની સમસ્યા પણ દૂર થઈ ગઈ અને તાજેતરમાં ૩૭ વર્ષની ઉંમરે ડિગ્રી મેળવી ભાઈસાહેબ ટીચર બની ગયા છે. એમની ટીચિંગ સ્ટાઈલ પસંદ કરવામાં આવી રહી છે. સોશ્યલ મીડિયા પર બહેને ભાઈની સંઘર્ષ કથા બયાન કરતા વિદ્યાર્થીઓના મનમાં એમને માટે આદર વધી ગયો છે. એક નિષ્ફળ કથા એક પ્રેરક કથા બની ગઈ છે.

## આખા દેશમાં ૩૫ મિનિટ માટે પિન ડ્રોપ સાયલન્સ



આખા દેશમાં ૩૫ મિનિટ માટે વિમાન ઉડ્ડયન માટે બંધ. સ્ટોક માર્કેટ એક કલાક મોડું શરૂ. માતા પિતા ધર્મસ્થાનકો ભણી રવાના. દુકાનો બંધ. બેન્ક અને સરકારી ઓફિસ આવતા લોકોએ એક કલાક મોડા પહોંચવાનું. અવાજ - ઘોંઘાટ થાય એવી કંસ્ટ્રક્શન જેવી પ્રવૃત્તિ પર પ્રતિબંધ. પિન ડ્રોપ સાયલન્સ.

આ બધું એક જ દિવસે અને એક જ સમયે. ક્યાં? કેમ?

સાઉથ કોરિયાની રાજધાની સોલ ઉપરાંત બીજાં કેટલાક અગ્રણી શહેરમાં દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા ગુરુવારે કોલેજ એન્ટ્રી એક્ઝામ લેવામાં આવે છે. આ વર્ષે સાડા પાંચ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. દેશની અગ્રણી યુનિવર્સિટીમાં એડમિશન લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા મહત્ત્વની છે. મોટાભાગના વિદ્યાર્થીઓ કુલ આઠ કલાક પરીક્ષા આપે. પહેલી પરીક્ષા સવારે ૮.૪૦ વાગ્યે શરૂ થાય અને બધું પતે ત્યારે સાંજના ૫.૪૦ થયા હોય. આ દરમિયાન બપોરે એક વાગીને પાંચ મિનિટથી એક ચાલીસ સુધી (પૂરી ૩૫ મિનિટ) નીરવ શાંતિ જાળવવાનું કારણ એટલું જ કે એ સમયે ઈંગ્લિશ લિસનીંગ ટેસ્ટ આપતા (કશુંક સાંભળીને પરીક્ષા આપવી) હોય એમાં એમને કોઈ પણ પ્રકારની ખલેલ પડે નહીં. અનેક પેરેન્ટ્સ આ દિવસને તેમના સંતાનોના જીવનનો સૌથી મહત્ત્વનો દિવસ માને છે. કોઈ વિદ્યાર્થીને પરીક્ષા કેન્દ્ર પહોંચવામાં મોડું થયું હોય તો પોલીસ એમને સમયસર પહોંચાડી દેવા દોડાદોડ કરતી નજરે પડે અને સંતાનોને એક્ઝામ સેન્ટર સુધી મૂકવા આવેલાં માતા પિતા કેન્દ્ર પરથી સીધા બૌદ્ધ મંદિરે પહોંચી સંતાનને સારા માર્ક મળે એવી પ્રાર્થના કરે.

## નદીનાં ડૂસકાં... ઠાકુરના નુસખા




છેલ્લાં કેટલાંક વર્ષથી પુણે પારાવાર પ્રોબ્લેમ્સનો સામનો કરી રહ્યું છે. શહેરની મૂળા મુઠા નદીની અશુદ્ધિની સમસ્યા એવી છે જેમાં કોઈ સુધારો જોવા નથી મળી રહ્યો. વિવિધ સંસ્થાઓ પ્રયાસ કરી રહી છે, પણ પરિસ્થિતિ 'જૈસે થે' જોવા મળી રહી છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં પુણે મહાનગરપાલિકા દ્વારા એક પ્રોજેક્ટ પણ શરૂ કરવામાં આવ્યો હતો. જોકે, આ પ્રોજેક્ટમાં જે કંઈ કરવામાં આવી રહ્યું છે એનાથી નદી સ્વચ્છ બનશે કે નહીં એની કોઈ ગેરંટી નથી, પણ પર્યાવરણને ખાસ્સું નુકસાન થશે એવો દાવો પુણેના યુવાન એન્જિનિયર સ્વપ્નિલ ઠાકુરે કર્યો છે.

એક દિવસ સ્વપ્નિલ લીલુડી ધરતી પર બિરાજી પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ લઈ રહ્યો હતો ત્યાં એના જોવામાં આવ્યું કે કેટલાક લોકો જંગલનો સફાયો કરી રહ્યા હતા. ચોંકી ગયેલા ઠાકુરે પૂછપરછ કરતા ખબર પડી કે નદીની સ્વચ્છતાના પ્રોજેક્ટ માટે વૃક્ષની છટણી કરવામાં આવી રહી હતી. નદીની જાળવણી માટે વૃક્ષનો સફાયો એ વાત સ્વપ્નિલને ગળે ન ઊતરી. તેણે આ પ્રયાસનો વિરોધ કરવાનું નક્કી કર્યું. એ પોતે મ્યુઝિશિયન છે અને વાદ્ય વગાડવામાં તેની હથોટી છે એટલે ભાઈસાહેબ વન મેન મ્યુઝિક બેન્ડ બનાવ્યું છે અને પુણે શહેરમાં વિવિધ ઠેકાણે સંગીતના માધ્યમથી વન વિચ્છેદન પ્રત્યે જનતામાં જાગરૂકતા લાવવાના પ્રયાસ કરી નદીમાં કચરો ફેંકી એને પ્રદુષિત ન કરવા પણ સમજાવી રહ્યો છે. નર્યા ઉપદેશને બદલે સંગીતના માધ્યમથી કરવામાં આવેલી રજૂઆત અને સાથે 'આપણી નદીનાં ડૂસકાં તમને સંભળાય છે?' એવા પોસ્ટર રાખે છે, જેને લોકો ધ્યાનથી જોઈ રહ્યા છે. સ્વપ્નિલને વિશ્વાસ છે કે એનો આવો સંગીતમય વિરોધ પર્યાવરણ પ્રેમીઓ સાંભળીને લોકોમાં સભાનતા આવશે અને નદીઓનાં જળ ફરી પહેલા જેવા નિર્મળ બની જશે.

## લ્યો કરો વાત!

*આર્જેન્ટિનામાં છેક ૧૯૪૮માં શરૂ કરવામાં આવેલી ૧૩૮૫૦ ફૂટની ઊંચાઈએ વાદળો વચ્ચે સડસડાટ દોડતી 'ટ્રેન ટુ ધ ક્લાઉડ્સ' વિશ્વભરના સહેલાણીઓનું વર્ષોથી આકર્ષણ રહી છે. ૧૬ કલાકની યાત્રામાં ટ્રેન ૨૧૭ કિલોમીટરનું અંતર કાપે છે. અગાઉ માલસામાનની હેરફેર કરતી આ ટ્રેનનો આનંદ છેલ્લાં ૫૦ વર્ષથી સહેલાણીઓ પણ લઈ રહ્યાં છે. તાજેતરમાં આ ટ્રેન પર દેશની સરકારનું વિશેષ ધ્યાન ખેંચાયું છે. એનું કારણ એવું છે કે છેલ્લાં કેટલાક વર્ષથી આર્જેન્ટિનાની આર્થિક હાલત કથળી ગઈ છે. દેશના અર્થતંત્રમાં ગાબડાં પડ્યા છે. આ ટ્રેન સર્વિસ વ્યસ્ત રહેવાથી સ્થાનિક લોકોને રોજગારી મળે છે અને સહેલાણીઓ માટે આ ટ્રેન અનેરું આકર્ષણ હોવાથી ટુરિઝમ ઉદ્યોગને પણ ઉત્તેજન મળી રહ્યું છે. ટ્રેનના પૈડાં જેટલા વધુ દોડશે એટલી મદદ અર્થતંત્રને પાટે ચડવામાં થશે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**નસીબનો બળિયો શું કરી શકે?**

* 'અલ્લાહ મહેરબાન તો ગદ્ધા પહેલવાન' કહેવત તમે સાંભળી છેને?!

**જનમ જનમના સાથીની જેમ દોસ્ત કેમ ના હોય?**

* દિલવાલે એક હોય, દોસ્ત બદલાતાં રહે.

**નવોદિત કવિ જમાઈ બને તો?**

* એના તાજા સાસુમા પરની કૃતિ 'શ્રેષ્ઠ' જ હોય!

**રસ્તા પર નાચતા જાનૈયા કેવા લાગે?**

* ફીમાં જોવા મળતા ફ્રી સ્ટાઈલ શિખાઉ ડાન્સર જેવા...

**ડૂબી શકાય એવી ઢાંકણી કેટલી મોટી હોય?**

* તળાવ કરતાં નાની અને બાથટબ કરતાં મોટી!

**જલસા અને સાલસામાં શું ફરક?**

* જ અને સ નો.

**ભિખારી કેવી રીતે અમીર થઈ શકે?**

* પૈસાદાર થવાનો લાઈફ- ગોલ નક્કી કરીને...

**સમય વર્તે સાવધાન...તો વિશ્રામ ક્યારે?**

* વિરામ વખતે.

**ટ્યૂશન શિક્ષકનું જીવન ધોરણ કેવું હોય?**

* દર ૪૫ મિનિટના બદલાતા પિરિયડ જેવું...

**રામ રાજ્યની જેમ લક્ષ્મણ રાજ્ય બને તો?**

* ત્યાં લક્ષ્મણરેખાને બદલે રામરેખા રાખવી પડે...

**વન ફાઈન મોર્નિંગ હોય તો નાઈટમાં શું?**

* મોર્નિંગમાં 'વન ફાઈન' હોય તો નાઈટમાં 'ટુ શાઈન'!

**'કે.બી.સી' વિશે ક્યા સવાલનો જવાબ મળવો મુશ્કેલ?**

* શો હજી કેટલા એપિસોડ ચાલશે?

**મનમાની ના થાય તો?**

* ધનાધની કરવાની...!

**ભાજી પર પાણી છાંટવાથી કેમ તાજી થઈ જાય?**

* એ પાણીના પ્રેમમાં હોય એટલે!

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# છે ગરીબના કુબામાં...

કોઈ કાર્ય નિષ્ઠાપૂર્વક કર્યું હોય પણ તેનું પરિણામ શું આવશે, તેની કલ્પના ન થઈ શકે ત્યારે ગુજરાતીમાં આપણે કહીએ છીએ કે 'આ તો ભરેલું નાળિયેર છે.' મતલબ કે અંદરથી મલાઈ નીકળશે કે નહીં એ કહી ન શકાય. એ જ અર્થમાં કચ્છી ચોવક કહે છે: 'ભર્યો નાઈયર આય!' આવી સ્થિતિમાં માત્ર ધારણા બાંધવાની હોય કે, કલ્પના જ કરવાની રહે! એક સરસ ચોવક છે: 'મનની લડૂં, મોરા કેર ખાય?' જો મનમાં જ લાડુ બનાવીને ખાવાના હોય તો ઘી-ગોળ ઓછાં શા માટે નાખવાં? એ તો છૂટથી જ વાપરવાનાં હોય! 'મોરા' લાડુ એટલે કે ઓછા ગોળવાળા લાડુ! કલ્પના કરીને જ લાડુ ખાવાના હોય તો એમાં ભરપૂર મીઠાશ હોવી જોઈએ!

એક અદ્ભુત ચોવક છે : 'ભુખેં જી ઘી ભત મેં પિઈ ઢીંગલા ડિસી ઢરી પિઈ' હૃદયસ્પર્શી અર્થ ધરાવતી ચોવક છે. 'ભુખેં જી' એટલે ભૂખ્યાઓની, 'ભત મેં' એટલે જમણમાં, 'પિઈ' એટલે પડી. જમણનો સ્વાદ અહીં પ્રતીક બન્યો છે, પણ વાત જીવનની છે. શબ્દાર્થ એવો થાય છે કે, જે સ્વાદ ભૂખ્યા લોકોના જમણમાં હોવો જોઈએ તે પૈસો જોઈને શ્રીમંતોના જમણમાં ઢળી પડ્યો! એવું જ જીવનમાં બનતું હોય છે. ગરીબોના ભાગનો હિસ્સો શ્રીમંતોની તિજોરીમાં જઈને ઢળી પડતો હોય છે. ચોવક જીવનની વાસ્તવિકતાનો અરીસો આપણી સામે ધરી દે છે! ગરીબોએ માગીને ઘી વાપરવું પડતું હોય છે. એ અર્થ બતાવતી બીજી એક ચોવક છે : 'મંગે ઘી જો ચૂરમું ન થીએ' ચૂરમો એક મીઠી, સ્વાદિષ્ટ વાનગી છે, જેમાં ઘીનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય તો જ એ સ્વાદિષ્ટ બને છે, પણ ચૂરમામાં વાપરી શકાય એટલા પ્રમાણમાં ઘી કોઈ પાસેથી ઉધાર થોડું લેવાય? શબ્દાર્થ એવો થાય છે કે 'ઘી માગીને ચૂરમો ન બનાવાય' અને ભાવાર્થ એવો થાય છે કે 'કોઈને તકલીફ આપીને મજા ન લેવાય.'

આપણે સૌ જાણીએ છીએ કે, દરેક બાબતની એક મર્યાદા હોય છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે 'મર્યાદામાં બધું શોભે.' પણ એ જ વાત ચોવક આ રીતે કહે છે : 'માક જે પાણીએ ઊંઞ ન વિંઝે.' 'માક' એટલે ઝાકળ. અર્થ થાય છે કે, ઝાકળના પાણીથી તરસ ન છીપે. ઝાકળને પોતાની મર્યાદા હોય છે. એનું સ્વરૂપ વરસાદના પાણી જેવું નથી હોતું.

જીવનના ક્રમ પર કટાક્ષ કરતી એક સુંદર ચોવકનું સ્મરણ થાય છે. કહેવાય છે કે 'માડૂને ચિભડ પ્યો પ્યો વધે.' માણસની સરખામણી અહીં ચિભડાં સાથે કરવામાં આવી છે! પોતાની વેલમાંથી પોષણ મેળવતું ચીભડું એક જગ્યાએ પડ્યું પડ્યું જ કદ વધાર્યા કરે છે. તેવું જ માણસનું છે. પડ્યા પડ્યા પણ તેની ઉંમર તો વધતી જ જાય છે!

કોઈ સાથે વિવાદ સર્જાતાં કોર્ટના પગથિયાં ચઢ્યા એટલે જતાંવેંત કંઈ તેનો નિવેડો આવતો નથી.

એટલે જ ચોવક કહે છે કે : 'કોરટમેં અટો ને આયુષ બોય ખપેં.' અહીં 'અટો' એટલે માત્ર 'લોટ' એવો અર્થ જ નથી થતો. સંપૂર્ણ આર્થિક ક્ષમતા અને આયુષ્ય એમ બન્ને જોઈએ. કોર્ટમાં ન્યાય મેળવવા માટે ધીરજ પણ ધરવી પડે છે. વિવાદને પ્રેમથી સુલઝાવી લેવામાં જ આમ તો સાર છે. શા માટે કોર્ટ સુધી જવું જોઈએ?

ચોવક કહે જ છે કે : 'ગુડ સેં મરે તેં કે, જેર કુલા ડિણું?' 'ગુડ' એટલે ગોળ. 'કુલા ડિણું' શા માટે આપવું ? વાત જબાનની મીઠાશ પર આવીને અટકે છે! ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# 'ઓરા' એટલે શું ...?

## એ આપણા વિચાર, ભાવના અને સ્વભાવનું પ્રતિબિંબ છે

જે દૃશ્ય નથી, પરંતુ અનુભવાય છે. જેને સ્પર્શી ના શકાય, પરંતુ જીવનને સંપૂર્ણ રીતે પ્રભાવિત કરે છે. એ છે મનુષ્યની ઓરા... મનુષ્યની આભા. માણસનું શરીર દેહ માત્ર નથી. દેહ એટલે તો હાડકાં, રક્ત, માંસ અને ચામડીનું બનેલું એક શરીર. પણ આ શરીરમાં વસેલું છે મન, ભાવના, વિચાર, સંવેદના અને આત્મા. આ બધું મળીને મનુષ્યના શરીર આસપાસ જે સૂક્ષ્મ તેજસ્વી ઊર્જા ક્ષેત્ર બને છે, તેને 'ઓરા' કહેવામાં આવે છે.

જે રીતે દીવાની આજુબાજુ હળવું પ્રકાશ મંડળ દેખાય છે, એમ જ દરેક માનવકાયાને એક પ્રકાશ કવચ ઘેરી રાખે છે. આ પ્રકાશ કવચ જેટલું શુદ્ધ, તેજસ્વી અને સંતુલિત હોય, એટલું માણસનું જીવન પણ ઉજાસમય અને સુખમય બને છે.


*ઓરાની પરિભાષા શું?

જ્યારે શરીરમાં પ્રાણ શક્તિ વહે છે અને આ પ્રાણ શક્તિ મન અને આત્માના સંસ્કારોની સાથે જોડાય છે. બસ, ત્યાંથી જન્મે છે આભા. બીજી રીતે કહીએ તો, ઓરા એ આપણા વિચાર, ભાવના અને સ્વભાવનું પ્રતિબિંબ છે. જેમના વિચારો શુદ્ધ છે, જેમનું મન નિર્મળ છે, જેમના હૃદયમાં કરુણા વસે છે તેવા લોકોની ઓરા દૂરથી જ સકારાત્મક લાગે છે. તેમની પાસે જતાં આપણું મન શાંત થઈ જાય, તેમની સાથે રહેતાં આનંદ થાય. આપણને એમ લાગે કે એવા માણસ પાસે ગયો કે મન પરનો ભાર ઊતરી ગયો. આ કોઈ જાદુ નથી, આ છે, આભાનું આકર્ષણ. વિપરીત સ્થિતિમાં જ્યાં ક્રોધ છે, ઈર્ષા છે, અહંકાર છે, ત્યાં ઓરા અસ્પષ્ટ થઈ જાય છે. આ છે ઊર્જાનો પ્રભાવ.

* ઓરાના રંગ અને તેનો અર્થ:

પુરાતન યોગશાસ્ત્ર કહે છે કે ઓરાને અલગ-અલગ રંગ હોય છે :

* વાદળી (Blue) શાંતિ અને સંતુલન
* લીલો (Green) કરુણા અને ઉપચાર
* પીળો (Yellow) બુદ્ધિ અને સર્જનાત્મકતા
* લાલ (Red) ચેતના અને શક્તિ



* જાંબલી (Violet) આધ્યાત્મિકતા અને ભક્તિ
* સફેદ (White) પવિત્રતા અને દિવ્ય ચેતના

-અને હા જેના મનમાં દુઃખ, તણાવ, ક્રોધ અને નકારાત્મક ભાવના વધુ હોય, તેમની ઓરામાં ડાર્ક ગ્રે અથવા કાળી છાયા પણ દેખાય છે.

**ઓરાને શું અસર કરે છે?**

આભા કોઈ ચમત્કાર નથી. તે આપણા દૈનિક જીવનની આદતોથી બને છે, જેમકે...

**વિચાર:**

સતત સારા વિચારો ઓરાને તેજસ્વી બનાવે છે. ખોટા વિચારો ઓરાને કમજોર બનાવે છે.

**આહાર:**

સાત્ત્વિક અને શુદ્ધ ભોજન, શરીર તથા મનને હળવું રાખે છે. વધારે પડતાં મસાલા, દારૂ, નશો ઊર્જાને અસ્થિર કરે છે.

**સંગત:**

જેમના સંગમાં જઈએ છીએ, તેમનો સ્વભાવ, તેમનું વક્તવ્ય, તેમનું વલણ આપણું આંતરિક સ્વરૂપ ઘડે છે.

**પર્યાવરણ:**

મંદિર, પ્રકૃતિ, સૂર્યપ્રકાશ, મૌન આભાને શુદ્ધ કરે છે. ઝઘડો, ઉચાટ, અપ શબ્દો અને નકારાત્મક વાતાવરણ આભાને ઝાંખી કરે છે.

**સાધના:**

ધ્યાન, પ્રાણાયામ, જપ આભાનું સશક્તીકરણ કરે છે.

**ઓરા તથા સ્વાસ્થ્ય:**

આધુનિક વિજ્ઞાન આજે કહે છે રોગ શરીરમાં દેખાય તે પહેલાં, તે ઊર્જા ક્ષેત્રમાં ઊપજતો હોય છે. જો મનમાં સતત તણાવ રહે, તો ઓરા કમજોર થાય. અને કમજોર ઓરા પછી શરીર પર અસર કરે. તેથી ડોકટરો પણ આજે કહે છે સ્ટ્રેસ ઈઝ ધ રુટ ઓફ ઑલ ડિસીઝ... નિરાશાજનક મન શરીરને બીમાર કરી શકે છે...જ્યારે આનંદી અને ઉત્સાહી મન શરીરને ઝડપી સ્વસ્થ કરી શકે છે. એટલે કે માનસિક આરોગ્ય અને ઓરા એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

**ઓરા સ-બળ કરવાની કેટલીક રીત:**

૧ ) દરરોજ ૧૦ મિનિટ ઊંડો શ્વાસ લેવો જોઈએ. (અનુલોમ-વિલોમ, પ્રાણાયામ)

૨) ૧૦ મિનિટ મૌન અને ધ્યાન કરો. મનને સાફ કરો.

૩) સાત્ત્વિક આહાર લેવો જોઈએ. ફળ, પાણી, તાજું ભોજન જીવનમાં હળવાપણું લાવે છે.

૪) સારા સંગનો આશ્રય રાખવો. હસીએ, રમીએ, પ્રેમથી જીવીએ.

૫) સેવા, કરુણા, નિસ્વાર્થ સેવા ઓરાને સૌથી ઝડપથી પ્રકાશિત કરે છે.

૬) પ્રકૃતિ સાથે જોડાણ રાખવું. રોજ થોડો સમય વૃક્ષો પાસે અથવા ખૂલ્લા આકાશ નીચે વિતાવો.

**એક નાનું ઉદાહરણ:**

ધારો કે તમે ગુસ્સામાં છો અને એ સમયે કોઈ વ્યક્તિ સામે આવે. ભલે તમે બોલો પણ નહીં, પણ સામેવાળો અનુભવ કરી લે છે કે તમારી અંદર આગ છે. આવું કોણ સૂચવે ...અભિવ્યક્તિ કોણ આપે છે? જવાબ છે : ઓરા.

બીજી તરફ, કોઈ સાધુ, કોઈ સંત, કોઈ હેતાળ શિક્ષક સામે આવે અને તેમનું મૌન પણ હૃદયને શાંતિ આપી જાય આ પણ ઓરા.

**ઉપસંહાર:**


આભા બહારથી બનાવવાની વસ્તુ નથી.

તેલ, સુગંધ, પ્રસાધન, દેખાવ આ બધું શરીરનો શણગાર છે. પણ ઓરા આત્માનો શણગાર છે. ઓરા તેજસ્વી બનશે જ્યારે: વિચાર શુદ્ધ હશે, હૃદય કરુણાથી ભરેલું હશે, શબ્દ મીઠા હશે, જીવનમાં સેવા હશે અને મનમાં 'હું' નહિ, 'અમે' હશે....!

જગતને પ્રકાશ આપતા પહેલા, પોતાના અંતરનો દીવો પ્રગટાવવો પડે. જ્યારે પોતાનું અંતર પ્રજ્વલિત થાય છે, ત્યારે જીવન ખુદ દીપાવલી બની જાય છે. ■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ૫૦ વર્ષ પછીનો પુરુષ... ન કહેવાય- ન રહેવાય - ન સહેવાય!




પચાસ પછીના પુરુષની સ્થિતિ ચોમેરથી કફોડી બને છે. નોકરી-ધંધામાં હવે તે સાહસ કરી શકતો નથી. પરિવારમાં તેને કડક રહેવું પડે છે. સંતાનો તેનાથી વિમુખ થતાં જાય છે. અને મિત્રોનો સંગાથ પણ છૂટતો જાય છે.

આમ પણ પચાસ પછીના પુરુષ પર ઓછું લખાયું છે. તેની સ્થિતિ શારીરિક ફેરફારો કરતાં સામાજિક-આર્થિક વધુ છે. આર્થિક પરિસ્થિતિ મોં ફાડીને ઊભી છે.

કોલેજમાં ભણતા સંતાનની ફી તેને ભરવાની છે. દીકરો નોકરી કરવા બહારગામ જાય તો એક બીજું ઘર લેવા માટે ડાઉનપેમેન્ટ આપવું પડે. સંતાનોનાં લગ્ન ખર્ચની વ્યવસ્થા કરી રાખવી પડે. પચાસ પછી શરીરને ઘસારો લાગવા શરૂ થઈ જાય છે. સુરતમાં માત્ર ૨૪ વર્ષની ઝીલ ઠક્કરને હૃદયાઘાત આવી શકે તો પચાસ પછીના પુરુષને કેમ નહીં? એટલે કામ કે ધંધાના તણાવના કારણે થઈ ગયેલા ડાયાબિટીસ અને બી. પી.ની દવાઓ લઈને તેની આડઅસર ન થાય તેની કાળજી રાખવાની છે. પત્નીના નબળા સ્વાસ્થ્યનો ખર્ચો પણ કાઢવાનો. દર વર્ષે વાહનનો વીમો, મેડિક્લેઇમ અને જીવનવીમાનું પ્રિમિયમ ભરવાનું.

આ બધા વચ્ચે તેના માટે નોકરી બચાવી રાખવી ખૂબ જ મહત્ત્વની બની જાય છે. કારણ કે બધે જ કંપની મેનેજમેન્ટને અનુભવીની જરૂર નથી, યુવા લોહી જ જોઈએ છે જે દોડીને કામ કરી શકે.

પચાસ પછીના પુરુષનો પગાર હવે કંપની મેનેજમેન્ટને પોસાતો નથી. એટલે તેને નોકરીમાંથી કાઢવાના પેંતરા ચાલુ થઈ જાય છે.

તે હવે નોકરી-ધંધો બદલતા ડરે છે. સાહસ કરવાની તેની વય જતી રહી છે. બધો વિચાર કરીને ઠેકડા મારવા પડે છે. તેની અનુકૂલન સાધવાની ક્ષમતા પણ ખૂટી રહી છે. તે કમ્પ્યુટરમાં કામ કરતા શીખ્યો, મોબાઇલ પણ અપનાવ્યો. તે પછી લેપટોપમાં માઉસ વગર કામ કરતા શીખ્યો, પણ હવે AIનો મોટો પડકાર સામે ખડો છે.

નિવૃત્તિ પછીનો પુરુષ ઘર પર બોજ લાગે છે. આથી તેણે નિવૃત્તિ પછીના જીવનનું આયોજન કરવાનું છે. તેનાય જાતજાતના વિચારો આવે છે. હવે તેની કામ કરવાની ક્ષમતા ધીમી પડી છે. પહેલાંની જેમ વાહન પણ તે વારંવાર ચલાવી શકતો નથી. એનું કારણ એ નથી કે તેનામાં ક્ષમતા નથી. તેને ડર છે કે તે પોતાની જાતને નુકસાન અથવા તેના પરિવારને નુકસાન ન પહોંચે.

પારિવારિક સમસ્યાઓ પણ ઘણી છે. પરિવાર હવે તેનાથી થોડોથોડો દૂર થવા લાગ્યો છે. પત્ની બાળકોમાં વ્યસ્ત છે. બાળકો મોટાં થયાં બાદ તેની માતા તરફ વધુ થઈ ગયાં છે. માતા તરુણ સંતાનોની સાચી-ખોટી વાત માને છે, પણ પુરુષને તરુણ સંતાનોને બગડવાં નથી દેવાં. તેથી તે કડક થવા જાય છે. તેને પોતાને બાપ-દાદા તરફથી મળેલો વારસો અને પોતાના અનુભવોનો વારસો તેનાં સંતાનોને આપી જવો છે.

તેને એક છુપો ડર પજવે છે કે દીકરીનો પગ લપસી તો નહીં જાય ને? દીકરીને કેવો વર મળશે? દીકરાને કેવી પત્ની મળશે? એક પુરુષ તરીકે તેને તો વાંધો નહીં આવે પણ તેની પત્ની સાસુ બન્યા પછી વહુ સાથે અનુકૂલન સાધી શકશે?

પુરુષની રાતની ઊંઘ વેરણ થઈ જાય છે. ડાયાબિટીસના લીધે રાત્રે વારંવાર પેશાબ કરવા ઊઠવું પડે છે. તેને થાય છે કે ભલે પત્નીને જાતીય સંબંધ બાંધવાની ઈચ્છા ન હોય પણ હળવો રોમાન્સ તો કરી જ શકે, પણ પત્ની 'હવે આ ઉંમરે?' કહીને પત્ની નકારે છે અને ક્યારેક પત્ની 'ઈચ્છા' વ્યકત કરે ત્યારે ક્યારેક તેને પોતાના 'પુરુષત્વ'ની પણ ચિંતા થાય છે.

પચાસના ઉંબરે પહોંચેલા પુરુષને ઘડપણ માટે પણ મૂડી એકઠી કરવાની છે. આવામાં સંતાન તરફથી જો વિદેશ જવાની માગણી આવે તો અને તેના માટે રૂપિયા કાઢે તો તેની ઘડપણની મૂડી સાફ થઈ જાય. ન આપે તો સંતાનને એમ થાય કે તેના પિતાને તેની કંઈ પડી નથી.

તે પોતાના મનની ચિંતા કોઈને કહી શકતો નથી. હવે મિત્રો પણ પોતાના જીવનમાં વ્યસ્ત છે અથવા તેમના અને પોતાના સમયનો મેળ ખાતો નથી. આથી તે કોઈ આધ્યાત્મિક શરણ શોધે છે, કોઈ અનુષ્ઠાન કરે છે તો ક્યારેક આપઘાત કરવાના વિચારો પણ આવી જાય છે...

-પણ પુરુષ એ પુરુષ છે... બીજી ક્ષણે તે નિરાશા ખંખેરીને નવું 'યુદ્ધ' લડવા ઘરની બહાર નીકળી જાય છે....! ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અંધકારયુગના સાથી છે અશિક્ષિત પોડકાસ્ટ

આજકાલ પોડકાસ્ટ પર નવું જાણવાના હેતુથી એના પર થતી ચર્ચા સાંભળવા બેસીએ ત્યારે ખબર પડે કે ખરેખર સમાજ બીમાર થઇ ગયો નથી ને? ઘરમાં ટોયલેટ-બાથરૂમ તેમના કહેવા મુજબ ખોટી દિશામાં હોય તો તેની આસપાસ લાલ- ભૂરી લાઈનો મારી દેવી કે પછી બે લીલા પાંદડા ભેગા કરીને લક્ષ્મી મળતી હોત તો દુનિયામાં આજ પ્રયોગો થતા હોત. ભારત સહિત વિશ્વભરમાં પોડકાસ્ટનું ખૂબ મોટું માર્કેટ છે,પણ આપણા દેશમાં અંધશ્રદ્ધા ફેલાવવામાં મોટું યોગદાન આપી રહ્યા છે.

પોડકાસ્ટ -માત્ર સવાલ જવાબના ઈન્ટરવ્યૂ નથી. એ સતત ઉત્તરોત્તર આગળ વધતી ચર્ચા છે, જે આપણી આસપાસ ચાલતી દુનિયાને સમજવા માટે મોટું યોગદાન આપી શકે છે.

બે દાયકા પહેલાં એપલ થકી 'પોડકાસ્ટ' શબ્દ પ્રચલિત થયો અને આજે ફક્ત ભારતમાં વીસ કરોડ કરતાં વધુ લોકોનું માર્કેટ બની ગયું છે. ફક્ત એક હજાર રૂપિયાના વોઇસ ઇન્સ્ટ્રુમેન્ટથી શરૂ કરીને મોબાઈલમાં કેટલીક સામાન્ય એપનો ઉપયોગ કરીને પોડકાસ્ટ તૈયાર કરી શકાય છે. જો પોડકાસ્ટ પર લાખો હિટ્સ મળવા માંડે તો લાખો- કરોડોની ઇન્કમ થઇ શકે છે. આ ફૂલગુલાબી તેજી ધરાવતા ક્ષેત્રમાં દેશ-વિદેશથી લાખો કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે.

સરળતાથી બનાવી શકાતા પોડકાસ્ટમાં ક્યારેક હોસ્ટ એકલો જ હોય. ખાસ કરીને ટુરિઝમ અથવા ફૂડ જેવા કાર્યક્રમ એક જ વ્યક્તિ બનાવી શકે છે. રાજનીતિ, ધર્મ અથવા સિનેમા જેવા વિષયો પર ચર્ચા કરવા બે અથવા બે કરતાં વધુ લોકો સામેલ હોય છે. જે પોડકાસ્ટના વ્યૂઅર્સ લાખોની સંખ્યામાં હોય તો પેઈડ ઇન્ટરવ્યૂ થતા હોય છે. વ્યવસાયિક રીતે એ જરા પણ ખોટું નથી. દરેકને પોતાની આવડત મુજબ પૈસા કમાવવાનો અધિકાર છે. આજકાલ વ્યુઅરશીપ વધારવા કોર્પોરેટ જગતથી માંડીને શેરબજાર, પૈસા કમાવવાના સહેલા માર્ગ, કોમેડીથી સેક્સ સુધીની ચર્ચા થતી હોય છે.



એક સમયે પોડકાસ્ટ સાંભળવું એ જ્ઞાનના વધારા માટે હતું. કેટલાક કાર્યક્રમ સાંભળવા માટે જાણકારો આગ્રહ કરતા હતા. આજકાલ આ ક્ષેત્રમાં ધંધાની હરીફાઈ વધવા લાગી છે અને ચર્ચામાં ટકી રહેવા માટે ભારત જેવા પરંપરાગત સાંસ્કૃતિક કલ્ચર ધરાવતા દેશમાં અંધકારનો નવો યુગ શરૂ થયો છે.

એક અભ્યાસ મુજબ વર્ષ ૨૦૨૫માં ભારતમાં પોડકાસ્ટના ટોપ રાઇઝિંગ વિષયોમાં સેલ્ફ-ઇમ્પ્રુવમેન્ટ, મોટિવેશન, એન્ટરપ્રિન્યોરશિપ સાથે બિઝનેસ ટોક, મેન્ટલ હેલ્થ, કોમેડી, સ્પિરિચ્યુઅલિટી અને માઈથોલોજી, પોલિટિક્સ સાથે વિશ્વભરના ન્યૂઝ, મ્યુઝિક અને ફેમિનિઝમ સાથે કલ્ચરલ ઇશ્યૂઝનું વર્ચસ્વ છે. આ વિષયોમાં ૨૦૨૪-૨૦૨૫માં ૩૦થી ૪૦% વૃદ્ધિ જોવા મળી છે, કારણ કે એ બધા યુવાનોની જીવનશૈલી સાથે જોડાયેલા છે. સરસ મજાના વિષયોમાંથી પોડકાસ્ટની દુનિયા એક એવા માર્ગ તરફ વળવા લાગી છે, જેમાં દર્શકોને છેતરવા સિવાય કશું બાકી રહ્યું નથી. ભારતનો ઇતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો હજારો વર્ષથી લખાયેલા ગ્રંથોમાં વૈજ્ઞાનિક અભિગમ હતો. આ અભિગમના નામે ખરા- ખોટા ઉખાણાઓ જોડીને જનતાને રોજ ઉઠા ભણાવવામાં પોડકાસ્ટની માસ્ટરી આવતી જાય છે.

ભારત માટે ચિંતાજનક એ છે કે યુવા વર્ગમાં પોડકાસ્ટનું સૌથી વધુ ચલણ જોવા મળે છે. ઇરાદાપૂર્વક અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપીને મહિલાઓને ખાસ ટારગેટ કરવામાં આવે છે. પોડકાસ્ટ આ બંને વર્ગ પર ખોટી માહિતી પીરસીને મોટી અસર કરી રહ્યું છે. પોડકાસ્ટમાં ફૂડ સિનેમા - સંગીત સહિત અનેક વિષયો પર ચર્ચા થતી હોય છે, જે વ્યક્તિના તણાવને ઘટાડીને એકલા મુસાફરીમાં ઘણા મદદરૂપ થતા હતા. પોડકાસ્ટ ચલાવતા લોકોને આ માર્કેટની નબળાઈઓ વિષે માહિતી છે. આ માર્કેટને જાળવી રાખવા માટે તે એવા વિષયો પર ચર્ચા કરે છે, જ્યાં સત્ય હજારો કિલોમીટર દૂર રહી જાય છે. દરેક વાત 'વૈજ્ઞાનિક છે' એમ કહીને લોકોને ગેરમાર્ગે દોરવામાં નિષ્ણાત બનવા લાગ્યા છે.

પોડકાસ્ટની વાહિયાત ચર્ચાઓના પાપે આજે સમાજમાં અંધશ્રદ્ધા વ્યાપક બનવા લાગી છે અને વિજ્ઞાન તરફનું ટેમ્પરામેન્ટ-પ્રકૃતિ વલણ લગભગ ખતમ થવા લાગ્યું છે. એક અભ્યાસ મુજબ ભારતમાં મોટો વર્ગ બહુ જલદી ભરોસો મુકતો હોય છે. કોઈ પાર્ટી કે ફંક્શનમાં લોકો ભેગા મળે ત્યારે એ પોડકાસ્ટમાં સાંભળેલી વાતો પરની માહિતી સચોટ હોય એ રીતે લોકોને વાત કરતા જોઈને હસવું કે રડવું એ પણ ખબર પડતી નથી. આ વાતોમાં અભણ કરતા વધુ અભ્યાસુઓ શહેરીજનોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધવા લાગ્યું છે. વાહિયાત અંધશ્રદ્ધાની વાતો આપણા કરતાં ઓછું ભણતર ધરાવતી પૂર્વજોની પેઢીઓ પણ કરતી ન હતી. આપણા કમનસીબે કહેવાતા જાણીતા અને જેના પર લોકોને ભરોસો મૂકી શકાય એવા પોડકાસ્ટર્સ પણ તેમના મહેમાનોની ગપોટા વાત પર 'હા જી હા' કરતાં જોવા મળે છે. મોટેભાગે મહેમાનોની અજ્ઞાની અને અંધશ્રદ્ધાપૂર્ણ વાતોને હિંમતપૂર્વક ચેલેન્જ કરવાને બદલે પોડકાસ્ટર્સ સમર્થન આપે છે અને વિવાદાસ્પદ વાતોને વાયરલ ઇરાદાપૂર્વક કરવામાં આવે છે

ત્યારે આશ્ચર્ય થાય છે. આપણી સૌથી મોટી કમનસીબી એ છે કે મોટાભાગના પોડકાસ્ટર પોતાના ધર્મગ્રંથોનો ક્યારેય સરખો અભ્યાસ કરતા નથી. પોડકાસ્ટ પર શાનદાર પ્રેઝન્ટેશન આપીને ભાષામાં અલંકૃત શબ્દો વાપરીને કોઈપણ ગપ્પાને પ્રાચીન ભારતીય પરંપરા સાથે જોડી દે તો આપણને કશું ખબર પડતી નથી. જે વાત ક્યાંય લખાયેલી નથી અથવા મૂળ વાતોના ખોટા અર્થઘટન કરીને પ્રજાને વિજ્ઞાનથી વિમુખ કરે છે. હાલમાં આપણે ત્યાં રિસર્ચ માટે ખર્ચ પ્રગતિશીલ દેશોના પ્રમાણમાં ઘણો ઓછો છે, જો આ પ્રોસેસ ચાલુ રહેશે તો ભવિષ્યમાં દેશની આર્થિક પ્રગતિ પર અસર પડી શકે છે.

આપણી પ્રજા મૂર્ખ નથી, પરંતુ પોડકાસ્ટમાં આવતી દલીલોની ચોક્કસ પદ્ધતિઓથી એ બધા છેતરાઈ જાય છે. આ સમસ્યા ફક્ત ભારતની નથી, પણ દુનિયાભરમાં ફેલાતી જાય છે. 'બીબીસી'નો એક રિપોર્ટ મુજબ પોડકાસ્ટના પંદર કાર્યક્રમમાંથી ચૌદમાં ખોટી માહિતી હોય છે. દુનિયાભરમાં ગ્લોબલ વોર્મિંગના પોડકાસ્ટમાં પચીસ ટકા મેસેજમાં કોઈ તથ્ય હોતા નથી. 'ઓક્સફર્ડ યુનિવર્સીટી'ના એક અભ્યાસ મુજબ યુરોપ અને અમેરિકામાં પોડકાસ્ટમાં વીસ ટકા માહિતીમાં સત્યનો અંશ હોતો નથી. પોડકાસ્ટથી થયેલી નબળી અસરને નાબૂદ કરવા માટે યુરોપ અને વિકસિત દેશોમાં ચિંતાપૂર્વક સઘન અભ્યાસ શરૂ થયા છે. ફિનલેન્ડ જેવા દેશમાં સામાન્ય પ્રજા સાચા અને ખોટા મેસેજ વચ્ચેનો ભેદ સમજી શકે એ માટે સરકાર તરફથી ખાસ અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવ્યા છે. વિશ્વભરના અભ્યાસ મુજબ ભારતમાં પોડકાસ્ટમાં ઠલવાતા ખોટા મેસેજનું પ્રમાણ ઘણું વધારે છે અને હજુ એની અવેરનેસ-જાગૃતિ માટે ખાસ કાર્યક્રમ થતા નથી. ભારતમાં પણ જે રીતે ફાઇનાન્સ ફ્રોડ માટે ઝુંબેશ ચાલે છે એ જ ધોરણે પોડકાસ્ટમાં સાંભળેલી વાતોને જ વિશ્વસનીય સ્ત્રોતોથી પ્રમાણિત કરવા માટે અભિયાન થવું જોઈએ. ■

**ધ એન્ડઃ**

*તક જો તમારો દરવાજો ખખડાવે નહીં તો તમે એક બીજો દરવાજો બનાવો.*
*(અજ્ઞાત)*

તસવીરની આરપાર ___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ડી.જે. - કેસિયો પાર્ટી - બેન્ડ-બાજાનો યુગ આથમતો જાય છે!



**બેન્ડબાજામાં** આમ તો યુરોપિયનોની છાંટ જોવા મળે તેમાં પણ કલાત્મક એક સરખા ડ્રેસ જે જોતાવેંત તમને તદ્દન ભિન્ન જોવા મળે. બેન્ડનો અર્થઃ સમૂહમાં વગાડવાનું યુરોપીય પદ્ધતિનું લશ્કરી વાદ્ય, તેમાં ઘણા સંગીત સાધનો (વાદ્ય) જોવા મળે તેમાં મૂળ નાયક ફ્યુટ (વાંસળી અત્યાધુનિક) વગાડે. બેન્ડબાજામાં ઓન્લી ફોર ફ્યુટ દ્વારા સંગીતથી ગાવાનું કઠિન કામ છે, પણ આ કલા વારસાગત પણ હોય છે. અમુક જ્ઞાતિનાં લોકો બેન્ડબાજા વગાડતાં હોય છે.

સમૂહમાં શિસ્તબધ્ધ લાઈનમાં ઊભા રહી મુખ્ય નાયક જે ગીત ગાય તેની પાછળ બધા સૂરતાલ સાથે તેમના વાદ્યો તેમ જ ઢોલ, નગારા સાથે જોવા મળે. લગ્નપ્રસંગ કે અન્ય શુભપ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવા માટે લોકો બેન્ડબાજા, ડીજે, બગી, ઘોડી, વગેરેનું એડવાન્સમાં સિસ્ટમ ભાડેથી બોલાવે છે.

આજકાલ પ્રથમ ક્રમે ડી.જે. આવે જેમાં મોટા મોટા સાઉન્ડ સિસ્ટમ મેટાડોરમાં બાંધી પાછળ એન્જીનમાં ચાલુ કરી ઇલેક્ટ્રિક પાવર ઉત્પન્ન કરી તેમાં લેપટોપમાંથી કે યૂ ટ્યુબમાંથી મોબાઈલ કનેક્ટ કરી ગીતો ફાસ્ટ વાગે અને લોકો તેના તાલે નાચે અને તમારા મનગમતા ગીતો વગાડી શકો. કોઈ પણ ધાર્મિક કે સામાજિક પ્રસંગે D. J. હોટ ફેવરિટ થઈ ગયું છે.! જી હા. જેમાં કોઈ વ્યક્તિ ના હોય તોય ચાલે અને ભરપૂર સંગીતનાં તાલે નાચ ગાન થઈ શકે અને તે વ્યાજબી ભાવે D. J. ભાડે જોઈએ તેટલા તમારા બજેટમાં મળી જાય છે. બીજા ક્રમે આવે કેસિયો પાર્ટી જેમાં એક લારી હોય તેમાં માઈક લગાવેલ હોય, જે બેટરીથી વાગે તેમાં એક ગાયક કલાકાર હોય અને ઢોલ નગારાની ધૂમ વાગે. એટલે લગ્ન પ્રસંગે કે અન્ય કાર્યક્રમમાં કેસિયો પાર્ટીને બોલાવે. ત્રીજા ક્રમે આવે બેન્ડ બાજા, જેમાં એક ફ્યુટ માસ્ટર હોય અને તેમાં ઘણા બધા સંગીત વાદ્યો સાથે ગ્રુપમાં ઓન્લી સંગીતનાં તાલે જ ચાલે, જેમાં ગીતો મૌખિક ગવાય નહીં, અને બેન્ડબાજા, D. J. અને કેસિયો પાર્ટી કરતા મોંઘુ હોવાથી અમુક લોકો જ તેને પ્રિફર કરે. આજનાં ફાસ્ટયુગમાં ડી. જે. અને કેસિયો પાર્ટી યુગ ચાલે છે. આથી લગ્નસરામાં કે અન્ય પ્રાસંગિક પર્વે બેન્ડ બાજાવાળાને ઓછા બોલાવે છે. એવું લાગે છે કે બેન્ડ બાજાનો યુગ આથમતો જાય છે, તેમ છતાં અમુક જ્ઞાતિનાં લોકો બેન્ડ બાજા વગાડી આ કલાને જીવંત રાખી રહ્યાં છે. ■

ફોકસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# જાણો કયા દેશમાં સોશ્યલ મીડિયાનો સૌથી વધુ ઉપયોગ થાય છે?



આજની દુનિયામાં સોશ્યલ મીડિયા આપણા જીવનનો એક અભિન્ન ભાગ બની ગયું છે. લોકો તેમના દિવસનો મોટો ભાગ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ટિકટોક અને અન્ય પ્લેટફોર્મ પર સ્ક્રોલ કરવામાં, ચેટિંગ કરવામાં અથવા વીડિયો જોવામાં વિતાવે છે.

પરંતુ શું તમે જાણો છો કે કયા દેશો સોશ્યલ મીડિયા પર સૌથી વધુ સમય બગાડે છે? તાજેતરના એક અહેવાલ મુજબ ઘણા દેશોમાં લોકો દિવસમાં ૩ થી ૫ કલાક ફક્ત સોશ્યલ મીડિયા પર વિતાવે છે. ચાલો ટોચના દેશોની યાદી અને ભારતની સ્થિતિનું અન્વેષણ કરીએ.

## ફિલિપાઇન્સ

ફિલિપાઇન્સ સૌથી વધુ સોશ્યલ મીડિયાનો ઉપયોગ ધરાવતો દેશ છે. અહીંના લોકો દરરોજ સરેરાશ ૫ કલાક સોશ્યલ મીડિયા પર વિતાવે છે. આનો અર્થ એ કે દિવસનો મોટો ભાગ વર્ચ્યુઅલ દુનિયામાં વિતાવે છે.

## કોલંબિયા

સોશ્યલ મીડિયાના ઉપયોગની બાબતમાં કોલંબિયા બીજા ક્રમે છે. રિપોર્ટ મુજબ અહીંના લોકો સોશ્યલ મીડિયા પર દરરોજ સરેરાશ ૩ કલાક અને ૪૬ મિનિટ વિતાવે છે. અહીંના વપરાશકર્તાઓ ચેટિંગ અને વીડિયો કન્ટેન્ટ પર નોંધપાત્ર સમય વિતાવે છે.

## દક્ષિણ આફ્રિકા

સોશ્યલ મીડિયાના ઉપયોગમાં દક્ષિણ આફ્રિકા ત્રીજા ક્રમે છે. અહીંના લોકો સોશ્યલ મીડિયા પર દરરોજ સરેરાશ ૩ કલાક અને ૪૩ મિનિટ વિતાવે છે. મનોરંજન અને સમાચાર અપડેટ્સ માટે સોશ્યલ મીડિયા અહીં સૌથી વધુ લોકપ્રિય છે.

## બ્રાઝિલ

બ્રાઝિલિયનો સોશ્યલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. અહીંના લોકો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર દરરોજ આશરે ૩ કલાક અને ૪૧ મિનિટ વિતાવે છે. ખાસ કરીને અહીંના યુવાનો સોશ્યલ મીડિયાનો ઉપયોગ તેમના પ્રાથમિક સંદેશાવ્યવહાર સાધન તરીકે કરે છે.

## આર્જેન્ટિના

સોશ્યલ મીડિયાના ઉપયોગમાં આર્જેન્ટિના પાંચમા ક્રમે છે. અહીંના લોકો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર દરરોજ સરેરાશ ૩ કલાક અને ૨૬ મિનિટ વિતાવે છે. રમતગમત અને મનોરંજન સંબંધિત સામગ્રી અહીં સૌથી વધુ લોકપ્રિય સામગ્રી છે.

## ભારતનું સ્થાન

આ યાદીમાં ભારત ૧૪મા ક્રમે છે. અહીંના લોકો સોશ્યલ મીડિયા પર સરેરાશ ૨ કલાક અને ૩૬ મિનિટ વિતાવે છે. ભારતમાં ઇન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા વિશ્વમાં સૌથી વધુ હોવા છતાં, તેના પર વિતાવેલો સરેરાશ સમય અન્ય ઘણા દેશો કરતા ઓછો છે.

સોશ્યલ મીડિયા જ્યારે મધ્યમ માત્રામાં ઉપયોગમાં લેવાય છે, ત્યારે તે માહિતી અને મનોરંજનનો સારો સ્ત્રોત છે. જો કે તેના પર સતત કલાકો વિતાવવાથી માત્ર સમયનો બગાડ જ નથી થતો પણ માનસિક સ્વાસ્થ્ય અને ઉત્પાદકતા પર પણ અસર પડી શકે છે. ■

# સેલિના જેટલી પતિ પીટર વિરુદ્ધ કોર્ટમાં, ૫૦ કરોડ રૂપિયાનું વળતર માગ્યું



મુંબઈ : બોલિવૂડ અભિનેત્રી સેલિના જેટલીએ તેના પતિ, ઓસ્ટ્રિયન હોટેલિયર અને ઉદ્યોગસાહસિક પીટર હાગ વિરુદ્ધ ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો છે. અભિનેત્રીએ ઘરેલુ હિંસા કાયદાની જોગવાઈઓ હેઠળ કોર્ટનો સંપર્ક કર્યો છે અને હાગ પર ઘરેલુ હિંસા, ક્રૂરતા અને છેડતીનો આરોપ લગાવ્યો છે. તેણે તેના પતિના કારણે થયેલા આવકના નુકસાન માટે ૫૦ કરોડ રૂપિયાની માગણી પણ કરી છે. સેલેનાની અરજી બાદ મુંબઈની એક કોર્ટે હાગને ઔપચારિક નોટિસ જારી કરી છે. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ત્રણ બાળકોની માતા ૪૭ વર્ષીય સેલિના તેના પતિના હાથે સતત ઘરેલુ હિંસાનો ભોગ બની રહી છે. સેલિનાએ પીટર પાસેથી માસિક ૧૦ લાખ રૂપિયા ભરણપોષણ અને ૫૦ કરોડ રૂપિયાનું વળતર માંગ્યું છે. પોતાની અરજીમાં અભિનેત્રીએ તેના પતિ પીટર હાગને તેના મુંબઈના ઘરમાં પ્રવેશતા અટકાવવાની પણ અપીલ કરી છે અને તેના ત્રણ બાળકો-વિન્સ્ટન, વિરાજ અને આર્થરની કસ્ટડી માગી છે.

સેલિના જેટલી અને પીટર હાગે ૨૦૧૧માં ઑસ્ટ્રિયામાં લગ્ન કર્યા હતા અને માર્ચ ૨૦૧૨ માં જોડિયા પુત્રોના માતાપિતા બન્યા હતા.

૨૦૧૭ માં તેઓ ફરી જોડિયા પુત્રોના માતા-પિતા બન્યા, પરંતુ તેમાંથી એકનું હાયપોપ્લાસ્ટિક હૃદય રોગને કારણે મૃત્યુ થયું હતું. ■

# નવજાત બાળક સાથે માતાને રસ્તે રઝળતી મૂકી એમ્બ્યુલન્સનો ડ્રાઈવર નાસી ગયો, તપાસનો આદેશ

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક એમ્બ્યુલન્સનો ડ્રાઈવર એક મહિલાને નવજાત બાળક સાથે કથિત રીતે રસ્તા પર રઝળતી મુકી નાસી જતા એ મહિલાને તેના નવજાત શિશુ સાથે બે કિલોમીટર ચાલવાની ફરજ પડી હોવાની ચોંકાવનારી ઘટના બની છે.

આ મામલે તપાસ શરૂ કરી હોવાની જાણકારી અધિકારીઓએ મંગળવારે આપી છે. આમલા ગામની ૨૦ વર્ષની સવિતા બરાતને ૧૯ નવેમ્બરે મોખડા ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેને જવાહર કુટીર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સવિતાએ બાળકને જન્મ આપ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર ૨૪ નવેમ્બરે હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી ઘરે લઈ જતી વખતે એમ્બ્યુલન્સ ડ્રાઇવરે મહિલાના ગામથી બે કિલોમીટર દૂર એમ્બ્યુલન્સ રોકી ભાગી ગયો હતો. નવજાત શિશુને લઈ જતી મહિલા તેની માતા અને સાસુ સાથે બે કિલોમીટર ચાલી ઘરે પહોંચી હતી, કારણ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. મહિલાના પરિવારે આ ઘટના અંગે રોષ વ્યક્ત કર્યો હતો.

એમ્બ્યુલન્સ ડ્રાઈવર વિરુદ્ધ તપાસ શરૂ કરવામાં આવી છે. અહેવાલ બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે એમ તાલુકાના આરોગ્ય અધિકારી ડો.ભાઉસાહેબ છત્તરે એ જણાવી ઉમેર્યું હતું કે ઘટનાની જાણ થતાં તરત જ મહિલાના નિવાસસ્થાને મેડિકલ ટીમ મોકલવામાં આવી હતી. અમે માતા અને બાળક વિશે પૂછપરછ કરી હતી. ■

### પુણેનો જમીન સોદો પ્રકરણ

# ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીની નોટિસ સામે પાર્થ પવારની કંપનીએ વધુ સમય માગ્યો

પુણેઃ જમીન સોદાના કેસમાં સ્ટેમ્પ ડ્યૂટી સામે ૨૧ કરોડ રૂપિયા ચૂકવવાના નિર્દેશ આપતી નોટિસના પ્રતિસાદમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર સાથે સંકળાયેલી કંપનીએ વધુ ૧૫ દિવસનો સમય માગ્યો હતો.

અમેડિયા એન્ટરપ્રાઈઝીસ એલએલપીમાં પાર્થ પવાર મુખ્ય ભાગીદાર છે. આ કંપનીએ નોટિસના છેલ્લા દિવસે સોમવારે ઈન્સ્પેક્ટર જનરલ ઑફ રજિસ્ટ્રેશનની ઑફિસનો સંપર્ક સાધ્યો હતો પ્રતિસાદ આપવા સમય માગ્યો હતો. કંપનીને અગાઉ સાત દિવસનો સમય આપવામાં આવ્યો હતો.

વકીલોની એક ટીમ કંપની અને તેના ભાગીદાર દિગ્વિજય પાટીલનું પ્રતિનિધિત્વ કરવા માટે ઑથોરિટી લેટર સાથે આઈજીઆર ઑફિસ પહોંચી હતી. સ્ટેમ્પ ડ્યૂટી તરીકે ૨૧ કરોડ રૂપિયા ચૂકવવા માટે કંપનીને અપાયેલી નોટિસ સામે પ્રતિસાદ આપવા ૧૫ દિવસ વધારી આપવા અરજી કરી હતી, એવું આઈજીઆર ઑફિસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ વકીલોની ટીમ દ્વારા કરાયેલી અરજી સ્વીકારવામાં આવી હતી અને મુદત વધારી આપવાનો નિર્ણય વરિષ્ઠ અધિકારી દ્વારા લેવામાં આવશે.

પુણેના મુંઢવા વિસ્તારમાં ૪૦ એકર જમીન વેચવા માટે ૩૦૦ કરોડ રૂપિયાનો સોદો કરાયો હતો. જોકે આ જમીન સરકારની છે અને કંપનીને સ્ટેમ્પ ડ્યૂટીમાં છૂટ પણ અપાઈ હતી, જેને પગલે સોદો વિવાદમાં આવ્યો હતો. વિવાદને પગલે દિગ્વિજય પાટીલ અને સરકારી અધિકારી સહિત અન્યો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. જોકે એફઆઈઆરમાં પાર્થ પવારનું નામ દાખલ કરાયું નથી. (પીટીઆઈ) ■

# લઘુમતી સમુદાયના ૭૫ વિદ્યાર્થીઓને ફોરેન સ્કોલરશિપ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે લઘુમતી સમુદાયના ૭૫ વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત વિદેશી યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિને (સ્કોલરશીપને) મંજૂરી આપી છે. સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે અનુદાન મેળવનારા વિદ્યાર્થીઓમાંથી ૬૭ પોસ્ટ ગ્રેજ્યુએશન કરશે જ્યારે બાકીના સાત ડોક્ટરેટ ડિગ્રી માટે સંશોધન કરશે. રાજ્યના લઘુમતી વિકાસ વિભાગે૨૦ નવેમ્બરે ૭૫ અરજદારો માટે શિષ્યવૃત્તિને મંજૂરી આપી હતી.

ક્યુએસ વર્લ્ડ રેન્કિંગમાં ટોચની ૨૦૦ યુનિવર્સીટીમાં સ્થાન મેળવનાર ૭૫ લઘુમતી વિદ્યાર્થીઓને વાર્ષિક ધોરણે શિષ્યવૃત્તિ આપવાની યોજના બે વર્ષ પહેલા જાહેર કરવામાં આવી હતી. જોકે પ્રથમ વર્ષ (૨૦૨૪-૨૫) દરમિયાન માત્ર ૨૪ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી કારણ કે યોજનાના અમલીકરણ માટે મંજૂરી મોડી મળી હતી એમ જણાવી અધિકારીઓએ ઉમેર્યું હતું કે પસંદ કરવામાં આવેલા ૨૪ ઉમેદવારોમાંથી ૨૨ વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો હતો.

લઘુમતી વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ વર્ષે અમને મળેલી ૧૪૯ વિદ્યાર્થીઓની અરજીઓમાંથી ૧૦૯ વિદ્યાર્થીઓ આ યોજના માટે પાત્ર હતા.

વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ યોજના ૭૫ વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત હોવાથી બાકીના ૩૪ વિદ્યાર્થીઓને વેઇટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે.

આ વર્ષે આ યોજના હેઠળ પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કોલેજ લંડન, યુનિવર્સિટી ઓફ સિડની (ઓસ્ટ્રેલિયા), યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલ (યુનાઇટેડ કિંગડમ), યુનિવર્સિટી ઓફ ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા (યુનાઇટેડ સ્ટેટ્સ), યુનિવર્સિટી ઓફ શિકાગો, ધ ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટી, જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી (યુનાઇટેડ સ્ટેટ્સ), મોનાશ યુનિવર્સિટી (ઓસ્ટ્રેલિયા), યુનિવર્સિટી ઓફ ક્વીન્સલેન્ડ (ઓસ્ટ્રેલિયા), ન્યૂ યોર્ક યુનિવર્સિટી, ડેલ્ફ્ટ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી (નેધરલેન્ડ્સ) સહિત અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ કરશે. ■

# હૉસ્પિટલમાં દર્દીની બેગમાંથી અચાનક નીકળ્યો સાપ

મુંબઇ : થાણેમાં મંગળવારે એક ચોંકાવનારી ઘટના બની. થાણે સિવિલ હોસ્પિટલના મહિલા વોર્ડમાં એક દર્દીની બેગમાંથી અચાનક સાપ નીકળતાં દર્દીઓ અને સ્ટાફમાં ગભરાટ ફેલાયો હતો. પાછળથી ખબર પડી કે આ સાપ એક ૧૯ વર્ષીય યુવક લાવ્યો હતો જેને સાપ પકડવાનો શોખ હતો. સાપના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

થાણેના રહેવાસી ૧૯ વર્ષીય ઓમકાર રાઠોડે એક તળાવ પાસે રમતી વખતે એક બિન-ઝેરી ધમણ સાપ જોયો. પોતાના અનુભવના આધારે તેણે તેને પકડી લીધો. સાપ સાથે રમતી વખતે સાપે તેના હાથ પર ડંખ માર્યો. ત્યારબાદ ઓમકાર સાપને લઈને સીધો થાણે સિવિલ હોસ્પિટલમાં ગયો. ડોક્ટરોએ તેની તપાસ કરી, પરંતુ ઓમકારે સાપને છોડવાનો ઇનકાર કર્યો.

અહેવાલો અનુસાર, ઓમકારે સાપને એક થેલીમાં ભરીને મહિલા વોર્ડમાં મૂક્યો. થોડીવારમાં જ સાપ થેલીમાંથી નીકળીને પલંગ, ટેબલ અને દર્દીઓની નીચેથી સરકતો વોર્ડમાં ફરવા લાગ્યો. ગભરાયેલી સ્ત્રીઓને ખબર નહોતી પડતી કે પથારીમાંથી કૂદી પડવું, દોડવું કે હાથમાં સલાઈન લઈને ઉભા રહેવું. કેટલીક મહિલાઓ ખુરશીઓ પર ચઢી ગઈ, સ્ટાફ પણ ડરીને દૂર રહેવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ■

# એક્સપ્રેસ ટ્રેનમાં ગોળીબાર કરનારા આરપીએફના જવાનની ફરી જામીન અરજી

મુંબઈઃ જયપુર-મુંબઈ એક્સપ્રેસ ટ્રેનમાં ગોળીબાર કરી સિનિયર અધિકારી અને ત્રણ પ્રવાસીને મોતને ઘાટ ઉતારનારા રેલવે પોલીસ ફોર્સ (આરપીએફ)ના જવાન ચેતન સિંહ ચૌધરીએ માનસિક બીમારીનું કારણ રજૂ કરી જામીન માટે ફરી અરજી કરી હતી. ચેતન પર દિંડોશી સેશન્સ કોર્ટમાં ખટલો ચાલી રહ્યો છે ત્યારે તેણે જામીન અરજી કરી હતી. ટ્રેનમાં ભયાનક હત્યાકાંડના આરોપસર ધરપકડ કરાયેલો ચેતન અત્યારે થાણે જેલમાં બંધ છે. જામીન અરજીમાં ચેતન માનસિક બીમારીથી પીડાય છે અને તેને ગુના સંબંધી કોઈ વિગતો યાદ નથી, એવો દાવો કરાયો છે. ચેતનને માનસિક અટેક આવે છે અને તે આંશિક માનસિક દરદી હોવાનું પણ અરજીમાં જણાવાયું છે. એ સિવાય જામીન મેળવવા માટે તેણે અન્ય કારણો પણ અરજીમાં નોંધ્યાં છે.

આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાથી ચેતનને કસ્ટડીમાં રાખવાની જરૂર ન હોવાનું જામીન અરજીમાં જણાવાયું હતું. અગાઉ તેની જામીન અરજી કોર્ટે ડિસેમ્બર, ૨૦૨૩માં ફગાવી દીધી હતી.

જુલાઈ, ૨૦૨૩માં ચેતને ટ્રેનમાં ગોળીબાર કરી તેના વરિષ્ઠ અધિકારી એવા આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર ટીકારામ મીનાને ગોળીએ દીધો હતો. ■

### ખાડાને કારણે મૃત્યુ

# જવાબદારીમાંથી છટકવા બદલ મુંબઇ-થાણે પાલિકાને હાઇ કોર્ટે ફટકારી

મુંબઈઃ રસ્તાના ખાડાઓને કારણે ઈજાગ્રસ્ત થયેલા અને જીવ ગુમાવનારા લોકોના પરિવારોને વળતર આપવાના મામલે અધિકારક્ષેત્રનો મુદ્દો ઉઠાવીને અને જવાબદારીમાંથી છટકવાના વલણ બદલ હાઈ કોર્ટે મુંબઈ અને થાણે મહાનગરપાલિકા સહિત અન્ય સત્તામંડળોને સોમવારે ઠપકો આપ્યો હતો અને આ મુદ્દાને પરસ્પર ઉકેલવા માટે ચેતવણી આપી હતી. અન્યથા તમામ સત્તામંડળોને પીડિતોને સમાન પ્રમાણમાં વળતર ચૂકવવાનો આદેશ આપશે, એમ કોર્ટે જણાવ્યું હતું.

ઓગસ્ટમાં વિક્રોલીમાં એક ટુ-વ્હીલર પર સવાર વાહનચાલકનું રસ્તા પરના ખાડાને કારણે મૃત્યુ થયું હતું. ખાડો ટાળવાનો પ્રયાસ કરતી વખતે પાછળથી આવતા ટ્રકે આ વાહનચાલકને કચડી નાખ્યો હતો. સોમવારે સુનાવણી દરમિયાન આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. રસ્તાઓની ખરાબ હાલતની જવાબદારી લેવાને બદલે મહાનગરપાલિકા અને અન્ય સત્તામંડળના અધિકારીઓ એકબીજા પર દોષારોપણ કરે છે. વિક્રોલી અકસ્માત કેસમાં મ્યુનિસિપલ કોર્પોરેશને કોર્ટને જણાવ્યું હતું કે તે રસ્તો એમએમઆરડીએના અધિકારક્ષેત્રમાં આવે છે. બીજી તરફ, એમએમઆરડીએ એ દાવો કર્યો હતો કે આ રસ્તો મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવ્યો હતો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| LAC | ઊણપ |
| LACE | ગાબડું |
| LACK | દુગ્ધશર્કરા |
| LACTOSE | લાખ |
| LACUNA | દોરી |

### ઓળખાણ પડી?



લાંબા પગ તેમજ શોભા વધારતી કલગી ધરાવતા પક્ષીની ઓળખાણ પડી? આફ્રિકામાં જોવા મળતું આ પક્ષી સાપનો શિકાર કરે છે.

અ) CRANE બ) STORK ક) SECRETARY BIRD ડ) EGRET

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મં | ગ | ૨ લ | મ | ૩ ય | | ૪ ર | ૫ સ | ૬ મ | ૭ ય |
| ગ | | ખો | | ૮ મ | ધ | | ૯ બ | દ | લ |
| ૧૦ લા | લ | | ૧૧ છ | | | ૧૨ જી | | ૧૩ દ | ગા |
| ઋ | | ૧૪ અ | રા | ૧૫ જ | ક | તા | | ૧૬ ગા | ર |
| ૧૭ ક | ૧૮ મા | લ | | બા | | ૧૯ ડું | ૨૦ ગ | ર | |
| | ૨૧ ઠા | ગા | | ૨૨ ન | ૨૩ ભ | | જ | | ૨૪ બૂ |
| ૨૫ ન | | ૨૬ રી | ૨૭ ત | | ૨૮ ર | ૨૯ બા | બ | | મ |
| ૩૦ વ | ૩૧ ખા | | ૩૨ સ | ર | વા | ળો | | ૩૩ ખ | રા |
| ૩૪ ની | ત | ન | વી | | ડ | | ૩૫ જ | મ | ણ |
| ૩૬ ત | ર | | ૩૭ ર | મ | ણ | ભ | મ | ણ | |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| | | ૮ | | | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ | | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | | | | | | |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | ૨૦ | |
| | ૨૧ | ૨૨ | | | | ૨૩ | | | |
| ૨૪ | | ૨૫ | | | ૨૬ | | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | | ૩૦ | | | | | |
| | | | | ૩૧ | | | | | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. વચગાળો, અવકાશ, જગા (૪)
૪. લાજવાબ (૫)
૮. અંદેશો, સંભવ, ઉમેદ (૨)
૯. બીમારી (૨)
૧૦. સ્મશાન (૩)
૧૨. સહસા (૪)
૧૫. ત્રણ કલાક પહોર (૨)
૧૬. સગાઇ (૩)
૧૭. હઠ, જિદ, (બ.વ.) જો.છૂ. (૨)
૧૮. વાંચનાર (૩)
૧૯. ફેલાયા (૩)
૨૧. પાસે (૪)
૨૫. મા, (૨)
૨૬. તમામ, સમગ્ર, પૂર્ણતઃ (૫)
૨૯. કોસ ખેંચવાનું દોરડું (૩)
૩૦. સંગ્રહ, સમૂહ, સંક્ષેપ (૪)
૩૧. --- ઉપર લેવું એટલે ધ્યાનમાં લેવું (૨)
૩૨. વાસનામાં લપેટાયેલું (૫)
૩૩. વરસાદ પછી બધે હોય (૪)

**ઊભી ચાવી**

૧. માણસની છેલ્લી મુસાફરી (૫)
૨. કુબેર ભંડારીનો મોટો ભાઇ (૩)
૩. નસીબદાર (અં.) (૨)
૫. --- દેવાળિયો એટલે ઉડાઉ (૩)
૬. એક સ્વાદ (૨)
૭. પહેલાં રાજાઓ રાત્રે -- જોવા નીકળતા(૫)
૧૧. સામવેદનું ગાન (૪)
૧૨. સ્તબ્ધ, દિગમૂઢ (૪)
૧૩. ચાહનાર (૩)
૧૪. દાબ, રૂઆબ (૩)
૧૬. ચર્ચાસ્પદ (૪)
૨૦. --- વીર જોખમ ઉઠાવે (૩)
૨૨. જમાતને ભેગા થવાનું સ્થળ (૫)
૨૩. વિરહ, આહીર લોકોનું ગીત (૩)
૨૪. વિવિધ, વિચિત્ર, ભાતભાતના (૪)
૨૬. એક સરખા (૩)
૨૭. બરફથી છવાયેલું (૪)
૨૮. પહેલાં--- થાય પછી ફાઇનલ થાય (૪)
૩૦. સઘળું, બધું (૩)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'મૂરખની મસલત કરે, બીકણનો સંગાથ' પંક્તિમાં 'મસલત' શબ્દનો અર્થ જણાવો.

અ) મજબૂતી બ) મશ્કરી ક) ચર્ચા વિચારણા ડ) મોહબ્બત

### માતૃભાષાની મહેક

તળપદા શબ્દોના અર્થ ન ખબર હોય અને સાંભળવામાં ગફલત થાય તો કેવો લોચો થાય એ જાણવા જેવું છે. 'મુંબીથી આવેલા ભાઈને અડાણી લાવવાનું કીધું'તું ને ઈવડા ઈ અડાયું લઈ આયા' એવું બોલનાર ભાઈ હસી પડે તો એ સ્વાભાવિક છે. કારણ કે અડાણી એટલે રકાબી અને અડાયું એટલે છાણું.

### સુડોકુ-૯૧૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | | | ૯ | | | ૧ |
| | | | ૩ | ૧ | | | ૯ | |
| | | | | | ૫ | | ૨ | |
| ૯ | | ૩ | | | | | | |
| | ૫ | | | ૬ | | | ૩ | |
| | | | | | | ૫ | | ૪ |
| | ૮ | | ૯ | | | | | |
| | ૭ | | | ૮ | ૧ | | | |
| ૩ | | | ૭ | | | ૨ | ૧ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૩ | ૯ |
| ૬ | ૧ | ૯ | ૪ | ૩ | ૫ | ૨ | ૮ | ૭ |
| ૭ | ૮ | ૩ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૫ |
| ૩ | ૨ | ૫ | ૯ | ૪ | ૭ | ૬ | ૧ | ૮ |
| ૯ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૧ | ૭ | ૮ | ૬ | ૫ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૫ | ૯ | ૪ | ૮ | ૨ | ૧ | ૩ | ૭ | ૬ |
| ૨ | ૩ | ૭ | ૫ | ૬ | ૪ | ૮ | ૯ | ૧ |
| ૮ | ૬ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૪ | ૨ |

### ગુજરાત મોરી મોરી રે

જોરાવરનો સામનો કરવા એના ઘરમાં ઘૂસવું આસાન નથી એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

રમત ઘાલવો બોડમાં નથી વાઘની હાથ

### ઈર્શાદ

*હાથ ઝાલી હાથમાં જ્યારે નીકળતાં આપણે,*
*ધૂમ આખી શેરીમાં કેવી મચેલી, યાદ છે?*

---- મુકુલ ચોક્સી

### માઈન્ડ ગેમ

અનાનસ છોલવામાં મુશ્કેલ પણ સ્વાદમાં ખટમીઠું ને ગુણકારી ફળ છે. વિશ્વના કયા દેશમાં આ ફળનું સૌથી વધુ ઉત્પાદન થાય છે?

અ) ઓસ્ટ્રેલિયા બ) સ્લોવાકિયા ક) યુએસએ ડ) ઈન્ડોનેશિયા

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| KNACK | કસબ |
| KNEAD | કણક |
| KNIT | ગૂંથવું |
| KNOT | ગાંઠ |
| KNUCKLE | આંગળીનું હાડકું |

ઓળખાણ પડી? REINDEER

માઈન્ડ ગેમ: યુએસએ

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: વસ્ત્ર

ગુજરાત મોરી મોરી રે: વિપતે ઉદ્યમ કીજિયે તો ઉદ્યમ વિપતને ખાય

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) કિશોર કુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) જયવંત પદમશી ચિખલ (૧૩) પુષ્પા પટેઉલ (૧૪) લજિતા ખોના (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેશ દોશી (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) પ્રવીણ વોરા (૨૭) કિરીટ છેડા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કમલ માતલિયા (૩૦) અરવિંદ કામદાર (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિલાશ અંબાણી (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિપીન શાહ (૩૫) નૂતન વિપીન શાહ (૩૬) અંજુ ટોલિયા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદ્દેશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ભામિની સંપટ (૫૨) વિણા સંપટ

# સાઉથ આફ્રિકા પચીસ વર્ષે ભારતમાં ફરી શ્રેણી જીતવાની તૈયારીમાં

## બવુમાની ટીમે કેમ લાંબો સમય બૅટિંગ કરી?: ૫૪૯ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ભારત ૨/૨૭

ગુવાહાટીઃ અહીં વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે સિરીઝની છેલ્લી ટેસ્ટ (સવારે ૯.૦૦ વાગ્યાથી) જીતવાનું ટીમ ઇન્ડિયા માટે અશક્ય છે, પણ આ મૅચને ડ્રૉમાં લઈ જઈને પરાજયનો માર્જિન ૦-૨ને બદલે ૦-૧ સુધી સીમિત રખાવવા માટેના પ્રયાસમાં ભારતીય ટીમને સફળતા મળે એ પણ સંભવ નથી લાગતું, કારણકે ૫૪૯ રનના તોતિંગ લક્ષ્યાંક સામે મંગળવારની રમતના અંત સુધીમાં ભારતે ૨૭ રનમાં બે વિકેટ (યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ) ગુમાવી દીધી હતી. બીજી તરફ, ટેમ્બા બવુમાના સુકાનમાં સાઉથ આફ્રિકાની ટીમ ઐતિહાસિક વિજયની નજીક પહોંચી ગઈ છે ત્યારે એક ચર્ચા એવી છે કે મંગળવારે શા માટે પ્રવાસી ટીમે પ્રથમ દાવમાં ૨૮૮ રનની સરસાઈ લીધા પછી પણ બીજા દાવમાં મોડી સાંજ સુધી (૭૯મી ઓવર સુધી) બૅટિંગ કરી હતી. સાઉથ આફ્રિકાના હેડ-કોચ શુક્રી કૉન્રાડે ૧૯૭૬ની ક્લાઇવ લૉઇડની કૅરિબિયન ટીમ સામેની સિરીઝ સમયના બ્રિટિશ કૅપ્ટન ટૉની ગ્રેગના એક ઇન્ટરવ્યૂને ટાંકીને કહ્યું હતું કે 'અમે ભારતીય ખેલાડીઓને ખૂબ થકવી નાખવા માગતા હતા અને દયનીય સ્થિતિમાં લાવવા માગતા હતા એટલે અમે લાંબો સમય બૅટિંગ કરી. અમે સરસાઈ સાથે એટલા બધા રન કરવા માગતા હતા કે જેથી તેમને કહી શકીએ કે આવો, હવે ટાર્ગેટ મેળવી દેખાડો.'

સાઉથ આફ્રિકાના ક્રિકેટરો ભારતમાં છેલ્લે ૨૦૦૦ની સાલમાં હન્સી ક્રૉન્યેના સુકાનમાં ટેસ્ટ-શ્રેણી જીત્યા હતા. હવે બવુમાની ટીમને ભારતમાં પચીસ વર્ષે ટેસ્ટ-સિરીઝ જીતવાની સોનેરી તક મળી છે. ચોથા દાવમાં કોઈ ટીમે લક્ષ્યાંક ચેઝ કરી લીધો હતો એવા સર્વોચ્ચ સ્કોર્સમાં વેસ્ટ ઇન્ડિઝનો ૭/૪૧૮નો વર્લ્ડ રેકૉર્ડ છે.


ગઈ કાલે બીજા દાવમાં સસ્તામાં આઉટ થતાં નિરાશ યશસ્વી (ડાબે) અને રાહુલ.

મંગળવારની રમતને અંતે સ્થિતિ એવી હતી કે ભારતે ૫૪૯ રનના પહાડ જેવા લક્ષ્યાંક સામે ૨૭ રનમાં બે વિકેટ ગુમાવી દીધી ત્યારે નાઇટ-વૉચમૅન કુલદીપ યાદવ ચાર રને અને સાઇ સુદર્શન બે રને દાવમાં હતા. યશસ્વીની વિકેટ ફાસ્ટ બોલર માર્કો યેનસેને અને રાહુલની વિકેટ સ્પિનર સાઇમન હાર્મરે લીધી હતી. ભારતે જીતવા હજી ૫૨૨ રન કરવાના બાકી હતા, જ્યારે સાઉથ આફ્રિકાએ ફક્ત આઠ વિકેટ લેવાની બાકી હતી. નિવૃત્ત ખેલાડીઓ રોહિત શર્મા તથા વિરાટ કોહલી જેવા દિગ્ગજો તેમ જ મુખ્ય કૅપ્ટન શુભમન ગિલ વિના નબળી પડેલી બૅટિંગ લાઇન-અપનો બુધવારે પહેલા-બીજા સત્રમાં જ વીંટો વળી જશે આવી સંભાવના નકારી ન શકાય. કોઈ ચમત્કાર જ ભારતને જિતાડી શકે અથવા મૅચને ડ્રૉ કરાવી શકે. મંગળવારે બન્યું એવું કે ટ્રિસ્ટેન સ્ટબ્સ (૯૪ રન)ને રવીન્દ્ર જાડેજાએ સાઉથ આફ્રિકાની ૭૯મી ઓવરના ત્રીજા બૉલ પર ક્લીન બોલ્ડ કર્યો એ સાથે કૅપ્ટન ટેમ્બા બવુમાએ દાવ ડિક્લેર કરી દીધો હતો. ભારતને ૫૪૯ રનનો ખૂબ ઊંચો લક્ષ્યાંક આપવાને બદલે દાવ વહેલો સમાપ્ત જાહેર કરીને છેલ્લા બે કલાકની રમતમાં ભારતીયોને સાઉથ આફ્રિકન બોલર્સ વધુ મુશ્કેલીમાં લાવી શક્યા હોત, પણ ભારતને બીજા દાવમાં છેલ્લા લગભગ એક કલાકની રમતનો સમય આપવાનું બવુમાએ પસંદ કર્યું હતું. જોકે એમાં પણ ભારતે ૨૭ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી.

વાત એવી છે કે ભારતમાં પિચો મોટા ભાગે લાલ માટીથી બનાવાય છે. પોતાના બૅટ્સમેનો વધુ બૅટિંગ કરે એટલે લાલ માટીવાળી પિચ તૂટવા માંડે અને પાંચમા દિવસે (બુધવારે) પોતાના સ્પિનર્સને વધુ તૂટેલી પિચ પર મોટો લાભ મળે લગભગ એ હેતુથી સાઉથ આફ્રિકાની ટીમે મંગળવારે સાંજે દાવ વહેલો ડિક્લેર કરી દેવાને બદલે વધુ બૅટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટેસ્ટમાં પંતની નવીસવી કૅપ્ટન્સી અનુભવી તથા વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન બવુમાની કૅપ્ટન્સી સામે ઝાંખી લાગી હતી. દરમ્યાન, સાઉથ આફ્રિકાએ બીજા દાવમાં પાંચ વિકેટે ૨૬૦ રન (ડિક્લેર્ડ) કર્યા હતા એમાં સ્ટબ્સના ૯૪ રન હાઇએસ્ટ હતા. ભારતના સાત બોલર્સમાંથી જાડેજાએ સૌથી વધુ ચાર વિકેટ તથા વૉશિંગ્ટન સુંદરે એક વિકેટ લીધી હતી. ■

# ટી-૨૦ વર્લ્ડ કપના શેડ્યૂલની જાહેરાત, એક સેમિ ફાઇનલ મુંબઈમાં અને ફાઇનલ અમદાવાદમાં

## ભારત-પાકિસ્તાન મુકાબલો ૧૫મી ફેબ્રુઆરીએ, રોહિત શર્મા બ્રૅન્ડ ઍમ્બેસેડર નિયુક્ત

મુંબઈઃ આગામી ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે યોજાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપના સત્તાવાર શેડ્યૂલ અને અન્ય વિગતો મંગળવારે આઇસીસી ચૅરમૅન જય શાહ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા જે અનુસાર ૨૦૨૬ની ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ સુધી રમાનારા આ વર્લ્ડ કપમાં ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈ-વૉલ્ટેજ મુકાબલો થશે. ભારતમાં પાંચ સ્થળે અને શ્રીલંકામાં ત્રણ સ્થળે મૅચો રમાશે. ૨૦૨૪ના વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન રોહિત શર્માને આ ટૂર્નામેન્ટ માટેના આઇસીસી બ્રૅન્ડ ઍમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.




### મૅચના સમય કયા રહેશે

એક મહિનાની આ ટૂર્નામેન્ટમાં કુલ ૨૦ દેશ ભાગ લેશે. ભારત ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. ૨૦૨૪ના વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતે સાઉથ આફ્રિકાને હરાવ્યું હતું. ૧૫મી ફેબ્રુઆરીએ ભારત-પાકિસ્તાન વચ્ચે રમાનારી મૅચ ગ્રૂપ-એમાં ભારતની ત્રીજી મૅચ હશે. ભારતના ગ્રૂપ-એમાં યુએસએ, નેધરલૅન્ડ્સ અને નામિબિયા પણ છે. લીગ રાઉન્ડમાં રોજની ત્રણ મૅચ રમાશે જેના સમય આ મુજબ છેઃ સવારે ૧૧.૦૦ વાગ્યે, બપોરે ૩.૦૦ વાગ્યે, સાંજે ૭.૦૦ વાગ્યે.

ભારતમાં વર્લ્ડ કપની મૅચો અમદાવાદ, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને દિલ્હીમાં રમાશે. શ્રીલંકામાં મૅચો કોલંબોમાં બે સ્થળે (આર. પ્રેમદાસા સ્ટેડિયમ, સિનાલેસ સ્પોર્ટ્સ ક્લબ) અને કૅન્ડીના પલ્લેકેલમાં રમાશે.

### કયા ગ્રૂપમાં કોણ

ગ્રૂપ-એઃ ભારત, પાકિસ્તાન, યુએસએ, નેધરલૅન્ડ્સ, નામિબિયા

ગ્રૂપ-બીઃ શ્રીલંકા, ઑસ્ટ્રેલિયા, આયરલૅન્ડ, ઝિમ્બાબ્વે, ઓમાન

ગ્રૂપ-સીઃ ઇંગ્લૅન્ડ, વેસ્ટ ઇન્ડિઝ, બાંગ્લાદેશ, નેપાળ, ઇટલી

ગ્રૂપ-ડીઃ ન્યૂ ઝીલૅન્ડ, સાઉથ આફ્રિકા, અફઘાનિસ્તાન, કૅનેડા, યુએઇ

આગામી વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાનના ગ્રૂપમાં યુએસએ, નામિબિયા અને નેધરલૅન્ડ્સ પણ છે. ભારતની પહેલી મૅચ સાતમી ફેબ્રુઆરીએ મુંબઈમાં યુએસએ સામે રમાશે. ટી-૨૦ વર્લ્ડ કપનો એ પ્રથમ દિવસ હશે. ત્યાર પછી ૧૨મી ફેબ્રુઆરીએ દિલ્હીમાં ભારતની નામિબિયા સામે મૅચ રમાશે અને ત્યાર બાદ પાકિસ્તાન સામે કોલંબોમાં મુકાબલો થશે. ભારતની ચોથી લીગ મૅચ ૧૮મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં નેધરલૅન્ડ્સ સામે રમાશે.

### પાકિસ્તાનની તમામ મૅચો...

૭ ફેબ્રુઆરીથી આઠમી માર્ચ સુધીના એક મહિનાના ટી-૨૦ વર્લ્ડ કપમાં દરરોજ ત્રણ મેચ રમાશે. તમામ ક્રિકેટ બોર્ડ વચ્ચેની સમજૂતી મુજબ પાકિસ્તાનની તમામ મૅચો શ્રીલંકામાં રમાશે.

### વર્લ્ડ કપનું ફૉર્મેટ કેવું છે

કુલ ૨૦ દેશ વચ્ચેની આ મહા સ્પર્ધામાં પંચાવન મૅચ રમાશે. પાંચ-પાંચ ટીમને ચાર ગ્રૂપમાં વહેંચી નાખવામાં આવી છે. લીગ રાઉન્ડમાં દરેક ગ્રૂપમાં ટોચના બે સ્થાને રહેનારી ટીમ સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચશે. એમાં પણ આઠ ટીમને બે ગ્રૂપમાં વહેંચી નાખવામાં આવશે. બંને ગ્રૂપની ટોચની બે ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે.

### સુપર એઇટમાં ભારતની મૅચો ક્યાં રમાશે

જો ભારત સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચશે તો એની ત્રણેય સુપર એઇટ મૅચ અનુક્રમે અમદાવાદ, ચેન્નઈ અને કોલકાતામાં રમાશે. ભારત જો સેમિ ફાઇનલમાં પહોંચશે તો એ મૅચ મુંબઈમાં રમાશે. પાકિસ્તાન સેમિ ફાઇનલમાં પહોંચશે તો એ મૅચ કોલંબોમાં રમાશે અને જો સેમિ ફાઇનલમાં એ નહીં પહોંચે તો એ બીજી સેમિ ફાઇનલ કોલકાતામાં રાખવામાં આવશે.

### ફાઈનલ અમદાવાદમાં

રવિવાર, ૮મી માર્ચની ફાઈનલ અમદાવાદમાં રમાશે. જો પાકિસ્તાન ફાઈનલમાં પહોંચ્યું હશે તો એ નિર્ણાયક મુકાબલો કદાચ કોલંબોમાં રાખવામાં આવશે. ■

# બુમરાહ ટેસ્ટ-ક્રિકેટમાં ૧૦,૦૦૦મો બૉલ ફેંકનાર ભારતનો છઠ્ઠો પેસ બોલર બન્યો




ગુવાહાટીઃ અહીં સિરીઝની બીજી ટેસ્ટમાં પણ ભારત પરાજયની દિશામાં આગળ વધી રહ્યું છે, પરંતુ એ નિરાશાજનક માહોલમાં ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે એક મોટી સિદ્ધિ મેળવી છે જેમાં તેણે ૧૦,૦૦૦મો બૉલ ફેંક્યો છે અને એ સાથે તે રેકૉર્ડ-બુકમાં આવી ગયો છે.

બુમરાહ ટેસ્ટ-ક્રિકેટના ઇતિહાસમાં ૧૦,૦૦૦ બૉલ ફેંકનાર ભારતનો છઠ્ઠો પેસ બોલર બન્યો છે. ભારત વતી પેસર્સ અને સ્પિનર્સ, બન્નેની ગણતરી કરીએ તો બુમરાહ ટેસ્ટ ફૉર્મેટમાં ૧૦,૦૦૦ બૉલ ફેંકનાર ૧૭મો બોલર છે. સમગ્ર ટેસ્ટ-ક્રિકેટની વાત કરીએ તો ૧૦,૦૦૦ બૉલ ફેંકનાર તે વિશ્વનો કુલ ૧૩૦મો બોલર અને ૭૫મો પેસ બોલર બન્યો છે.

### સાઉથ આફ્રિકા સામે ડેબ્યૂ કર્યું હતું

૩૧ વર્ષના બુમરાહે ૨૦૧૮ની પાંચમી જાન્યુઆરીએ કેપ ટાઉનમાં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારે તેણે પ્રથમ બૉલ એબી ડિવિલિયર્સને ફેંક્યો હતો. ડિવિલિયર્સ સાઉથ આફ્રિકાનો ખેલાડી હતો અને ગુવાહાટીમાં બુમરાહે ૧૦,૦૦૦મો બૉલ એઇડન માર્કરમને ફેંક્યો હતો અને તે પણ સાઉથ આફ્રિકન છે.

### ભારતીયોમાં પ્રથમ કોણ

ભારત વતી ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ બૉલ ફેંકવાનો વિક્રમ પેસ બોલર્સમાં કપિલ દેવના નામે છે. તેમણે ૨૨૭ ઇનિંગ્સમાં કુલ ૨૭,૭૪૦ બૉલ ફેંક્યા હતા. બીજા નંબરે ઇશાંત શર્મા છે. તેણે ૧૮૮ ઇનિંગ્સમાં ૧૯,૧૬૦ બૉલ ફેંક્યા હતા. આ યાદીમાં ત્રીજા નંબરે ઝહીર ખાન (૧૬૫ દાવમાં ૧૮,૭૮૫ બૉલ), ચોથા નંબરે જાવાગલ શ્રીનાથ (૧૨૧ દાવમાં ૧૫,૧૦૪ બૉલ), પાંચમા નંબરે મોહમ્મદ સિરાજ (૧૨૨ દાવમાં ૧૧,૫૧૫ બૉલ) છે. બુમરાહ છઠ્ઠા નંબરે (૯૯ દાવમાં ૧૦,૦૧૩ બૉલ) છે. વિશ્વભરના ઝડપી બોલરમાં સૌથી વધુ ૪૦,૦૩૭ બૉલ ફેંકવાનો વિશ્વ વિક્રમ ઇંગ્લૅન્ડના જેમ્સ ઍન્ડરસનના નામે છે.

### કુંબલેએ ૪૦,૦૦૦-પ્લસ બૉલ ફેંક્યા હતા

ઉલ્લેખનીય છે કે ભારત વતી ટેસ્ટમાં સૌથી વધુ ૬૧૯ વિકેટ લેનાર સ્પિનર અનિલ કુંબલેએ કુલ ૪૦,૮૫૦ બૉલ ફેંક્યા હતા. ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ ૪૪,૦૩૯ બૉલ ફેંકવાનો વિશ્વવિક્રમ શ્રીલંકાના મુથૈયા મુરલીધરનના નામે છે. ટેસ્ટમાં સૌથી વધુ ૮૦૦ વિકેટ લેનાર મુરલીધરને સપ્ટેમ્બર, ૧૯૯૨માં કોલંબોમાં ઑસ્ટ્રેલિયા સામેની ઇનિંગ્સમાં પહેલો બૉલ ફેંક્યો ત્યારે તેણે કલ્પના પણ નહીં કરી હોય કે તે ૪૪,૦૦૦-પ્લસ બૉલ ફેંકવાનો વિશ્વવિક્રમ રચશે. ■

# સ્મૃતિ મંધાનાને છેતરી રહ્યો હતો પલાશ મુચ્છલ?, મૅરી ડિકોસ્ટા નામની મહિલા સાથેની 'ચૅટ' લીક થઈ!

મુંબઈઃ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના અને મ્યુઝિક કંપોઝર પલાશ મુચ્છલ ૨૩મી નવેમ્બરે લગ્ન કરવાનાં હતાં, હલ્દી તેમ જ મહેંદી તથા સંગીત સહિતની લગ્નની મોટા ભાગની રસમો પૂરી થઈ ગઈ હતી અને વિધિઓ પણ શરૂ થઈ ગઈ હતી, પરંતુ અચાનક પારિવારિક કારણોસર આ મૅરેજ મોકૂફ રાખવામાં આવ્યા બાદ હવે આ લગ્ન વધુ ચર્ચાસ્પદ થઈ ગયા છે. સ્મૃતિ-પલાશે સોશ્યલ મીડિયા અકાઉન્ટ પરથી હલ્દી, મહેંદી, સંગીતના ફોટો હટાવી દેતાં આખા પ્રકરણને અલગ જ વળાંક મળ્યો છે. ગઈ કાલથી સોશ્યલ મીડિયા પર પલાશના એક મહિલા સાથેની કથિત ચૅટના સ્ક્રીનશૉટ્સ વાઈરલ થઈ રહ્યા છે, જેને કારણે સ્મૃતિ સાથે પલાશ ચીટિંગ કરી રહ્યો હોવાની વાતો ચાલી રહી છે. ચાલો, તમને આખી સ્ટોરી જણાવીએ...


સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલ (ડાબે) તથા મૅરી ડિકોસ્ટા

આ કહેવાતી ચૅટના સ્ક્રીનશૉટ્સમાં પલાશ મૅરી ડિકોસ્ટા નામની એક મહિલા સાથે ફ્લર્ટિંગ કરતો જોવા મળી રહ્યો છે. આ સ્ક્રીનશૉટ્સ વાઈરલ થતાં જ સોશ્યલ મીડિયા પર પલાશ તેની ફિયાન્સી સ્મૃતિને ચીટ કરી રહ્યો હોવાની વાતો સામે આવી રહી છે. જોકે, જે અકાઉન્ટથી ચૅટ થઈ છે તે અકાઉન્ટ ડિઍક્ટિવેટ કરી દેવામાં આવ્યું છે, પરંતુ તેના કથિત સ્ક્રીનશૉટ્સ વાઈરલ થઈ રહ્યા છે.

૨૦૨૫માં કરવામાં આવેલા આ મેસેજમાં મૅરીને પલાશ સ્વિમિંગ માટે પોતાની સાથે આવવાનું કહે છે. મૅરી જ્યારે પલાશના રિલેશનશિપ સ્ટેટસ, પ્રેમ વિશે જાણવાનો પ્રયાસ કરે છે ત્યારે પલાશ એ સવાલોના જવાબ આપવાનું ટાળે છે. સવાલોના સ્પષ્ટ જવાબો આપવાને બદલે પલાશ તેને મળવા માટે મનાવવાના પ્રયાસો કરે છે.

મૅરી સાથે પલાશ ફિયાન્સી સ્મૃતિ અને તેની સાથેની વર્ષોની રિલેશનશિપ વિશે પણ વાત કરતો જાણવા મળે છે. પલાશ કહે છે કે તે પહેલાં સ્મૃતિ સાથે ટૂર પર જતો અને ચિલ કરતો, પરંતુ છેલ્લાં બે વર્ષથી તે નથી જતો કારણકે તેના માટે હેક્ટિક થઈ જાય છે. એટલું જ નહીં, મૅરીને પલાશ બીચ-વોક માટે પિકઅપ કરવાની વાત પણ કરે છે અને તેની લવલાઈફ ખાસ કંઈ સારી નથી ચાલી રહી એ અર્થના મેસેજ પણ કરતો જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે લગ્ન રદ થયા બાદ પલાશે મીડિયા પરની પોસ્ટમાં લોકોને પરિવારની પ્રાઈવસી જાળવવાની અપીલ કરી હતી. જ્યારે પલાશની બહેન પલક મુચ્છલે પણ લગ્ન પોસ્ટપોન કરવાનું કારણ આપતાં પોસ્ટ કરી હતી કે 'સ્મૃતિના પિતાની તબિયત બગડતાં સ્મૃતિ અને પલાશના લગ્ન મોકૂફ રાખવામાં આવ્યાં છે. તમને બધાને વિનંતી છે કે તમે આ મુશ્કેલ સમયમાં ફેમિલીની પ્રાઈવસી જાળવી રાખશો.' ખેર, લગ્ન ખરેખર સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાનાની નબળી તબિયતને કારણે મોકૂફ રહ્યાં છે કે પછી આ પાછળ કોઈ બીજું જ કારણ જવાબદાર છે એ તો રામ જાણે પણ, દાળમાં કંઈક કાળું તો ચોક્કસ છે જ.

### મૅરી ડિકોસ્ટા કોણ છે?

કેટલાક અહેવાલો પરથી જાણવા મળ્યું છે કે મૅરી ડિકોસ્ટા કોરિયોગ્રાફર તરીકે સ્મૃતિ-પલાશના લગ્નની તૈયારીઓ સાથે સંકળાયેલી હતી. કેટલાકનું માનવું છે કે રિહર્સલ દરમ્યાન પલાશ અને મૅરી વચ્ચેની મૈત્રી વધી હશે અથવા નવી મિત્રતા બંધાઈ હશે. એક અહેવાલમાં તો એવો દાવો પણ કરાયો હતો કે સ્મૃતિ સાથેની સગાઈના ચાર દિવસ પહેલાં કહેવાય છે કે પલાશ ડાન્સના એક પ્રૅક્ટિસ સેશન દરમ્યાન એક મહિલાને કિસ કરતો જોવા મળ્યો હતો. જોકે આ બધા દાવા સાથે કોઈ પુષ્ટિ નથી મળી. ■

# હેડ-કોચ માર્ગદર્શન આપી શકે, રન તો ખેલાડીઓએ જ કરવાના હોયને!: રૈના

## ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર આવ્યો હેડ-કોચ ગૌતમ ગંભીરની વહારે


ધ્રુવ જુરેલ સાથે હેડ કોચ ગૌતમ ગંભીર

નવી દિલ્હીઃ ટીમ ઇન્ડિયા ઘરઆંગણે છેલ્લી ત્રણ ટેસ્ટ-સિરીઝમાં પ્રવાસી ટીમના હાથે થનારા બીજા વાઇટવૉશની નામોશીની દિશામાં જઈ રહી છે ત્યારે ટીમની આ હાલત બદલ હેડ-કોચ ગૌતમ ગંભીરની ખૂબ ટીકા થઈ રહી છે, પરંતુ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ ગંભીરના બચાવમાં નિવેદનો આપ્યાં છે.

એક વર્ષ પહેલાં હોમ-ગ્રાઉન્ડ પર ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો ૦-૩થી વાઇટવૉશ થયો હતો. ત્યાર બાદ વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણી ભારતે ૨-૦થી જીતી લીધી હતી, પણ હવે સાઉથ આફ્રિકા સામે ૦-૨ના વાઇટવૉશની સંભાવના છે.

રૈનાએ પીટીઆઇ વીડિયૉઝને જણાવ્યું, ' ટીમ ઇન્ડિયાના હાલના ખરાબ પર્ફોર્મન્સ બદલ સપોર્ટ સ્ટાફ પર દોષનો ટોપલો ન ઢોળાય, કારણકે મૅચનાં પરિણામોની જવાબદારી ખેલાડીઓએ ઉપાડવી જોઈએ. ગોઉટી ભૈયા (ગૌતમ ગંભીર)એ ટીમના પર્ફોર્મન્સ માટે ઘણી મહેનત કરી છે અને તેમનો કોઈ જ દોષ નથી. ખેલાડીઓએ વધુ મહેનત કરીને સારું રમવું જોઈએ. ગંભીરના કોચિંગમાં ટીમ ઇન્ડિયા વાઇટ-બૉલ ક્રિકેટમાં સારું રમી જ રહી છે જેમાં આપણે તાજેતરમાં વન-ડેની આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રૉફી જીતી લીધી હતી અને ત્યાર પછી ટી-૨૦નો એશિયા કપ પણ જીતી લીધો હતો.'

રૈનાએ દિલ્હીમાં એક સ્પોર્ટ્સ ઇવેન્ટ દરમ્યાન ગંભીરની તરફેણમાં વધુમાં કહ્યું, ' કોચ માત્ર માર્ગદર્શન આપી શકે, સલાહ આપી શકે અને સપોર્ટ આપી શકે. રન તો ખેલાડીઓએ જ કરવાના હોય. જો ખેલાડીઓને કોઈ સમસ્યા નડતી હોય તો એ વિશે તેમણે કોચ સાથે ચર્ચા કરવી જોઈએ. જો ખેલાડીઓ સારું રમે તો કોચની પણ વાહ-વાહ થતી હોય છે, પણ જો ટીમ સારું પર્ફોર્મ ન કરે તો કોચની હકાલપટ્ટી કરી દેવા સુધીની વાતો થવા લાગે છે. આવું ન હોવું જોઈએ. હું ગૌતમ ભૈયા સાથે રમ્યો છું. તેને ક્રિકેટ બેહદ પ્રિય છે અને ભારતીય ક્રિકેટ ટીમ પણ હંમેશાં તેમના દિલમાં વસે છે. ગૌતમ ભૈયા સાથે હું વર્લ્ડ કપ જીતી ચૂક્યો છું. કોચ તરીકે તેઓ બહુ સારું કરી રહ્યા છે એટલે ટીમના પરાજય માટે ખેલાડીઓએ જવાબદારી ઉપાડી લેવાની જરૂર છે.' ■

# ઈટલીની હૅટ-ટ્રિક, સતત ત્રીજી વખત જીત્યો ડેવિસ કપ

બોલોગ્ના (ઇટાલી): ઈટલીના યાનિક સિનરની ગેરહાજરી છતાં ઇટલીએ સ્પેનને હરાવીને સતત ત્રીજી વખત ડેવિસ કપનું ટાઈટલ જીત્યું હતું અને આ રીતે ટેનિસ ટૂર્નામેન્ટમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. સિનરની ગેરહાજરીમાં મૈટિયો બેરેટિની અને ફ્લેવિયો કોબોલી ઇટાલી માટે સ્ટાર રહ્યા હતા. બંનેએ પોતાના સિંગલ્સ મેચ જીતીને ઇટલીને ફાઇનલમાં સ્પેન પર ૨-૦થી અજેય લીડ અપાવી હતી. આ ઇટલીનું સતત ત્રીજું ડેવિસ કપ ટાઇટલ છે અને એકંદરે ચોથું છે. સતત ત્રણ ટાઇટલ જીતનાર છેલ્લો દેશ અમેરિકા હતો, જેણે ૧૯૬૮ થી ૧૯૭૨ સુધી પાંચ ટાઇટલ જીત્યાં હતાં.

છેલ્લા બે વર્ષમાં ઇટલીની ડેવિસ કપ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર વિશ્વ નંબર ટૂ સિનરે આગામી સીઝનની તૈયારી માટે આ વર્ષે ડેવિસ કપમાં ભાગ લીધો ન હતો. વધુમાં ઇટલીનો વિશ્વ નંબર ૮ લોરેન્ઝો મુસેટ્ટી પણ રમી રહ્યો ન હતો. ઈટલીને તેમની જરૂર પડી નહોતી. આ અઠવાડિયે બોલોગ્નના સુપરટેનિસ એરેના ખાતે ઇટલીએ તેની ત્રણેય મેચ ૨-૦થી જીતી હતી. ઇટલીએ ક્વાર્ટર ફાઇનલમાં ઑસ્ટ્રિયાને અને સેમિફાઇનલમાં બેલ્જિયમને હરાવ્યું હતું.

સ્પેન પણ તેના સ્ટાર ખેલાડી અને વિશ્વના નંબર વન ખેલાડી કાર્લોસ અલ્કારાઝ વિના રમી રહ્યું હતું. બેરેટિનીએ ફાઇનલમાં પાબ્લો કેરેનો બુસ્ટાને ૬-૩, ૬-૪થી હરાવ્યો હતો. ત્યારબાદ કોબોલીએ જૌમે મુનારને ૧-૬, ૭-૬ (૫), ૭-૫થી હરાવીને ઇટલીનો વિજય સુનિશ્ચિત કર્યો હતો. ઇટલીએ પહેલી વાર ૧૯૭૬માં ડેવિસ કપ જીત્યો હતો. ત્યારબાદ તેઓએ ૨૦૨૩ અને ૨૦૨૪માં મલાગામાં ટાઇટલ જીત્યું હતું. આ પહેલી વાર છે જ્યારે તેઓ ઘરઆંગણે જીત્યા છે. છ વખતનું ચેમ્પિયન સ્પેન ૨૦૧૯ પછી પહેલી વાર ટાઇટલ મેચ રમી રહ્યું હતું. ■

# વિલિયમ્સનની વાપસી

વેલિંગ્ટનઃ કેન વિલિયમ્સનને આગામી મહિને વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી માટેની ન્યૂ ઝીલેન્ડની ૧૪ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. વિલિયમ્સન ઝિમ્બાબ્વેમાં ન્યૂ ઝીલેન્ડની છેલ્લી ટેસ્ટ શ્રેણી અને આ સીઝનમાં અત્યાર સુધીની મોટાભાગની મર્યાદિત ઓવરની મેચો ચૂકી ગયો છે. વિલિયમ્સનનો ન્યૂ ઝીલેન્ડ ક્રિકેટ સાથે કરાર છે, જેના કારણે તે વિદેશી લીગમાં રમી શકે છે, જ્યારે ઉપલબ્ધ હોય ત્યારે ન્યૂ ઝીલેન્ડ માટે પણ રમી શકે છે. ■

# એમસીએફ અંડર આર્મ વિન્ટર બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ

મુંબઈઃ બોરીવલી (વેસ્ટ)માં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં યોજાયેલી એમસીએફ અંડર આર્મ વિન્ટર બૉક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં અબૉવ-૫૫ કેટેગરીમાં વિજેતા ટીમ નીતિન ૧૧, રનર અપ પીયૂષ ૧૧, સેકન્ડ રનર અપ મુકુંદ ૧૧ રહી હતી. અંડર ૧૩ વર્ગમાં જશ ૧૧ વિજેતા અને રેયાન્સ ૧૧ બીજી, મહિલાઓમાં વિજેતા ધ્વનિ ૧૧, રનર અપ સપના ૧૧ રહી હતી. પુરુષોમાં પ્લેટિનમ વિનર દીવે ૧૧ ટીમ, ગોલ્ડ વિનર હિતેશ ૧૧, સિલ્વર વિનર ઉમેશ ૧૧, બ્રોન્ઝ વિનર સુમિત ૧૧ ટીમ રહી હતી. અગાઉ, પિંગ પૉંગ ટૂર્નામેન્ટ ટાઇટન્સની ટીમે જીતી હતી. બીજા ક્રમે સ્પિનયાક્સ ટીમ અને ત્રીજા સ્થાને નાને ટીમ આવી હતી. આ ઉપરાંત રિંક ફૂટબૉલ ટૂર્નામેન્ટમાં પુરુષોના વર્ગમાં સમિત સ્મેશર્સ ટીમ વિજેતા અને રાહુલ રોકર્સ બીજા ક્રમે રહી હતી, જ્યારે છોકરાઓના ગ્રૂપમાં અર્જુન એવેન્જર્સ ટીમ વિજેતા અને દિશાંત ડેવિલ્સ ટીમ બીજા ક્રમે રહી હતી. બૅડમિન્ટન પ્રીમિયર લીગ સ્પર્ધા એમબીએલ શટલર્સની ટીમે જીતી હતી. પેરેડાઇઝ વૉરિયર્સ ટીમ બીજા ક્રમે અને સાઈ શટલર્સની ટીમ ત્રીજા ક્રમે આવી હતી. ■



## ૯. લગ્ન સંબંધી

■ વૈષ્ણવ ગવર્મેન્ટ ફેમિલી પ્રોબ્લેમ વિધવાઓ 1992, 1983, 1975, 1967, 1956 - 9998126219. (દહેજ નહીં). (૪૯૪/એ)

**યુવક**

**1982, 5'-6", વેલસેટલ્ડ, એકાઉન્ટન્ટ માટે ગૃહકુશળ કુંવારી ડાયવોર્સી યુવતી આવકાર્ય - 8329239132. (દહેજ નહીં). (૪૯૫/બી)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

લગ્નપ્રસંગના બોરીવલી / કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૪૬૮-એ)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૭૩૭)

**■ આખા મુંબઈમાં હોમ સર્વિસ લેડીઝ બ્રાઈડલ મેકઅપ. સાઈડર, સાડી ડ્રેપિંગ, હેર સ્ટાઈલ, ફેશિયલ. પ્રિયંકા મેકઓવર: 7304037706. (૪૯૭/એ)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વિમિંગ પૂલ. Cham House: 9820065681. (૫૦૧-સી)

## ૧૪. નોકરી ખાલી છે

**પેશંટની દેખરેખ**

રાખવા 8, 12, 24 કલાક માટે અનુભવી વોર્ડબોય, આયાબાઈ, નર્સ (મેલ/ફીમેલ) મળશે. (મુંબઈ- ગુજરાતમાં) સંપર્ક: 8655191176. (૪૮૦-એ)

**ઓપોરચ્યુનિટી**

**સરકારમાન્ય કંપનીમાં નિવૃત્તો/ અધિકારીઓ/શિક્ષકો/ગૃહિણીઓ તાત્કાલિક જોઈએ. 75068 01607. (એસડીબી-૨૯૩૮)**

■ બેરોજગાર મહિલાઓ, પુરુષો, ઘરેબેઠા દવા પેકિંગ કરીને સારી માસિક 15000-20000 આવક કમાઓ. સંપર્ક/વોટ્સએપ: 9288557279. (બી-૧૬૭૪૩)

**''તક''**

''નિવૃત્ત ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ / ફુલટાઈમ કામ''. ''તાલીમ ઉપલબ્ધ''. ''ઓફિસ સપોર્ટ મળશે.'' ''કોઈ રોકાણ નહીં.'' સંપર્ક:- 9930796685. (૪૫૨-સી)

REQUIRE OPP. CST - 1) Accountant, 2) Assistant Accounts - knowledge of Tally Prime / ERP 9, GST, TDS, TCS, No Age Bar. Dhansukh - 9653332155, Email: oml@orbitgroup.in (B-16751)

**REQUIRE**

for a Trust Hospital in Mumbai on Western Suburbs having operations in Mumbai and Gujarat

**SR. ACCOUNTANT**

10 years experience in finalization of Accounts and Tally. Knowledge of Gujarati (Writing and Reading) Knowledge and experience in taxation and statutory matters.

Email: **hr@arogyanidhihospital.com**
Write your present CTC in subject line

(B-16781)

**WANTED**

B.Sc Chemistry and 12th Pass Candidates and Peon for Lab in Borivali Contact 9821322833 / 9870550891. (474-D)

**"VARDHMAN SEVA CHARITABLE FOUNDATION"**

**Require Dentist from 6 pm to 9 pm, Lab Technician, Dental Assistant, Office Staff, Marketing Executives. : 9773999855 / 9867995060. (465-A)**


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૫. નોકરી જોઈએ છે

**WANTED JOB**

**Retainership Consultant for Regulatory Compliance in Environment and Industry Available Chemical Engineer + M.Tech (Environment) IIT Powai Bombay Experienced 40 Years. 9869440138. (SDB-2964)**

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા વેસ્ટ**

અર્જન્ટ 1150 કાર્પેટ 3 બેડ વેચાણથી ગાર્ડન ફેસિંગ સ્ટેશન નજીક દેરાસર નવી બિલ્ડિંગ 2 બેડ ભાડેથી અમિત - 7045622403. (બી-૧૬૭૫૮)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**4 બેડરૂમ, હોલ, કિચન - 1250' કારપેટ, સ્પેશ્યસ રૂમ સાઈઝ, સુંદર વ્યું, એમેનીટીઝ સાથે, 3.65 CR, ૧ કાર પાર્કિંગ. HOMEALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૪૮૭-સી)**

**ઈર્લા**

KLS હોસ્પિટલ સામે અને ઈર્લા દેરાસર નજીક એમિનિટીઝવાળા ટાવરમાં 3- બેડરૂમ 890' હાયર ફ્લોર, વેસ્ટ ઓપન, હવા ઉજાસવાળા ફ્લેટો, 10' ઈન્ટરનલ હાઈટ સાથે રિઝનેબલ ભાવમાં લેવા સંપર્ક નવકાર રીયલ એસ્ટેટ- 9819117722/ 9082631731. (જેપી/૪૫૩૨-એ)

**વિલેપાર્લામાં-સાંતાક્રુઝમાં**

તૈયાર/બંધાતામાં ફ્લેટો-દુકાનો-ઓફિસો લેવાં/ વેચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૬૭૭૪)

**ઘાટકોપર વેસ્ટ**

વેચાણથી 1 બેડરૂમ હોલ કિચન, 560', વેલ મેન્ટેન્ડ સોસાયટી/ફ્લેટ, લિફ્ટ પાર્કિંગ, પાઈપ ગેસ, 24 કલાક પાણી. મેટ્રો, રેલવે, દેરાસર, ઉપાશ્રય, નામાંકીત બેન્કોથી 2-3 મિનિટના અંતરે, સંપર્ક :- 9322354176. (૪૮૪-એ)

**વિલે-પાર્લે ઈસ્ટના**

પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટ ફુલ્લી ફર્નિશ્ડ 3 માસ્ટર બેડરૂમ, હોલ, કિચન બે પાર્કિંગ સાથે રજિસ્ટર સોસાયટી 1180' કારપેટ 4,25,00,000/- સંપર્ક: 9819201737/ 9819201737/ 9820550033. (૪૨૩-એ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી / વેચાણથી લેવા / વેચવા ''પંકજ નરેન્દ્ર વોરા'' 9321103249. (૪૩૧-સી)

**ખાર (વેસ્ટ)**

મધુપાર્કની બાજુમાં ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૭૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦', (બધા જ ફ્લેટો કારપેટ એરીયામાં), ઓ.સી. સાથે, એરકંડિશન્ડ લોબી, જીમ, સર્વન્ટ ટોઈલેટ, પ્રોપર પાર્કિંગ સાથે વેચવાના. ફોનઃ- 9820156133. (બી-૧૬૭૦૫)

**પાર્લા (વેસ્ટ)**

એક બેડરૂમ હોલ કિચન ૫૬૦ કારપેટ બીજે માળે હવા ઉજાસવાળો જૂના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે એન્જિનિરિંગ સાયંસ આર્ટસ અને કોમર્સ કોલેજ મેટ્રો તથા કૂપર હોસ્પિટલની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા સ્ટોર્સની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્ક: ૯૮૨૦૦૨૮૩૪૭. (૩૨૦)

**તારદેવ**

2 બેડરૂમ - 752' કાર્પેટ - પાર્કિંગ - 4,0000000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-એ)

**પ્રાર્થનાસમાજ**

1 બેડરૂમ - 500' જુનુંભાડુ 1,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-બી)

**નાનાચોક**

3 બેડરૂમ - 1500' કાર્પેટ - પાર્કિંગ - 10,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-સી)

**ગામદેવી**

2 બેડરૂમ - 789' કાર્પેટ - પાર્કિંગ - 4,0000000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-ડી)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન / દેરાસર નજીક 4 બેડરૂમના ફ્લેટો રેડીમાં 32,500/- થી વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૬૩)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/મેટ્રોથી નજીક રેડીમાં 2 બેડરૂમના ફ્લેટો વ્યાજબી ભાવે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૬૨)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ''યશોધન'' (4.25 કરોડ), 2 BHK ''ગ્રીનકોર્ટ'' (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસન્સથી ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૪૯૨/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વિદ્યાવિહાર (ઈસ્ટ)**

સોમૈયા કોલેજ પાસે ૨ બીએચકે, ડિપોઝીટ, ભાડેથી, કોલેજ સ્ટુડન્ટ (મેલ) માટે પસંદગી. સંપર્ક:- ''દિલીપભાઈ''- 9136621227. (૪૯૦/એ)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**

**પી. એમ. રોડ, સ્ટેશન - દેરાસર - હવેલી નજીક, પ્રાઈમ લોકેશનમાં, 2 બેડરૂમ, 750' - કાર્પેટ વેચવાનું. (હાલ ભાડાથી 74000/- આપેલો છે.) 9769605225 (એજન્ટ). (૪૯૩/એ)**

**કાંદિવલી (વેસ્ટ)**

માતૃઆશિષ બાલભારતી સ્કૂલની બાજુમાં એસવી રોડ, 22 માળના નવા ટાવરમાં, 2 બેડરૂમ 509 કારપેટ 1.45 કરોડ + 2 બેડરૂમ 653 કારપેટ 1.83 +, 3-4 બેડરૂમ 956' 2.68 કરોડ +, 20 + એમીનીટી, પોડિયમ, રુફટોપ ગાર્ડન, Marketed by M. G. Realtors - 9820 964062 Radha Estate Agency - 98210 34272. (જેપી/૪૫૩૨-બી)

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ નવા ટાવરમાં ફુલી ફરનીશ, એમજી રોડ અચીજા હોટલ પાસે, 1.09 કરોડમાં મળશે સંજીવ 9821925693. (જેપી/૪૫૩૩-બી)

**કાંદિવલી (વેસ્ટ)**

3 બેડરૂમ 2 બેડરૂમના ભાવે ફુલ્લી ફરનીશ, 2 સ્ટીલ પાર્કિંગ સાથે, 2.14 કરોડ દહાણુકરવાડી મેટ્રો સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (જેપી/૪૫૩૩-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

**ન્યુ સાંઈબાબા નગર, દેવનગર, દેરાસર, પવાર સ્કૂલ પાસે 3 બેડરૂમ 1050' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેસ્ટ ઓપન, પાર્કિંગ, ઈલેક્ટ્રોનિક વસ્તુ સાથે વેંચાણથી (4.11 CR.) તેમજ 2 બેડરૂમ 750' કાર્પેટ (ઈસ્ટ ઓપન) (2.61 CR.) જોડી તેમજ અલગથી શક્ય. સંપર્ક ઓનર - 9820513738. (દલાલ માફ.) (૪૯૫/સી)**

**લીવલાયસંસથી જુહુ તારા રોડ**

**2 બેડરૂમ હોલ કીચન, વીથ ટેરેસ. સી પ્રિન્સેસ હોટલની બાજુમાં, સ્પેશીયસ, પાર્કિંગ, બિલ્ડિંગથી દરિયામાં જવાનો રસ્તો, રેડી પઝેશન (ભાડું 1,75,000/-) ''આશર એસ્ટેટ'' - 98200 10600/ 98214 14242. (૪૯૫/એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ -૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા. 9324339343. (૪૮૯/બી)**

**ઘાટકોપર (ઈસ્ટ) ભાડેથી**

**રાજાવાડી, નિલકંઠ બિલ્ડિંગ, કન્વર્ટેડ 3 બેડરૂમ, હોલ, કિચન, સેમી ફર્નીશ્ડ બીજે માળે, લીફ્ટ નથી. 9820803236, 9967040256. (૪૮૯/ડી)**

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૬૬)

**વાલકેશ્વર ભાડેથી**

ત્રણ બેડરૂમ (કન્વર્ટેડ બે બેડરૂમ) (૧૩૦૦ કાર્પેટ) (ફર્નિશ્ડ) (ત્રણ પાર્કિંગ) ૨૭૫૦૦૦ ભાડું (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૬૭)

**નેપીયંસી**

ત્રણ બેડરૂમ (૨૮૦૦ કાર્પેટ) (બે પાર્કિંગ) ૩૪ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૬૮)

**તારદેવ**

બે બેડરૂમ (૯૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નિશ્ડ) (પાર્કિંગ) ૫૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૬૯).

**PAREL SEWRI BIGGEST**

**New Launches Builder from Bangalore and Dubai now in Mumbai 2, 3 Bed 3.75 and 5.75 cr++ Atal Setu views Plethora of Amenities Pre Register for Group Bookings and Bulk Discount + 91 9819082468. (B-16742)**

**GHATKOPAR (EAST)**

**Neelkanth Valley - 2 BHK, 866 Sq. Ft. Open Parking, Higher Floor Facing Swimming Pool and Jogging Track. (Vastu Compliant). 9820501290. (SDB-2952)**

**GHATKOPAR (EAST)**

Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (489/A)

AHMEDABAD BUNGALOW for sale, Maninagar, Bhairavnath road 4000 ft 7 bedrooms hall, 3 kitchens, Parking, Main road, 3 crores. Ashok : 9426330098. (B-16753)

3 BHK (960 CARPET) + 600 Carpet Terrace, All Master Bedroom & Common W.C., 2 Parking Near Jain Mandir, Jawahar Nagar, Goregoan West. Price All in 4.11 Cr Agarwal Estate Consultants 9820232273. (B-16778)

## ૧૭. જગ્યા આપવી છે

**CHEMBUR**

Sion Sindhi Colony Rowhouse 680 Sq. Ft. for Sale. Clear Title. Chembur E Semi Furnished New Flat on Rent @50000/ Call Agent 9082644474. (B-16779)

**RUPAREL NOVA PAREL**

1 BHK Compact 400' for Rent 55000 Negotiable. 32 Floor, Ready Possession, Electric Fan, LED Light. Video on Request. Owner 9920655056 / 9821036552. (496/A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**JUHU SCHEME**

ભાડેથી રિટેલ શોપ 240' કાર્પેટ વૈશાલી શોપિંગ સેન્ટરમાં આપવાની છે. યશ મહેતા - 9833766747/ 9821059304. (૫૦૨/એ)

**VILEPARLE (WEST)**

ભાડેથી રિટેલ શોપ 650' કાર્પેટ ઝવેરી બિલ્ડિંગમાં આપવાની છે. યશ મહેતા - 9833766747/ 9821059304. (૫૦૨/સી)

**મસ્જિદ બંદર**

કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા- વેચવા/ ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૪૫૭-ઈ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી/ ભાડેથી. કોમર્શીયલ ઓફિસો 202', 225', OC સાથે, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૪૭૨-સી)

**ગોડાઉન તુરંત જોઈએ છે**

શીવરી, કોટનગ્રીન, રે રોડ, લોખંડ બઝાર, દાણાબંદર, પીડિમેલો રોડ એરિયા 3000 થી 5000, લોરીટચ, ભાડે (લીવલાયસન્સ) રેડી કબ્જો તુરંત મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૨૯૬૧)

**કીંગ્સ સર્કલ**

**ષનમુખાનંદ હોલની બાજુમાં, રેલવે સ્ટેશન પાસે, "ALTEZZA" ૭મા માળે, ૩૬૩ સ્કવેઅર ફીટ, હવાઉજાસ, ઓફિસ ભાડેથી. જતિન શાહ : ૯૮૩૩૫૯૮૯૮૮. (બી-૧૬૭૮૦)**

**અંધેરી ઈસ્ટ**

દુકાન ભાડે 300 - 600, અંધેરી વેસ્ટ ૧૦૦૦ ઓફિસ ભાડે ૨૬૦૦ની ૨ ઓફિસ વેચાણથી. પાર્લા વેસ્ટ ૨૭૦ની ઓફિસ વેચાણથી, ૪ બેડરૂમ વેચાણથી. જીતેન્દ્ર શાહ - 9820613128. (એસડીબી-૨૯૬૫)

**GOREGAON (WEST)**

Ready Possession Office, Goregaon West 1250, 3300, 4700 sq.ft. Furnished, 5-Car park, Glass Elevator; 6 Lifts, Sale@35000/sq.ft, L&L@225/ sq.ft. Milan Kamdar 9820017603. (KP-2531-A)

**NARIMAN POINT,**

**Kala Ghoda, Fort Require office for Rent and Outright 200 to 2000 sq. ft. Call Megh Prakash Shah 9870032042. (B-16760)**

**INDRAPRASTHA COMMERCIAL**

LBS Marg, Vikhroli (West)- Prime Office Space for Sale. 1175 sqft (Carpet), Second Floor, 12 feet height, Next to big IT Park and Metro Station, Railway Station 7 minutes walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact- "Vijaybhai 9892045478 (Brokers Welcome). (B-16762)

## ૨૩. મનોરંજન

**વિનોદ શાહ**

ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો માતૃપિતૃ વંદના- પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટ સ્કીન સાથે) કરાવવાં 9821540500. (બી-૧૬૭૭૩)

**હાસ્ય ધમાકા**

**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૪૧૦-એ)**

**બજેટ મુજબ**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી, પ્રાર્થના. કમલેશ માંડલિયા:- 9820889938. (૪૭૪-એ)

## ૨૩. મનોરંજન

**NATAK-MUSICAL-**

Picture-Social 16 Groups : Sunday Mumbai-Parla-Malad-Borivali. 9324213190. (485-A)

## ૩૧. નાણાંકીય

**LOAN**

No Service Charges from our side for Loan Against Property (Residential / Commercial) or Unsecured Business Loans. Compare Loan Eligibility, ROI & Tenure across 19+ Banks. With 28+ Years of Experience and partnership with a Corporate DSA having PAN India Services available in Mumbai & Pune. Contact: Harish Shah - 9226511191 (T & C apply). (478-C)

## ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટસ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9619833392. (એસડીબી-૨૯૫૮)

**સર્ચ રીપોર્ટ**
**ઓલ્ડ એગ્રીમેન્ટ**
**ઓલ્ડ OC પ્લાન્સ**
**એરીયા સર્ટીફિકેટ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૬૭૫૧)

■ નો GST, LIC અને મેડિક્લેમ પોલીસી ફેમેલી ફ્લોટર, મેડિક્લેમ પોલીસી 0 થી 75 અને 10 લાખ થી 1 કરોડ. નો મેડિકલ રિપોર્ટ 3 વર્ષની પોલીસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વિગત માટે સંપર્ક-- ''દિલીપભાઈ'' - 9136621227. (૪૯૦/બી)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૪૮૮-એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૪૨૮/બી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (બી-૧૬૭૦૭)

**મુશ્કેલીઓનો પહાડ કે પહાડ પર મુશ્કેલી?**

# પર્વતો પર ગરમી સરેરાશ કરતાં ૫૦ ટકા ઝડપથી વધી શકે છેઃ સંશોધન

નવી દિલ્હીઃ હિમાલય સહિત પર્વતોમાં ઊંચાઈ પર ગરમી ૧૯૫૦થી વૈશ્વિક સરેરાશ કરતા લગભગ ૫૦ ટકા વધુ ઝડપી વધી શકે છે. એક અભ્યાસમાં આ ખુલાસો થયો હતો. ગરમી વધવાના કારણે અલગ અલગ વિસ્તારોના આધારે એક અબજથી વધુ લોકો પર સંભવિત વિનાશક પરિણામો લાવી શકે છે.

નેચર રિવ્યુઝ અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટ જર્નલમાં પ્રકાશિત રિપોર્ટ પરથી જાણવા મળે છે કે વૈશ્વિક સ્તરે નીચાણવાળા વિસ્તારોની તુલનામાં પર્વતોમાં ૧૯૮૦-૨૦૨૦ દરમિયાન પ્રત્યેક સદીમાં ૦.૨૧ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમીઅને પ્રત્યેક સદીમાં ૨૫.૬ મિલીમીટર વધુ બરફ પીગળવાનો અનુમાન છે. યુકેની યુનિવર્સિટી ઓફ પોર્ટ્સમાઉથના સંશોધકોની લીડરશીપમાં સંશોધકોની એક ઈન્ટરનેશનલ ટીમે 'ઊંચાઈ પર નિર્ભર ક્લાયમેન્ટ ચેન્જ' પર નજર નાખી હતી. આ એક એવી ઘટના છે જેમાં વધુ ઊંચાઈ પર પર્યાવરણમાં ફેરફાર ઝડપી થઈ શકે છે. સંશોધક નિક પેપિને જણાવ્યું હતું કે પર્વતોની અનેક ખાસિયતો આર્કટિક પ્રદેશો જેવા જ છે અને તેમાં તેટલી જ ઝડપથી ફેરફારો થઈ રહ્યા છે, પેપિને કહ્યું હતું કે આનું કારણ એ છે કે બંને પર્યાવરણોમાં ઝડપથી બરફ પીગળી રહ્યા છે અને ઈકોસિસ્ટમમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. (એજન્સી)■

# હેટ સ્પીચઃ નવા કાયદો ઘડવાની સુપ્રીમ કૉર્ટની ના

## દેશભરના આવા અસંખ્ય બનાવો પર કેવી રીતે નજર રાખી શકાયઃ ન્યાયમૂર્તિ

નવી દિલ્હીઃ દેશમાં નફરત ફેલાવતા ભાષણોમાં વધારો થવા પર સુપ્રીમ કોર્ટે મંગળવારે સ્પષ્ટતા કરી કે તે આ મામલે નવો કાયદો ઘડશે નહીં અને દેશભરમાં બનતી દરેક નાની ઘટના પર નજર રાખશે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે દેશમાં પહેલાથી જ કાયદા, પોલીસ વ્યવસ્થા અને ઉચ્ચ અદાલતો છે જે આવી ફરિયાદોનો ઉકેલ લાવી શકે છે. તેથી અમે નવો કાયદો ઘડીશું નહીં, દરેક ઘટના પર નજર રાખવી પણ શક્ય નથી. સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી કરતી વખતે આ અવલોકન કર્યું હતું જેમાં કોઈ ચોક્કસ સમુદાયના સામાજિક અને આર્થિક બહિષ્કારના કથિત આહ્વાનનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે અમે આ અરજીની આડમાં કાયદા બનાવી રહ્યા નથી. નિશ્ચિંત રહો, અમે આ દેશના કોઈપણ નાના ભાગમાં બનતી દરેક નાની ઘટના પર કાયદો બનાવવા અથવા તેનું નિરીક્ષણ કરવા માટે તૈયાર નથી. ત્યાં ઉચ્ચ અદાલતો છે, પોલીસ સ્ટેશન છે, કાયદાકીય પગલાં છે. આ પહેલેથી જ અસ્તિત્વમાં છે.

સુપ્રીમ કોર્ટે શરૂઆતમાં અરજદારને તેની ફરિયાદ સાથે સંબંધિત હાઇકોર્ટમાં જવા કહ્યું હતું. બેન્ચે અરજદાર તરફથી હાજર રહેલા વકીલને કહ્યું હતું કે આ કોર્ટ સમગ્ર દેશમાં આવા તમામ કિસ્સાઓનું નિરીક્ષણ કેવી રીતે રાખી શકે? તમે અધિકારીઓનો સંપર્ક કરો. તેમને પગલાં લેવા દો, નહીં તો હાઇકોર્ટમાં જાવ. વકીલે કહ્યું કે તેઓએ એક પેન્ડિંગ રિટ પિટિશનમાં અરજી દાખલ કરી છે જેમાં દ્વેષપૂર્ણ ભાષણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે મેં દિશાનિર્દેશો માટે અરજી દાખલ કરી છે, જેમાં શરૂ થયેલા આર્થિક બહિષ્કારના આહવાનના કેટલાક વધારાના કિસ્સાઓ કોર્ટના સંજ્ઞાનમાં લાવવામાં આવ્યા છે. ■

# અમેરિકનો જ નોકરી મળે એવી ટ્રમ્પની નીતિઃ એચ-વનબી મુદ્દે વાઈટ હાઉસની સ્પષ્ટતા

વોશિંગ્ટનઃ એચ-વનબી વિઝા પર કડક વલણ અપનાવ્યા પછી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અચાનક પોતાનું વલણ નરમ કર્યું હતું. હવે, વાઇટ હાઉસે એચ-વનબી વિઝા પર ટ્રમ્પના વિચારો જાહેર કર્યા છે. વાઇટ હાઉસે કહ્યું હતું કે એચ-એચબી વિઝા પર ટ્રમ્પનું વલણ એકદમ સરળ છે. તેઓ અમેરિકા ફર્સ્ટમાં માને છે. વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ ઇચ્છતા નથી કે અમેરિકનો તેમની નોકરી ગુમાવે અથવા તેમને અન્ય દેશોના નાગરિકો કરતાં પ્રાથમિકતા આપવામાં આવે. અમેરિકન કામદારોને એચ-વનબી વિઝાથી રિપ્લેસ કરવામાં આવી રહ્યા હતા, જેના કારણે ટ્રમ્પે આ નિર્ણય લીધો હતો. જોકે, કેરોલિન લેવિટે કહ્યું હતું કે ટ્રમ્પનો એચ-વનબી વિઝા પર સરળ દૃષ્ટિકોણ છે. તેઓ ઇચ્છે છે કે એક વિદેશી કંપની જે અમેરિકામાં અબજો ડોલરનું રોકાણ કરે અને વિદેશી કર્મચારીઓને લાવે તે શરૂઆતમાં ઠીક છે. ટ્રમ્પ ઇચ્છે છે કે કંપની સંપૂર્ણ રીતે સ્થાપિત થયા પછી અમેરિકન કામદારોને નોકરી પર રાખવામાં આવે.અમેરિકામાં રોકાણ કરતી વિદેશી કંપનીઓને વિનંતી કરી છે કે જો તેઓ ત્યાં વ્યવસાય કરી રહ્યા હોય તો અમેરિકન કર્મચારીઓને પ્રાથમિકતા આપે. જોકે, પ્રમુખના આ નિર્ણયથી વ્યાપક ગેરસમજ ઊભી થઈ છે.લેવિટે વધુમાં જણાવ્યું હતું કે, ટેરિફ વધારવાથી લઈને અન્ય દેશો સાથે વેપાર ઘટાડવા સુધીના નિર્ણયો આનો એક ભાગ છે. આનાથી આપણા દેશને અબજો ડોલરનો ફાયદો થઈ રહ્યો છે. ઘણા અમેરિકનોને સારા પગાર પર નોકરી પર રાખી રહ્યા છે. નોંધનીય છે કે ટ્રમ્પે એચ-વનબી વિઝા ફી વધારીને ૧૦૦,૦૦૦ ડોલર (આશરે ૯૦ લાખ રૂપિયા) કરી હતી. ■

# શેકેલા ચણામાં ઝેરી કેમિકલનો ઉપયોગ, સાંસદનો સરકારને પત્ર

નવી દિલ્હીઃ શેકેલા ચણાનો રંગ વધારવા માટે ઝેરી કેમિકલનો ઉપયોગ કરવા મામલે રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી જે.પી. નડ્ડા અને ફૂડ પ્રોસેસિંગ મંત્રી ચિરાગ પાસવાનને પત્ર લખ્યો છે અને આ ગંભીર ખતરા પર તાત્કાલિક કાર્યવાહી કરવાની માગ કરી છે.

શિવસેના (યુબીટી) ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પોતાના પત્રમાં એક રિપોર્ટને ટાંકીને લખ્યું હતું કે, તાજેતરના પુરાવા પરથી જાણવા મળે છે કે 'ઓરામાઈન' એક ઈન્ડસ્ટ્રિયલ ડાઈ છે જેનો ઉપયોગ કપડા અને લેધર માટે કરવામાં આવે છે. આ કેમિકલનો ઉપયોગ શેકેલા ચણામાં ગેરકાયદે ભેળવવામાં આવી રહ્યું છે. આ માત્ર ખાદ્ય સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન નથી, પરંતુ લાખો ભારતીય નાગરિકોના સ્વાસ્થ્ય, સલામતી અને વિશ્વાસ માટે પણ ખતરો છે અને એફએસએસએઆઈના નિયમનકારી દેખરેખની નિષ્ફળતા છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ૨૦૦૬ હેઠળ ઓરામાઇન સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. ઇન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (ડબલ્યૂએચઓ) એ તેને એક સંભવિત કેન્સર પેદા કરનાર તરીકે ઓળખાવ્યું છે. આ સ્પષ્ટ જોખમો અને પ્રતિબંધો હોવા છતાં આ ભેળસેળ રોકટોક વિના ચાલી રહી છે. બજાર દેખરેખ નબળી રહી છે, નિયમિત ટેસ્ટિંગ અપૂરતું છે, એમ તેમણે જણાવ્યું છે. ■

# સૈનિકનો ધાર્મિક અહંકાર લશ્કરની શિસ્તથી પર ન હોઈ શકેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટની બેન્ચે બરતરફ કરાયેલા સૈનિકને ભારતીય લશ્કર માટે અયોગ્ય ગણાવ્યો હતો. જેણે પોતાના માણસના શિસ્ત, સંપ અને આદર પર તેના ધાર્મિક અહંકારને ભારી થવા દીધો છે. સર્વોચ્ચ અદાલતે મંગળવારે કહ્યું હતું કે સૈનિકો લશ્કરી દળની સામૂહિક લાક્ષણિકતાને બદલે તેના ધાર્મિક અથઘટનને પ્રાથમિકતા ન આપી શકે. સુપ્રીમ કોર્ટે ભારતીય લશ્કરના ખ્રિસ્તી અધિકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. જેણે તેના રેજિમેન્ટના 'સર્વ ધર્મ સ્થળ'ના ગર્ભગૃહમાં પ્રવેશવાની ના પાડી હતી. અધિકારીએ તેને સેવામાંથી કાઢવાના હુકમને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલા બાગચીની બનેલી બેન્ચે કહ્યું હતું કે અધિકારીનું વર્તન અપમાન અને અશિસ્ત બતાડે છે. અધિકારી સેમ્યુઅલ ૨૦૧૭માં લેફટનન્ટ તરીકે જોડાયા હતા. રેજિમેન્ટમાં શીખ, જાટ અને રાજપૂત જવાનોની ત્રણ સ્કવોડ્રોન છે. તેને સ્કવોડ્રોન બીના ગ્રૂપ લીડર બનાવામાં આવ્યા હતા. જેમાં શીખ જવાની ના પાડી હતી. કમાન્ડિંગ ઑફિસરના હુકમ અને પાદરીની સલાહ છતાં તેણે આ ઇમારતમાં જવાની ના પાડી હતી. સિનિયર એડવોકેટ ગોપાલ શંકરનારાયણે અધિકારી વતી દલીલ કરી હતી કે અધિકારીની આસ્થા એકેશ્વરવાદમાં માને છે અને ગર્ભગૃહમાં જવાની ના પાડી કારણ કે એમાં મંદિર અને ગુરુદ્વારા છે.

(એજન્સી)■

# આઈટી, ઑટો શૅરમાં વ્યાપક વેચવાલીના દબાણે સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ત્રીજા સત્રમાં પીછેહઠઃ સેન્સેક્સમાં વધુ ૩૧૩ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૭૪ પૉઈન્ટનો ઘટાડો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ખાસ કરીને આઈટી અને ઑટો શૅરમાં વેચવાલીના દબાણ ઉપરાંત ગઈકાલે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૧૭૧.૭૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સાર્વત્રિક સ્તરેથી રોકાણકારોની વેચવાલી વધતા સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૧૩.૭૦ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૪.૭૦ પૉઈન્ટનો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૮૫.૩૨ કરોડની લેવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાઓની રૂ. ૩૯૧૨.૪૭ કરોડની લેવાલી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૯૦૦.૭૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫,૦૦૮.૯૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૫,૧૧૦.૨૪ અને નીચામાં ૮૪,૫૩૬.૭૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૭ ટકા અથવા તો ૩૧૩.૭૦ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૪,૫૮૭.૦૧ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે બીએસઈ ખાસે ૪૩૩૦ શૅરમાં કામકાજ થયા હતા, જેમાં ૨૦૯૫ શૅરના ભાવ વધીને, ૨૦૭૬ શૅરના ભાવ ઘટીને અને ૧૫૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૮૨ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૨૮૪ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને નવ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી.

વધુમાં આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૯૫૯.૫૦ના બંધ સામે વધીને ૨૫,૯૯૮.૫૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૫,૮૫૭.૫૦થી ૨૬,૦૩૨.૬૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા અથવા તો ૭૪.૭૦ પૉઈન્ટ ઘટીને ૨૫,૮૮૪.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૭ શૅરના ભાવ વધીને અને ૩૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા.

મંથલી એક્સપાયરીના દિવસે આજે સ્થાનિક બજારમાં ખાસ કરીને રૂપિયાની નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીને કારણે ભારે ચંચળતા જોવા મળી હતી. અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકશે કે નહીં તેની અવઢવ અને અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં પ્રગતિ થઈ રહી હોવાના સંકેત છતાં ડીલની સ્પષ્ટતાના અભાવને કારણે રોકાણકારો સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યા હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

સેન્સેક્સ હેઠળના કુલ ૩૦ શૅર પૈકી માત્ર સાત શૅરના ભાવ સુધારા સાથે બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૧.૫૭ ટકાનો સુધારો ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૧.૩૩ ટકાનો, ટાટા સ્ટીલમાં ૦.૬૪ ટકાનો, ઈટર્નલમાં ૦.૫૩ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૪૬ ટકાનો, રિલાયન્સમાં ૦.૨૨ ટકાનો અને ટૅક મહિન્દ્રામાં ૦.૦૩ ટકાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સમાં ૧.૬૨ ટકાનો, ટ્રેન્ટમાં ૧.૫૯ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૨૫ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૦.૯૯ ટકાનો, એચડીએફસીમાં ૦.૯૨ ટકાનો અને એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૮૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૧૯ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાનો સુધારો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૫ ટકાનો, બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૬૪ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૫૩ ટકાનો, ટેક ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૦.૩૨ ટકાનો, ઑટો ઈન્ડેક્સ તથા યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૨૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે રિઅલ્ટી, હૅલ્થકૅર, ટેલિકોમ્યુનિકેશનસ કેપિટલ ગૂડ્સ અને મેટલ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

દરમિયાન આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યાના તેમ જ યુરોપની બજારોમાં મધ્યસત્ર દરમિયાન મિશ્ર વલણ જોવા મળ્યું હોવાના અહેવાલ હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૬૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૨.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો છ પૈસા ઘટીને ૮૯.૨૨ના મથાળે બંધ રહ્યો હતો.

## અમેરિકાનાં આર્થિક ડેટાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચેથી પાછું ફર્યું

# સ્થાનિક સોનામાં ₹ ૧૮૧૧નો ચાંદીમાં ₹ ૨૬૭૦નો ચમકારો

મુંબઈઃ ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનાના ભાવ વધીને ગત ૧૪ નવેમ્બર પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે અમેરિકાનાં સપ્ટેમ્બર મહિનાના આર્થિક ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૦૪થી ૧૮૧૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬૭૦નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ગઈકાલના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૬૭૦ના ચમકારા સાથે રૂ. ૧,૫૬,૩૨૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ હતો અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી. તેમ જ જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે સોનામાં પણ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૦૪ વધીને રૂ. ૧,૨૪,૬૧૮ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૧૧ વધીને રૂ. ૧,૨૫,૧૧૯ના મથાળે રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ વધ્યા મથાળેથી ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૩૦.૫૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૪૧૨૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૧.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલના તબક્કે ડૉલર ઈન્ડેક્સ છ મહિનાની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી આયાત પડતર વધવાને કારણે સોનામાં માગ રૂંધાઈ રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં આગામી કપાત ક્યારે કરશે તેની આકારણી રોકાણકારો કરી રહ્યા છે. વધુમાં અમેરિકી શટડાઉનને કારણે આર્થિક ડેટાની જાહેરાત વિલંબથી થઈ રહી હોવાથી બજારમાં ચંચળતા વધી રહી હોવાનું વિસ્ડમ ટ્રીના વિશ્લેષક નિતેશ શાહે જણાવતાં ઉમેર્યું હતું કે આજે પણ સોનામાં ઝડપી ઉછાળા પશ્ચાત્ પૂલબેક જોવા મળ્યું છે.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહેતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ પ્રબળ રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ.૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૬થી ૩૯૫૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૬૦થી ૪૦૮૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે જોવા મળેલા નરમાઈતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૧૭૧.૭૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો આવ્યો હોવાથી ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો ૧૪ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે રૂપિયો છ પૈસાની નરમાઈ સાથે ૮૯.૨૨ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૧૬ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૮૯.૦૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૨૭ અને ઉપરમાં ૮૯.૦૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસા ઘટીને ૮૯.૨૨ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે રૂપિયામાં ૯૮ પૈસાનો કડાકો બોલાઈ ગયા બાદ ગઈકાલે ૫૦ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સત્રના આરંભે સુધારાતરફી વલણ રહેવાની સાથે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ ભાવઘટાડો આગળ ધપ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ ત્યાર બાદ ઈક્વિટી માર્કેટમાં પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહી હોવાના અહેવાલે રૂપિયામાં પીછેહઠ જોવા મળી હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ દ્વારા આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકશે કે કેમ તેની અવઢવ વચ્ચે રૂપિયામાં ચંચળતાનું વલણ જળવાઈ રહેતાં રૂપિયો ૮૯થી ૮૯.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા ઘટીને ૧૦૦.૦૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૦૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧૩.૭૦ પૉઈન્ટનો અને ૭૪.૭૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ટીન, નિકલ અને કોપર સહિતની ધાતુમાં જળવાતી આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જના પ્રોત્સાહક અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ખાસ કરીને ટીન, નિકલ અને કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત અન્ય ધાતુઓમાં પણ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૩૦ની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કામકાજો નિરસ રહેતાં ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ પ્રબળ રહેતાં જે ધાતુઓના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો તેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૦ વધીને રૂ. ૩૪૨૭, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૨૫, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૦૪૦ અને કોપર કેબલ સ્ક્રેપ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૪૮ અને રૂ. ૫૯૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સુધારો આગળ ધપ્યો હતો તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૭૫, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૧૩, રૂ. ૮૫૮ અને રૂ. ૬૫૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૯૩૪ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૩૧૨ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ અને કામકાજો પાંખાં રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૧૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# ગુજરાતનાં મથકો પાછળ સિંગતેલમાં વધુ ₹ ૨૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક ઉપરાંત દેશાવરોની અને સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૮૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ની આગેકૂચ જળવાઈ રહી હોવાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં વધુ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો. જોકે, મથકો પાછળ સરસવ તેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને કપાસિયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૫ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં આઠ સેન્ટનો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો જળવાઈ રહેતાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૪૭, એડીએમ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને રિલાયન્સ કન્ઝ્યુમર પ્રા. લિ.નાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ મથકે મગફળીની નવી કોઈ આવકો નહોતી, પરંતુ ગઈકાલની શેષ અનુક્રમે એક લાખ ગૂણી અને પંચાવન હજાર ગૂણીના વેપાર બન્ને મથકે મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૪૦૦ના મથાળે થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૮૦ વધીને રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૫૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
નં. E. E. મીકે./EI/૫૩૫૩/ મેઈન્ટ. તા. ૨૧.૧૧.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૨૪૯૨૪૫_૧ | મ્યુનિસિપલ વર્કશોપ ખાતે સ્ટોર સેક્શન માટે વિવિધ આવશ્યક મટેરિયલની જોગવાઈ |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે BMC વેબસાઈટ http://portal.mcgm.gov.in ની મુલાકાત લો.

સહી/-
E.E. Mech. (EI) મેઈન્ટ.

PRO/2371/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડીપા.: જલ અભિયંતા વિભાગ
ક્ર. કાર્ય. અભિ. (પરિ.) જ. મા. કા./૫૩૧૮/તા. ૨૫/૧૧/૨૫

ઈ-ટેન્ડર નોટીસ

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા નીચે આપેલ વિગતના કામ માટે ઈચ્છુક ટેન્ડરરો પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગતો અને વેચાણ તારીખ તથા સમય, ટેન્ડર વેચાણ નિયત તારીખ અને સમય વિગતવાર બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાની વેબસાઈટ એટલે કે http://portal.mcgm.gov.in ઉપર અને મહાટેન્ડર સંકેતસ્થળ એટલે કે http://mahatenders.gov.in ટેન્ડર અવલોકન હેઠળ પ્રસિદ્ધ/ અપલોડ કરવામાં આવેલ છે.

| અ. ક્ર. | ટેન્ડર ક્રમાંક | ટેન્ડરનો વિષય |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_એમસીજીએમ_૧૨૫૦૫૨૦ | સહા. અભિયંતા (પરિ.) જલ કામ શહેર હેઠળ આપાતકાલીન જલ વાહિની પરિક્ષણના કામ માટે વર્કશોપ સેવા પૂરી પાડવી. (ટેન્ડર જારી તા. ૨૬.૧૧.૨૦૨૫) |

ઈચ્છુક ટેન્ડરરોએ વિગતવાર માહિતી માટે મહાટેન્ડર સંકેત સ્થળ પર એટલે કે http://mahatenders.gov.in અને બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાની વેબસાઈટ એટલે કે http://portal.mcgm.gov.in પર મુલાકાત લેવી.

સહી/-
કાર્ય. અભિ. (પરિ.)જ. મા. કા.

PRO/2389/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન

ઈ-ટેન્ડર નોટિસ

નંબર LTH/૨૮૨/R તા. ૨૪.૧૧.૨૦૨૫ના

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ઈ-પ્રોક્યોરમેન્ટ સેક્શન હેઠળ મહાટેન્ડર્સ પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોઝીટ (બારડી) રૂ. | ઈ-ટેન્ડર ફી રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L.T.M.G. હોસ્પિટલ ખાતે સીલીંગ મશીનનું રીપેરીંગ અને સર્વીસીંગ અને અન્ય આવશ્યક કામોનો [બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૫૧૦૮૨_૧] | ૧૯,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૬/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૨ | L.T.M.G. હોસ્પિટલમાં ફાર્માકોલોજી વિભાગ ખાતે અલ્ટ્રા લૉ ટેમ્પરેચર ડીપ ફ્રીઝરનું SITC & અન્ય કામો. [બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૫૧૦૮૪_૧] | ૨૦,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૬/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૩ | L.T.M.G. હોસ્પિટલમાં CMC સાથે ગાયનેક OT ખાતે મોબાઈલ OT લાઈટ અને ડબલ ડોમ સીલીંગ OT લાઈટની જોગવાઈ અને ફીક્ષીંગ તથા અન્ય સંલગ્ન કામ [બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૫૧૦૮૫_૧] | ૨૫,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૬/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૪ | L.T.M.G. હોસ્પિટલ ખાતે CCTV રૂમમાં કોમ્યુનિકેશન સર્વરનું કામ તથા સંલગ્ન કામ [બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૫૧૦૮૬_૧] | ૧૭,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૬/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |

BMCમાં નોંધાયેલ લોકો સહિત તમામ બિડરોએ સ્ટેન્ડિંગ ડિપોઝિટ ચૂકવી દીધી છે, તેમણે બૃહદ્ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનને બારડી ચૂકવવાની જરૂર છે. ટેન્ડરરે બિડ ઓનલાઇન સુપ્રત કરવાની સાથે મહા ટેન્ડર પોર્ટલ દ્વારા નિર્દિષ્ટ રકમની બારડી ચૂકવવી પડશે.

ઇ-ટેન્ડર બિડર્સે નોંધ લેવી જોઇએ કે, આ ઇ-ટેન્ડર નોટીસ અંગે જારી કરાયેલ કોઇપણ સુધારા BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારમાં કોઇ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

નોંધઃ a) ઉપરોક્ત ટેન્ડર માટે પાત્રતા માપદંડો અપલોડ કરાયેલ ઇ-ટેન્ડર સૂચનામાંથી મ્યુનિસિપલ વેબસાઇટ પર http://www.mcgm.gov.in & https://mahatenders.gov.in સંદર્ભ લો.

b) બિડરે પૂર્વ-લાયકાતની શેડયૂલમાં ઉલ્લેખિત માહિતી સંબંધિત દસ્તાવેજી પૂરાવા અપલોડ કરવાના રહેશે. BMC કોઇપણ કારણ આપ્યા વિના ઉપરોકત કામો માટે મળેલ કોઇપણ અરજી સ્વીકારવાનો અને કોઇપણ તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરના આદેશથી.

સહી/-
ડીન
L.T. M. G. હોસ્પિટલ

PRO/2378/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન

ઈ-ટેન્ડર નોટિસ

નંબર LTH/૨૮૩/R તા. ૨૪.૧૧.૨૦૨૫ના

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ઈ-પ્રોક્યોરમેન્ટ સેક્શન હેઠળ મહાટેન્ડર્સ પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોઝીટ (બારડી) રૂ. | ઈ-ટેન્ડર ફી રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L.T.M.G. હોસ્પિટલ ખાતે વિવિધ વિભાગમાં લેબ રેફ્રીજરેશનની સપ્લાય & ઈન્સ્ટોલેશન [બીડ નં. 2025_MCGM_1251091_1] | ૧૨,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૭/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૩/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૨ | L.T.M.G. હોસ્પિટલમાં બાયોકેમેસ્ટ્રી સેમિનાર હોલ ખાતે વિવિધ કામો અને એકોસ્ટીક વોલ કલેડીંગની જોગવાઈ અને ફીક્ષીંગ [બીડ નં. 2025_MCGM_1251088_1] | ૧૯,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૭/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૩/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૩ | L.T.M.G. હોસ્પિટલ ખાતે ફીઝીયોલોજી વિભાગમાં પેરીમીટરની સપ્લાય અને ઈન્સ્ટોલેશન તથા સંલગ્ન કામો [બીડ નં. 2025_MCGM_1250979_1] | ૨૮,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૭/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૩/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૪ | L.T.M.G. હોસ્પિટલ ખાતે પેથોલોજી વિભાગ ખાતે વોટર બાથનું રીપેરીંગ અને સર્વીસીંગ [બીડ નં. 2025_MCGM_1250982_1] | ૨૦,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૨૭/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૩/૧૨/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |

BMCમાં નોંધાયેલ લોકો સહિત તમામ બિડરોએ સ્ટેન્ડિંગ ડિપોઝિટ ચૂકવી દીધી છે, તેમણે બૃહદ્ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનને બારડી ચૂકવવાની જરૂર છે. ટેન્ડરરે બિડ ઓનલાઇન સુપ્રત કરવાની સાથે મહા ટેન્ડર પોર્ટલ દ્વારા નિર્દિષ્ટ રકમની બારડી ચૂકવવી પડશે.

ઇ-ટેન્ડર બિડર્સે નોંધ લેવી જોઇએ કે, આ ઇ-ટેન્ડર નોટીસ અંગે જારી કરાયેલ કોઇપણ સુધારા BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારમાં કોઇ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

નોંધઃ a) ઉપરોક્ત ટેન્ડર માટે પાત્રતા માપદંડો અપલોડ કરાયેલ ઇ-ટેન્ડર સૂચનામાંથી મ્યુનિસિપલ વેબસાઇટ પર http://www.mcgm.gov.in & https://mahatenders.gov.in સંદર્ભ લો.

b) બિડરે પૂર્વ-લાયકાતની શેડયૂલમાં ઉલ્લેખિત માહિતી સંબંધિત દસ્તાવેજી પૂરાવા અપલોડ કરવાના રહેશે. BMC કોઇપણ કારણ આપ્યા વિના ઉપરોકત કામો માટે મળેલ કોઇપણ અરજી સ્વીકારવાનો અને કોઇપણ તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરના આદેશથી.

સહી/-
ડીન
L.T. M. G. હોસ્પિટલ

PRO/2379/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# વસઈમાં ગેસ ગળતરથી ફફડાટ, એકનું મોત

## દિવાનમાન વિસ્તારમાં પાણીની ટાંકીનો વાલ્વ ક્ષતિગ્રસ્ત હોવાથી એનું સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે ગેસ ગળતર થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વસઈના દિવાનમાન વિસ્તારમાં મંગળવારે સાંજે ઝેરી ગેસ લીકેજ થયો હતો. આ ઘટનામાં કુલ ૧૯ દર્દીઓને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી એક ગુજરાતીનું મોત થયું હતું.

વસઈ વેસ્ટમાં દિવાનમાન વિસ્તાર છે. આ વિસ્તારમાં મ્યુનિસિપલ પાણીની ટાંકી છે. આ પાણીની ટાંકીમાંથી આસપાસના વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવે છે. પરંતુ, છેલ્લા કેટલાક દિવસોથી આ ટાંકીનો વાલ્વ ક્ષતિગ્રસ્ત હોવાથી પાણી લીકેજ થઈ રહ્યું છે. આ પાણી રસ્તા પર જમા થઈ રહ્યું હતું, જેના કારણે નાગરિકોને મુશ્કેલી પડી રહી હતી. તેથી, નાગરિકોની ફરિયાદોને કારણે, મ્યુનિસિપલ કર્મચારીઓએ મંગળવારે પાણીની ટાંકીના વાલ્વનું રિપેરિંગ શરૂ કર્યું હતું. જ્યાં વાલ્વનું રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યાં.

(જુઓ પાનું ૪) ▶▶

# એલ્ફિન્સ્ટન બ્રિજનું કામ: ૨૦ કલાકના બ્લોકની શક્યતા

મુંબઈ : પરેલ અને પ્રભાદેવી રેલવે સ્ટેશનો વચ્ચે આંશિક રીતે તોડી પાડવામાં આવેલા એલ્ફિન્સ્ટન બ્રિજના ગર્ડર્સને ડી-લોન્ચ કરવા માટે પરેલ ખાતે ૨૦થી ૨૩ કલાકનો બ્લોક લેવામાં આવે તેવી શક્યતા છે. સોમવારે રેલવે એન્જિનિયરોએ પરેલના છેડે આંશિક રીતે તોડી પાડવામાં આવેલા રોડ ઓવર બ્રિજના સ્થળની મુલાકાત લીધી હતી જેથી ડિમોલિશન માટે જરૂરી બ્લોકનો સમયગાળો નક્કી કરતા પહેલા કયા મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂર છે તેનું નિરીક્ષણ કરી શકાય.

ટ્રેનોને ૨૫,૦૦૦ વોલ્ટ સપ્લાય કરતા ઓવરહેડ ઇલેક્ટ્રિક કેબલના અમુક ભાગોને પુલના અંડરફ્રેમમાં

(જુઓ પાનું ૪) ▶▶

# મીરા-ભાયંદરને માર્ચ ૨૦૨૬થી પૂર્ણ ક્ષમતા સાથે પાણી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીરા-ભાંયદર શહેરના જળ પુરવઠા સંબંધિત સુર્યા ઉપલા જળયોજના (ફેઝ-ટુ)માં લાંબા સમયથી રહેલી ટેક્નિકલ અડચણ દૂર થઈ ગઈ હોવાથી માર્ચ-૨૦૨૬થી મીરા-ભાંયદર મહાનગરપાલિકાને પૂર્ણ ક્ષમતા સાથે પાણી પુરવઠો

(જુઓ પાનું ૪) ▶▶

# ૫૭ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીનો ક્વોટા કેસના ચુકાદા પર આધાર: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે મંગળવારે એવી નોંધ કરી હતી કે મહારાષ્ટ્રમાં જ્યાં ક્વોટાની પચાસ ટકા મર્યાદાનો ભંગ થયો છે તે ૫૭ (સત્તાવન) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના અંતિમ પરિણામો આ સંબંધિત કેસના ચુકાદા પર નિર્ભર રહેશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયલમ્યા બાગચીની બનેલી ખંડપીઠ દ્વારા સ્થાનિક સ્વરાજ્ય

(જુઓ પાનું ૪) ▶▶






# પાંચ વર્ષની બાળકીનું અપહરણ કરી પનવેલમાં વેચી

## મામા-મામી સહિત પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાંતાક્રુઝમાંથી અપહરણ કરાયેલી પાંચ વર્ષની બાળકીને પનવેલમાં ૧.૮૦ લાખ રૂપિયામાં વેચવામાં આવી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. પોલીસે મામા-મામી સહિત પાંચની ધરપકડ કરી બાળકીને પનવેલના એક ફ્લૅટમાંથી છોડાવી હતી. પકડાયેલા આરોપીઓની ઓળખ લૉરેન્સ ફર્નાન્ડીસ (૪૨), મંગલ જાધવ (૩૮),

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# મેટ્રો-થ્રી રૂટ પર ટેક્નિકલ ખામી

## પ્રવાસીઓ હેરાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેટ્રો-થ્રી એક્વા લાઈનમાં સવારના પીક અવર્સમાં મંગળવારે સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશન પર મેટ્રો ટ્રેન બંધ પડી ગઈ હતી. ગાડીમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાનું જણાઈ આવતા મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન (એમએમઆરસી)ના અધિકારી-કર્મચારીઓ દોડી ગયા હતા અને સમસ્યા દૂર કરીને ગાડીને આગળ લઈ ગયા હતા. જોકે પીક અવર્સના સમયમાં મેટ્રો રેલ ખોરવાઈ જતા ઓફિસે જનારા મોડા પડ્યા હતા.


કફ પરેડ-બાન્દ્રા-સીપ્ઝ-

(જુઓ પાનું ૪) ▶▶









"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**